ગુજરાતી

# બાલભારતી

## ધોરણ છઠ્ઠું



# ટેલી-માનસ હેલ્પલાઈન

## ટેલી માનસ (આંતરરાજ્ય ટેલી માનસિક સ્વાસ્થ્ય સહાય અને નેટવર્કિંગ)

**(૧૪૪૧૬/૧૮૦૦-૮૯-૧૪૪૧૬)**

કેન્દ્ર પુરસ્કૃત યોજના ટેલી માનસ રાષ્ટ્રીય માનસિક આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત ઑક્ટોબર ૨૦૨૨થી મહારાષ્ટ્ર રાજ્યમાં પણ અમલમાં મુકવામાં આવી છે. ટેલી માનસ કાર્યક્રમ અંતર્ગત સહાયતા ક્રમાંક (હેલ્પલાઈન નંબર)-૧૪૪૧૬ દ્વારા ૨૪ X ૭ નિઃશુલ્ક એકાત્મિક અને સર્વ સમાવેશક માનસિક આરોગ્ય સેવા પૂરી પાડવામાં આવે છે. જેમાં વિવિધ માનસિક સમસ્યાઓ માટે તજજ્ઞો દ્વારા ઉપચાર અને સમુપદેશન કરવામાં આવે છે. ટેલી માનસ સહાયતા ક્રમાંક પર ફોન કર્યા બાદ તમે આપેલી માહિતી સંપૂર્ણપણે ગોપનીય રાખવામાં આવે છે. જેથી વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોએ નિઃસંકોચ પોતાની સમસ્યા અને શંકા જણાવી તે વિશે માર્ગદર્શન મેળવવું. બીજા લોકોને પણ આ સુવિધા દ્વારા સહાયતા મેળવવા કહેવું. કેન્દ્ર શાસન દ્વારા શરૂ કરાયેલ ટેલી માનસ ઍપમાં ગુજરાતી ભાષામાં પણ ઉપલબ્ધ છે.

## મનોદર્પણ

**મનોદર્પણ સહાયતા ક્રમાંક (હેલ્પલાઈન) 8448440632**

શિક્ષણ મંત્રાલયના નેજા હેઠળ રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને પ્રશિક્ષણ પરિષદ દ્વારા ચાલતા મનોદર્પણ ઉપક્રમના માધ્યમે જુલાઈ ૨૦૨૦થી નિઃશુલ્ક દૂરધ્વનિ સેવા-મનોદર્પણ (૮૪૪૮૪૪૦૬૩૨) વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોને માનસ શાસ્ત્રીય માર્ગદર્શન અને સહાયતા પ્રદાન કરવા માટે અઠવાડિયાના સાતે દિવસ સવારે ૮થી સાંજે ૮ વાગ્યા દરમિયાન ઉપલબ્ધ છે. વિદ્યાર્થી, વાલી અને શિક્ષકો આવશ્યક માર્ગદર્શન અને સમુપદેશન મેળવવા માટે આ હેલ્પલાઈન પર સંપર્ક કરી શકે છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તક રાજ્ય શૈક્ષણિક સંશોધન અને પ્રશિક્ષણ પરિષદ, પુણે દ્વારા તૈયાર કરાયેલા અભ્યાસક્રમ અને પાઠ્યક્રમ અનુસાર તૈયાર કરવામાં આવ્યું છે. શાસન નિર્ણય ક્રમાંક અભ્યાસ - ૨૧૧૬/(પ્ર.ક્ર.૪૩/૧૬) એસડી - ૪ દિનાંક ૨૫-૦૪-૨૦૧૬ અન્વયે સ્થાપિત થયેલી સમન્વય સમિતિની ૧૯-૦૫-૨૦૨૬ રોજની બેઠકમાં આ પાઠ્યપુસ્તક શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી નિર્ધારિત કરવાની માન્યતા આપવામાં આવી છે.

# ગુજરાતી
# બાલભારતી
## ધોરણ છઠ્ઠું



મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે - ૪૧૧ ૦૦૪

બાજુના ચોરસમાં આપેલા Q.R. Code ને સ્માર્ટફોન વડે સ્કેન કરતા, ડિજિટલ પાઠ્યપુસ્તક તેમ જ પાઠ્યપુસ્તકના ઘટક સંબંધિત દૃશ્ય, શ્રાવ્ય અને દૃશ્યશ્રાવ્ય સ્વરૂપમાં અધ્યયન અધ્યાપન સાહિત્ય ઉપલબ્ધ થશે.

પ્રથમાવૃત્તિ : ૨૦૨૬ © મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે - ૪૧૧ ૦૦૪.

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે આ પુસ્તકના બધા હક્ક રહેશે. આ પુસ્તકનો કોઈપણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી વગર છાપી શકાશે નહિ.

**ગુજરાતી ભાષા સમિતિ :**

ડૉ. ઉષા નાયર, અધ્યક્ષ

શ્રીમતી પુષ્પા સોલંકી (સભ્ય)

શ્રીમતી ધર્મિકા દોશી (સભ્ય)

શ્રી ધીરેન દોશી (સભ્ય)

શ્રીમતી હીના પરમાર (નિમંત્રિત સભ્ય)

શ્રીમતી તન્વી પટેલ (નિમંત્રિત સભ્ય)

શ્રીમતી ઉર્મિલા પટેલ (નિમંત્રિત સભ્ય)

શ્રીમતી કેતકી જાની (સદસ્ય-સંયોજક)

**ગુણવત્તા સમીક્ષક**

ડૉ. અરવિંદ ભાંડારી ઍડવોકેટ ઝીલ ઠક્કર

શ્રીમતી પૂર્વી રાજ

**સંયોજન**

શ્રીમતી કેતકી જાની

વિશેષાધિકારી, ગુજરાતી વિભાગ તથા

કાર્યકારી વિદ્યાસચિવ (ભાષા), પાઠ્યપુસ્તક મંડળ, પુણે

મુખપૃષ્ઠ : શ્રી. ભટૂ રામદાસ બાગળે

ચિત્રકાર : કુ. ક્રીષા સંજયભાઈ પટેલ

અક્ષરગૂંથણી : મુદ્રા વિભાગ, પાઠ્યપુસ્તક મંડળ, પુણે

કાગળ : ૭૦ જી.એસ.એમ.ક્રીમવોવ્હ,

મુદ્રણાદેશ :

મુદ્રક :

નિર્મિતિ : શ્રીમતી મિતાલી શિતપ

કાર્યકારી મુખ્ય નિર્મિતિ અધિકારી

શ્રી. રાજેન્દ્ર પાંડલોસ્કર

નિર્મિતિ અધિકારી

પ્રકાશક : શ્રી. હેમંત બાબર

કાર્યકારી નિયંત્રક

પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ,

પ્રભાદેવી, મુંબઈ - ૨૫.

## પ્રસ્તાવના

બાળમિત્રો,

નવું શૈક્ષણિક વર્ષ શરૂ થઈ ગયું છે. તમારા હાથમાં આવેલ ધોરણ છઠ્ઠાનું 'બાલભારતી' ગુજરાતી ભાષાનું પાઠ્યપુસ્તક જોઈને તમને ચોક્કસ આનંદ થયો હશે.

પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ કાવ્યો તમને ચોક્કસ ગાવા ગમશે. વિવિધ ગદ્યપ્રકાર વાંચીને તમને પોતાના અનુભવો યાદ આવશે. પાઠ્યપુસ્તકમાં આપેલા પાઠ અને કાવ્યો શીખતી વખતે તમારી કલ્પનાશક્તિને વેગ મળશે. દરેક પાઠ અને કાવ્યમાં આપેલા રંગીન, આકર્ષક અને પ્રસંગ અનુરૂપ ચિત્રો તમને પાઠ્યઘટક વધુ સારી રીતે સમજવામાં મદદરૂપ થશે. પાઠ્યપુસ્તકમાં આપેલા ચિત્રો તમને ચોક્કસ ગમશે જ. આ પાઠ્યપુસ્તકનો અભ્યાસ કરતી વખતે તમારી વિચારવાની તેમ જ કૃતિ કરવાની ક્ષમતા વધુ વિકસિત થશે.

'વિચારીએ, ચર્ચા કરીએ અને કહીએ કૃતિનું મંથન, કૃતિના આધારે આપેલા વિવિધ સ્વાધ્યાય. પંક્તિ/વિધાન પર ચર્ચા સ્વાનુભવ/સ્વમત જેવી કૃતિઓ કરતા કરતા તમારામાં વિચારવાની કલ્પના કરવાની વિવિધ કૃતિઓ માણવાની રૂચિ નિર્માણ થશે. 'ચાલો ગાઈએ'માં આપેલા કાવ્યો સૂરતાલ-અભિનયસહ રજૂ કરવાનું તમને ચોક્કસ ગમશે. 'વિશેષ કૃતિ'માં આપેલી વિવિધ કૃતિઓ તથા 'ગમ્મત સાથે જ્ઞાન'માં આપેલી કૃતિઓ કરતી વખતે અવનવી ભાષિક રમતો, શબ્દ કોયડા, કૃતિઓના માધ્યમથી તમારો શબ્દભંડોળ ચોક્કસ સમૃદ્ધ થશે. પાઠ કાવ્યમાં આવેલા અપરિચિત શબ્દોનો અર્થ શોધવા માટે શબ્દકોશનો ઉપયોગ ચોક્કસ કરશો. નવા શબ્દોનો વ્યવહારમાં ઉપયોગ કરજો. 'પુસ્તકાલયની મુલાકાત' દ્વારા તમે શાળાના પુસ્તકાલય, સાર્વજનિક પુસ્તકાલય, ઇ-લાઇબ્રેરીનો ઉપયોગ કરી વિશેષ સંદર્ભ સાહિત્ય મેળવી શકશો, નવા સાહિત્યપ્રકારોનું વાંચન કરી શકશો. 'સંભાષણ'માં આપેલી કૃતિ તમારા ભાષણ કૌશલ્યને વિકસિત કરશે. 'મારી કલમે'માં આપેલી કૃતિ કરતી વખતે તમે તમારા ભાષિક જ્ઞાન, જ્ઞાત શબ્દભંડોળ, તમારી કલ્પનાશક્તિ બધાનો સુમેળ સાધી પોતાની મૌલિક અભિવ્યક્તિ કરશો.

પાઠ્યપુસ્તકમાં 'ભાષિક સમજ'માં નવા વ્યાકરણ ઘટકોનો સરળ-સહજ ભાષામાં પરિચય કરાવ્યો છે. તેનો ઉપયોગ કરીને તમે શુદ્ધ, અચૂક, પ્રભાવીપણે ગુજરાતી ભાષા બોલતા, વાચતા અને લખતા શીખશો. ઘરમાં, શાળામાં, રમતી વખતે તેમજ મિત્રો સાથે સંવાદ સાધતી વખતે અભિમાનપૂર્વક ગુજરાતી ભાષાનો ઉપયોગ કરશો.

બાળમિત્રો, આ પાઠ્યપુસ્તક સાથે મૈત્રી કેળવો. મન દઈને વાંચો, બોલો, લખો તેમ જ આનંદપૂર્વક શીખો.

તમારા શૈક્ષણિક પ્રવાસ માટે અને ગુજરાતી ભાષામાં પ્રગતિ માટે આપ સૌને હૃદયપૂર્વક શુભેચ્છા!

પુણે

દિ. ૧ મે ૨૦૨૬

ભારતીય સૌર દિનાંક :

વૈશાખ ૧૧, શકે ૧૯૪૮

મહારાષ્ટ્ર દિન

(અનુરાધા ઓક)

સંચાલક

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ

અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

# ભારતનું સંવિધાન

આમુખ

અમે ભારતના લોકો ભારતને એક
સાર્વભૌમ સમાજવાદી
બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક
પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો
તથા તેના સર્વ નાગરિકોને :
સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય;
વિચાર, અભિવ્યક્તિ, વિશ્વાસ,
ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા;
દરજ્જા અને તકની સમાનતા;
પ્રાપ્ત થાય તેમ કરવાનો
અને તે સર્વમાં વ્યક્તિનું ગૌરવ
અને રાષ્ટ્રની એકતા અને અખંડતા
સુદૃઢ કરે એવી બંધુતા વિકસાવવાનો
ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને
અમારી સંવિધાનસભામાં
૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ
આથી આ સંવિધાન અપનાવી
તેને અધિનિયમિત કરી
અમને પોતાને અર્પિત કરીએ છીએ.

## રાષ્ટ્રગીત

જનગણમન – અધિનાયક જય હે
ભારત – ભાગ્યવિધાતા.
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જયગાથા.
જનગણ મંગલદાયક જય હે,
ભારત – ભાગ્યવિધાતા.
જય હે, જય હે, જય હે,
જય જય જય, જય હે.

## પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારા માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારા દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

### ભારતનું સંવિધાન

#### ભાગ ૪ ક

## નાગરિકોના મૂળભૂત કર્તવ્યો

**અનુચ્છેદ ૫૧ ક**

**મૂળભૂત કર્તવ્ય – ભારતના પ્રત્યેક નાગરિકનું એ કર્તવ્ય છે કે તેણે –**

(ક) સંવિધાનનું પાલન કરવું. સંવિધાનના આદર્શો, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.
(ખ) સ્વાતંત્ર્ય ચળવળની પ્રેરણા આપનારા આદર્શોનું પાલન કરવું.
(ગ) દેશના સાર્વભૌમત્વ, એકતા અને અખંડતા સુરક્ષિત રાખવા પ્રયત્નશીલ રહેવું.
(ઘ) આપણા દેશનું રક્ષણ કરવું, દેશની સેવા કરવી.
(ઙ) દરેક પ્રકારના ભેદભાવને ભૂલીને એકતા અને બંધુત્વની ભાવના વિકસાવવી. સ્ત્રીઓના સન્માનને ઠેસ પહોંચાડનારી પ્રથાઓનો ત્યાગ કરવો.
(ચ) આપણી સંમિશ્ર સંસ્કૃતિના વારસાનું જતન કરવું.
(છ) નૈસર્ગિક પર્યાવરણનું જતન કરવું. સજીવ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખવો.
(જ) વૈજ્ઞાનિક દૃષ્ટિ, માનવતાવાદ અને જિજ્ઞાસાવૃત્તિ કેળવવી.
(ઝ) સાર્વજનિક માલમત્તાનું જતન કરવું. હિંસાનો ત્યાગ કરવો.
(ञ) દેશની ઉત્તરોત્તર પ્રગતિ માટે વ્યક્તિગત તેમજ સામૂહિક કાર્યમાં ઉત્તમતા-શ્રેષ્ઠતાનું સ્તર જાળવી રાખવાનો પ્રયત્ન કરવો.
(ટ) ૬થી ૧૪ વયજૂથના બાળકોને તેમના વાલીએ શિક્ષણની તક પૂરી પાડવી.

## શિક્ષક સાથે સંવાદ

શિક્ષક મિત્રો,

ગુજરાતી બાલભારતી ધોરણ છઠ્ઠાનું આ પાઠ્યપુસ્તક અધ્યયન-અધ્યાપન માટે, આપને સોંપતાં આનંદ અનુભવીએ છીએ. આપે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અનુસાર તૈયાર કરાયેલા આ પાઠ્યપુસ્તકના માધ્યમથી વિદ્યાર્થીઓ માટે નિર્ધારિત અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ કરાવવાની છે.

વર્તમાન સમય સાથે સુસંગત, આજના વિદ્યાર્થીઓના ભાવવિશ્વને અનુરૂપ તથા કૃતિયુક્ત અધ્યયન-અધ્યાપન દ્વારા વિદ્યાર્થીઓની આકલનક્ષમતા, શબ્દભંડોળ, સ્વમત અભિવ્યક્તિ વિકસિત થાય એ દૃષ્ટિકોણથી પ્રસ્તુત પાઠ્યપુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. પાઠ્યપુસ્તકમાં વિદ્યાર્થીઓના ભાષિક કૌશલ્યને વધારે તેવા ગદ્ય, પદ્ય, ઉપક્રમ, પ્રકલ્પ તથા આશય અનુરૂપ ચિત્રો જેવા અનેક ઘટકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને વિવિધ સાહિત્ય પ્રકારોની વિશિષ્ટતા વિશે સરળ અને સહજ ભાષામાં માહિતી આપવી.

નવા અભ્યાસક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને ગોખણપટ્ટીથી મુક્ત કરી, જ્ઞાનથી આકલન તરફ લઈ જવાનો છે. વિદ્યાર્થીઓ દરેક કૃતિ જાતે કરી શકે તે માટે તમારે જરૂરી માર્ગદર્શન આપવું. સહાયકની ભૂમિકા ભજવવી, તૈયાર જવાબો આપવા નહીં.

પાઠ અને કવિતા સમજાવતાં પહેલા વિષય પ્રવેશ, વિષયનો પ્રાથમિક પરિચય આપતી કૃતિઓ કરાવવી. કૃતિમાંથી વ્યક્ત થતો સંદેશ, મૂલ્ય, કૃતિનો મુખ્ય સાર, વ્યક્ત થતી માનવીય સંવેદનાઓ વિદ્યાર્થી સુધી પહોંચાડવી. કૃતિના અધ્યાપન દરમ્યાન વિદ્યાર્થીઓને પણ સતત સક્રિય રાખવા, સહભાગી કરવા. ઉપરાંત સ્વાધ્યાય માટે આપેલી પ્રવૃત્તિઓ જોઈ જવી અને કૃતિ સમજાવતી વખતે જ તે તરફ બાળકોનું પરોક્ષ રીતે ધ્યાન દોરવાથી બાળકો જાતે પ્રવૃત્તિઓ કરી શકશે. પાઠ-કાવ્ય પછી 'વિચારીએ, ચર્ચા કરીએ અને કહીએ'માં આપેલા પ્રશ્નો સિવાય પણ બીજા સંબંધિત પ્રશ્નો પૂછી ચર્ચાના માધ્યમથી વિષયનું બહોળું જ્ઞાન આપી શકો છો. બાળકોને શબ્દકોશનો ઉપયોગ કેવી રીતે કરાય તેનું પ્રાત્યક્ષિક વર્ગમાં કરાવવું. સમયાંતરે બાળકો સ્વતંત્ર રીતે શબ્દકોશનો ઉપયોગ કરી શકે તેવો પ્રયત્ન કરવો. પાઠ્યપુસ્તકમાં કાર્યાત્મક ઢબે, બાળસહજ ભાષામાં વ્યાકરણ આપવામાં આવ્યું છે. તમારે ભારરહિત ઢબે જ તે વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવાનું છે.

પ્રકલ્પ-ઉપક્રમ તૈયાર કરવા માટે સંદર્ભ સાહિત્ય મેળવવામાં, તેનો ઉપયોગ કરી લેખન કરવામાં બાળકોના સહાયક બનવું. બાળકોની વયને અનુરૂપ લોકસાહિત્ય વર્ગનાં વાંચનખૂણામાં ઉપલબ્ધ કરાવવું. શાળાના પુસ્તકાલયની સાથે સાથે ઈ-લાઇબ્રેરીનો ઉપયોગ કરતા, દૃશ્ય-શ્રાવ્ય માધ્યમોની મદદથી આપેલા વિષય પર માહિતી મેળવતા શીખવવું. વિદ્યાર્થીઓએ તૈયાર કરેલા જુદા જુદા વિષય આધારિત ભીંતપત્રકો શાળાની દિવાલ પર લગાડવા.

પાઠ્યપુસ્તકમાં શક્ય એટલી ભાષિક રમતો, ઉપક્રમ, જૂથકાર્ય, વર્ગમાં કરાવી શકાય તેવી કૃતિઓ આપવામાં આવી છે. તમે આવશ્યકતા અનુસાર તેનો સવિશેષ મહાવરો કરાવવા સ્વતંત્ર છો. પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ કૃતિઓ કે પ્રશ્નો સિવાય પણ જુદા જુદા પ્રકારના પ્રશ્નો પૂછી શકો છો. દરેક કૃતિના અંતે સ્વમૂલ્યમાપન માટેની તક પૂરી પાડવી. તે માટે નીચે મુજબના પ્રશ્નો પૂછી શકાય.

શું મને આ કૃતિનો ભાવ સમજાયો છે? શું હું આ કૃતિનો ભાવાર્થ મારા શબ્દમાં સમજાવી શકું છું? શું હું સર્જકની ભાવનાઓ સાથે સહમત છું? શા માટે? શું હું કૃતિ સાથે પોતાનું જોડાણ અનુભવું છું? (કૃતિ સંબંધિત સ્વાનુભવ) કૃતિના આધારે ભાષિક કૌશલ્ય વિકસિત થયા? કૃતિમાં મને શું ગમ્યું? શું ન ગમ્યું? શા માટે? કૃતિના આધારે કંઈક નવું સર્જન કરી શકું છું? (કાવ્ય, કથા, સંવાદ, ઘોષવાક્ય, ચિત્ર વગેરે...)

આ વર્ષે વિદ્યાર્થીઓ નિબંધ લેખન અને અનૌપચારિક પત્રોનું લેખન શીખશે. પાઠ્યપુસ્તકમાં ટૂંકમાં તે સંબંધિત મુદ્દાઓ આપવામાં આવ્યા છે. તમારી સરળ ભાષામાં સહજ રીતે નિબંધલેખન અને પત્રલેખન વિશે માહિતી આપવી. પત્રલેખનની પારંપારિક રીત વિશે માહિતી આપવી પણ વર્તમાન સમયને અનુરૂપ ઈ-મેલ પદ્ધતિથી પત્રલેખનનો મહાવરો કરાવવો.

પાઠ્યપુસ્તકમાં દરેક કૃતિની શરૂઆતમાં  પ્રતીક આપવામાં આવ્યું છે. જેનો અર્થ છે કે તે કૃતિ સંબંધિત દરેક કાર્ય દરમિયાન વિશેષ જરૂરિયાતવાળા બાળકોનું સંપૂર્ણ ધ્યાન રાખવું. વિશેષ જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓ માટે અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા કરતી વખતે સાંકેતિક ભાષા (સાઇન લૅન્ગ્વેજ) તથા અન્ય પૂરક અધ્યાપન પદ્ધતિનો ઉપયોગ કરવો. વિશેષ જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને જે રીતે શક્ય હોય, તે રીતે વ્યક્ત થવાની તક આપવી.

પ્રસ્તુત પાઠ્યપુસ્તક આપ સૌ સહર્ષ આવકારશો, તેવી ચોક્કસ ખાતરી છે. આ પાઠ્યપુસ્તકના અધ્યયન-અધ્યાપન માટે આપ સૌને હાર્દિક શુભેચ્છા, અસ્તુ!

ઋણ સ્વીકાર : પ્રસ્તુત પાઠ્યપુસ્તકમાં જે કવિ-લેખકની કૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, પાઠ્યપુસ્તક મંડળ તેમનો આભાર માને છે. દરેક સંભવિત પ્રયત્નો કર્યા બાદ પણ કેટલાક સાહિત્યકારોના તથા કૉપીરાઇટ ધારકોના સંપર્કસૂત્ર પ્રાપ્ત થયા નથી, મંડળ તે દિશામાં કાર્યરત છે.

★ પાઠ્યપુસ્તકમાં આપેલાં ચિત્રોમાં જો રાષ્ટ્રધ્વજની રંગછટા વિસંગત જણાતી હોય તો તે તાંત્રિક મર્યાદાને કારણે છે.

## ✻ પાઠ્યપુસ્તકમાં વાપરવામાં આવેલા પ્રતીકો ✻


ચાલો, ગાઈએ


ચાલો, લખીએ


શિક્ષકો માટે


ચાલો, વાંચીએ


ચાલો, બોલીએ


ચાલો, વાતચીત કરીએ


ચાલો, હસીએ


સાંકેતિક ભાષા

## દૈનિક સંકલ્પ



હું રોજ સવારે શાળાએ જતા પહેલા ઘરમાં બા-દાદા, મમ્મી-પપ્પા અને વડીલોને વંદન કરી તેમના આશીર્વાદ લઈશ તથા શાળાએ પહોંચીને શિક્ષકને નમન કરીશ.



બપોરે ભોજન કર્યા પહેલા અનાજ ઉગાડવા પરિશ્રમ કરનારા ખેડૂતો, ખેતમજૂરો અને અબોલ પ્રાણીઓ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરીશ.



રાત્રે સૂતા પહેલા આપણી સરહદ ઉપર દેશનું રક્ષણ કરનારા સૈનિકોનું સ્મરણ કરી તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીશ.

ઉપરોક્ત સંકલ્પો નિષ્ઠા અને પ્રામાણિકપણે પાળીને મારામાં સંસ્કાર, કૃતજ્ઞતા, દેશભક્તિ અને વડીલોનો આદર જેવા મૂલ્યો દૃઢ કરવા હું પ્રતિબદ્ધ છું.

## અધ્યયન નિષ્પત્તિ અને તેને સાધ્ય કરતા પૃષ્ઠ ક્રમાંક

| અ.નિ.ક્ર. | અધ્યયન નિષ્પત્તિ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| C-1.1.1 | સાંભળેલા અથવા વાંચેલા સમાચારના મહત્વના મુદ્દા અને સારાંશ કહે છે. | ૨૫,૩૩ |
| C-1.1.2 | જાહેરાત વાચે છે, સમજે છે અને તેના પર આધારિત પ્રશ્નોના ઉત્તર આપે છે. | ૪૮,૫૯,૮૯ |
| C-1.2.1 | પરિચિત વ્યક્તિઓની મુલાકાત સાંભળે છે અને મુલાકાતનું નિયોજન કરે છે. | ૬૦,૬૧ |
| C-1.3.1 | યોગ્ય ભાષાનો પ્રયોગ કરીને આશય આધારિત સામાજિક અનભુવ વિશે અનૌપચારિક/ ઔપચારિક પ્રશ્નો પૂછે છે. | ૨,૯,૧૬,૨૨,૨૮,૩૬,૪૪,૫૬ ૬૩,૭૩,૮૦,૮૬,૯૩,૯૯ |
| C-1.4.1 | જુદાજુદા શ્રોતા અને હેતુ માટે યોગ્ય શૈલીમાં અનૌપચારિક પત્ર, વર્ણનાત્મક નિબંધ, અહેવાલ લખે છે. | ૧૩,૧૪,૧૯,૪૯,૯૦,૧૦૨ |
| C-1.5.1 | દૃશ્ય, શ્રાવ્ય અને દૃશ્ય-શ્રાવ્ય માધ્યમ માટે વિષય અનુરૂપ અને પ્રસંગાનુસાર, ધ્યેયવાક્ય/સૂત્ર, સંદેશ અને સંવાદ લખે છે. | ૨૫,૪૯,૫૯,૬૭,૧૦૨ |
| C-2.1.1 | વિવિધ સંસ્કૃતિ અને કાળખંડના વિવિધ પ્રકારના સાહિત્યનો આસ્વાદ માણે છે અને વિશિષ્ટતા જણાવે છે. | ૧,૫,૬,૧૪,૧૫,૨૦,૨૧,૨૬, ૨૭,૩૪,૩૫,૪૦,૫૧,૫૩, ૬૨,૬૮,૬૯,૭૮,૭૯,૮૨,૮૩, ૯૦,૯૧,૯૪,૯૫,૧૦૩,૧૦૪ |
| C-2.2.1 | અલંકારના પ્રકાર ઓળખે છે અને ઉદાહરણ આપે છે. | ૧૨,૧૮,૩૮,૬૬ |
| C-2.2.2. | પરિચિત લખાણમાંથી કહેવત, રૂઢિપ્રયોગનો અર્થ કહી વાક્યમાં ઉપયોગ કરે છે, વિવિધ શબ્દકોયડા ઉકેલે છે. | ૧૧,૪૬,૬૫,૭૫,૭૬,૯૨, ૧૦૦ |
| C-2.3.1 | ઘર અને પરિસરમાં ઉજવાતા તહેવાર અને ઉત્સવ વિશે પોતાનો મત લેખિત તેમ જ મૌખિક સ્વરૂપમાં વ્યક્ત કરે છે. | ૩૯,૯૧ |
| C-3.1.1. | નામ, નામના પ્રકાર, સર્વનામ, સર્વનામના પ્રકાર, વિશેષણ અને વિશેષ્ય, વિશેષણના પ્રકાર, ક્રિયાપદ અને ક્રિયાપદના પ્રકાર, શુદ્ધલેખનના નિયમ અને વ્યાકરણના ઘટક વિશે માહિતી મેળવી તેનો લેખનમાં ઉપયોગ કરે છે. | ૨,૩,૪,૧૦,૧૧,૧૨,૧૭,૧૮ ૨૩,૨૪,૩૧,૩૭,૪૬,૪૭,૫૮ ૬૫,૬૭,૭૫,૭૬,૮૮,૯૩, ૧૦૧,૧૦૨ |
| C-3.2.1 | વાર્તા અને કવિતા જેવા સાહિત્યપ્રકારની વિશિષ્ટતા, જુદાપણું, શૈલી, મહત્વના મુદ્દા ઓળખે છે. | ૧,૫,૬,૧૪,૧૫,૨૦,૨૧,૨૬ ૩૫,૬૨,૬૯,૭૦,૭૧,૭૨,૭૯,૯૧ |
| C-3.3.1 | પોતાની ભાષામાં કથા, કવિતા લખે છે. | ૧૩,૨૫,૬૭,૭૭,૯૪ |
| C-4.1.1 | વિવિધ સાહિત્યપ્રકારના પુસ્તકોનું વાચન કરીને સારાંશ કહે છે તેમ જ લખે છે. | ૨૬,૫૦,૭૮,૧૦૩ |
| C-4.2.1 | પ્રકલ્પ, ઉપક્રમ માટે શિક્ષકની મદદથી સંદર્ભ સાહિત્ય શોધે છે. | ૪,૨૫,૪૯,૯૪ |
| C-4.3.1 | વિવિધ નિયતકાલિકમાંના પ્રસંગો વાચી પોતાનો મત વ્યક્ત કરે છે. | ૨૬,૩૪ |
| C-5.1.1 | વર્ણમાળાના સ્વર, વ્યંજન, ઉચ્ચાર વિષયક મૂળભૂત માહિતી કહે છે. | ૩,૧૮ |
| C-5.2.1 | ભાષણને વધુ સરસ કરવા માટે અલંકારનો ઉપયોગ કરે છે. | ૧૩,૧૯,૯૪ |
| C-5.3.1 | વિવિધ ભાષિક રમત વિશે માહિતી મેળવે છે. (દા.ત. શબ્દ ઉલટાવીને બનતો નવો શબ્દ લખો) | ૪,૨૫,૩૧,૩૮,૪૮,૫૮,૬૭,૭૬ ૧૦૨ |
| C-5.4.1 | જાતે સરળ શબ્દ કોયડા, શબ્દરમત તૈયાર કરે છે. | ૨૫,૧૦૨ |

**નોંધ –** *ધોરણ છઠ્ઠાનાં બાળકોને વર્ષાંતે ઓછામાં ઓછી અહીં આપેલી અધ્યયન નિષ્પત્તિ તો સાધ્ય થવી જ જોઈએ. અહીં જે તે અધ્યયન નિષ્પત્તિ સામે નોંધવામાં આવેલા પૃષ્ઠ ક્રમાંક સિવાય, અન્ય પૃષ્ઠ ક્રમાંક પર આપવામાં આવેલા આશય દ્વારા પણ તે અધ્યયન નિષ્પત્તિ સાધ્ય થઈ શકે છે. દરેક પૃષ્ઠ પર આપેલા ઘટક દ્વારા અહીં આપેલી અધ્યયન નિષ્પત્તિ સિવાય અન્ય અધ્યયન નિષ્પત્તિઓ પણ સાધ્ય થઈ શકે છે.*

# અનુક્રમણિકા


| અ.ક્ર. | કૃતિ | | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| | ભાગ - ૧ | | |
| ૧. | શબ્દમાં સમાય નહિ... | | ૧ |
| ૨. | રેતીનો પુલ | કરસનદાસ માણેક | ૬ |
| ૩. | માના ગુણ | દલપતરામ | ૧૫ |
| ૪. | ટિટોડી અને સાગર | સુંદરમ્ | ૨૧ |
| | ભાગ - ૨ | | |
| ૫ | આગ લાગી... દોડો... દોડો | | ૨૭ |
| ૬ | મળવા આવો | નરસિંહ મહેતા | ૩૫ |
| ૭ | ઘારાપુરીની ગુફાઓ | દુર્ગેશ શુક્લ | ૪૧ |
| | ભાગ - ૩ | | |
| ૮ | ફૂલોની ફરિયાદ | | ૫૩ |
| ૯ | વીર બાજીપ્રભુ | અમીદાસ કાણકિયા | ૬૨ |
| ૧૦ | શેરને માથે સવાશેર | જયવતીબેન કાજી | ૬૯ |
| | ભાગ - ૪ | | |
| ૧૧ | પુષ્પો પ્યારાં | પ્રવીણભાઈ મહેતા | ૭૯ |
| ૧૨ | આદિવાસીઓનાં રમકડાં | રમેશ કોઠારી | ૮૪ |
| ૧૩ | સુભાષિતો | | ૯૨ |
| ૧૪ | રૂડી રૂપાળી રેંકડીને | કુન્દનિકા કાપડિયા | ૯૬ |

# ૧. શબ્દમાં સમાય નહિ...

♦ ચાલો, ગાઈએ

શબ્દમાં સમાય નહિ, એવો તું મહાન,
કેમ કરી ગાઉં પ્રભુ તારાં ગુણગાન;
ગજું નથી મારું એવું કહે આ જુબાન,
કેમ કરી ગાઉં પ્રભુ તારાં ગુણગાન.

હો... ફૂલડાંના બગીચામાં ખીલે ઘણાં ફૂલો,
સૂંઘવા આવેલ ભ્રમર પડે અહીં ભૂલો;
એમ તારી સુરભિ ભુલાવે મને ભાન,
કેમ કરી ગાઉં પ્રભુ તારાં ગુણગાન.

હો... અંબરમાં ચમકે અસંખ્ય સિતારા,
પાર કદી પામે નહિ એને ગણનારા;
ગુણ તારા ઝાઝા ને થોડું મારું જ્ઞાન,
કેમ કરી ગાઉં પ્રભુ તારાં ગુણગાન.

હો વણથંભ્યા મોજાં આવે દરિયા તીરે,
જોતાં ધરાયે નહીં મનડું લગીરે;
એક થકી એક તારા ઊંચાં પરિણામ,
કેમ કરી ગાઉં પ્રભુ તારાં ગુણગાન.

હો... પૂરું તો પુરાય નહિ કલ્પનાના રંગો,
હારી જાય મારા તર્કના તરંગો;
અટકીને ઊભું રહે મારું અનુમાન,
કેમ કરી ગાઉં પ્રભુ તારાં ગુણગાન.



## ચાલો, કૃતિ કરીએ

❖ વિચારીએ, ચર્ચા કરીએ અને કહીએ.

(૧) કાવ્યમાંથી તમને કઈ પંક્તિ વધુ ગમી? શા માટે?

(૨) શું કવિનો વિચાર આજના સમયમાં પણ યોગ્ય છે?

(૩) કાવ્યમાં આવેલા કુદરતી તત્વોને જુદા જુદા જૂથમાં વહેંચો.

(૪) તમે પ્રભુને ક્યારે યાદ કરો છો?

### કૃતિના આધારે

❖ યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય પૂર્ણ કરો.

(૧) પ્રભુની ________ ભાન ભૂલાવે છે. (અ) વીણા (બ) વાંસળી (ક) સુરભિ

(૨) પ્રભુ ________ માં સમાય નહીં એટલા મહાન છે. (અ) મંદિર (બ) હૃદય (ક) શબ્દ

(૩) પ્રભુના ગુણગાન ગાવાનું ________ નું ગજું નથી. (અ) બાળક (બ) જુબાન (ક) કવિ

(૪) બગીચામાં આવેલો ________ ભૂલો પડી જાય છે. (અ) ભમરો (બ) કવિ (ક) માણસ

❖ શું તે કહો.

(૧) દરિયામાં સતત આવે છે -

(૨) આકાશમાં ચમકે છે -

(૩) મોજાં જોઈને ધરાતું નથી -

(૪) અટકીને ઊભું રહી જાય છે -

### કૃતિનું મંથન

પરમાત્માની અસીમ મહાનતાનું વર્ણન કરવું શક્ય નથી, તે વાત સ્પષ્ટ કરવા કવિએ કયાં કયાં ઉદાહરણો આપ્યાં છે?

### પંક્તિ પર ચર્ચા

ગુણ તારા ઝાઝાં ને થોડું મારું જ્ઞાન, કેમ કરી ગાઉં પ્રભુ તારાં ગુણગાન?
તમારા મતે આ પંક્તિનો અર્થ શું છે? જૂથમાં તે વિશે ચર્ચા કરો.

### ભાષિક સમજ

❖ 'અર્થ એક, શબ્દ અનેક' વાંચો અને સારા અક્ષરે અનુલેખન કરો.

(૧) બગીચો - બાગ, ઉદ્યાન, વાટિકા, વાડી

(૨) અંબર - નભ, આકાશ, ગગન, વ્યોમ

(૩) ફૂલડાં - પુષ્પ, સુમન, કુસુમ, ફૂલ

(૪) દરિયો - સમુદ્ર, સાગર, સિંધુ, રત્નાકર

(૫) કિનારો - તટ, તીર, કાંઠો, આરો

(૬) સુરભિ - સુગંધ, મહેક, સુવાસ, ખુશબૂ

❖ શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

(૧) ગણતાં ગણાય નહીં એટલું -

(૨) અટક્યા વિના -

(૩) ખૂબ મહત્તા ધરાવનાર -

❖ ઉદાહરણ પ્રમાણે શબ્દ તૈયાર કરો.

| | | | | |
|---|---|---|---|---|
| માન → | અનુમાન → | → | → | |
| વાન → | ગુણવાન → | → | → | |
| અ → | અસંખ્ય → | → | → | |
| વણ → | વણથંભ્યા → | → | → | |

❖ નીચેના વાક્યોના કાળ ઓળખો.

(૧) ભાઈ ઓફિસે જાય છે.

(૨) બા પૂજા કરવાં બેસશે.

(૩) અમે ગરબા ગાઈએ છીએ.

(૪) અમે રાજકોટ જઈશું.

(૫) શિક્ષકે પાઠ ભણાવ્યો.

(૬) બાળકો શાળાએ ગયાં.

## નામના પ્રકાર

❖ નીચેનાં વાક્યો વાંચો.

(૧) ભારતમાં ઘણી બધી નદીઓ છે. (૨) ગંગા ભારતની સૌથી મોટી નદી છે.

પહેલા વાક્યમાં નદી – બધી જ નદીઓ એટલે કે આખી જાતિ દર્શાવે છે.

જયારે બીજા વાક્યમાં ગંગા–એક ચોક્કસ નદીનું નામ દર્શાવે છે.

આમ, જે નામ કોઈપણ વસ્તુ, વ્યક્તિ કે પદાર્થની આખી જાતિ સૂચવે તેને જાતિવાચક નામ કહેવાય છે. અને જે નામ ચોક્કસ વ્યક્તિ, વસ્તુ કે પદાર્થનું સૂચન કરે તેને વ્યક્તિવાચક નામ કહેવાય છે.

❖ નીચેનાં વાક્યમાં નામ શોધી પ્રકાર ઓળખો.

(૧) સફરજન મારું ભાવતું ફળ છે.

(૨) આજે મમ્મીએ ગુવારનું શાક બનાવ્યું છે.

(૩) કવિતાએ સુંદર ગીત ગાયું.

(૪) બાગમાં બાળકો રમે છે.

## વિશેષ કૃતિ

❖ યોગ્ય સ્વરચિહ્નોનો ઉપયોગ કરીને અર્થપૂર્ણ શબ્દ તૈયાર કરો.

| | | | |
|---|---|---|---|
| (૧) ટબલ | (૩) છકર | (૫) કચબ | (૭) કબટ |
| (૨) રકબ | (૪) મછલ | (૬) કકડ | (૮) લડવ |

❖ નીચેના શબ્દોમાં કયો વ્યંજન જોડાઈને જોડાક્ષર બન્યો છે તે લખો.

| | | |
|---|---|---|
| (૧) ખુલ્લું – લ + લ | (૩) ગમ્મત – | (૫) સચ્ચાઈ – |
| (૨) ગપ્પું – | (૪) તમ્મર – | (૬) ઇજ્જત – |

❖ નીચેના શબ્દોમાં કયા બે વ્યંજન જોડાઈને જોડાક્ષર બન્યો છે તે લખો.

(૧) અસ્ત - સ્ + ત (૩) પ્રભાત - (૫) વિદ્વાન -

(૨) ક્રમિક - (૪) મચ્છર - (૬) ધાર્મિક -

❖ કોષ્ટકમાંથી સમૂહવાચક શબ્દો શોધો અને તે કોના માટે વપરાય છે તે લખો. દા.ત. ફૂલોનો ગુચ્છો

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ગો | ઝૂ | ડો | સુ | લૂ | ળી | ષ્ક | ઘ |
| ડા | ટા | લા | વ | મ | પા | ણ | લ |
| ભા | શ્ર | ટો | ઘ | લી | જૂ | ત | રક |
| તા | રો | શં | ળું | તા | મા | સં | ર |
| પો | કા | ફ | લો | જ | ઢ | ઝું | ઘ |
| ગુ | બ | ફ | ળ | ગાં | ણ | ગ | ઊ |
| ચ્છો | કા | ભ | જ્ઞ | સ | ઈ | ડ | લો |
| અં | બો | ડો | ક્ષ | ડી | ઝું | શ્રુ | ઉ |

## પુસ્તકાલયની મુલાકાત

❖ શાળાના પુસ્તકાલય અથવા ઈ-લાઇબ્રેરીમાંથી પ્રાર્થનાસંગ્રહ મેળવી નવી નવી પ્રાર્થના ગાઓ.

## સંભાષણ

❖ તમારી અને પ્રભુ વચ્ચે થતો સંવાદ તૈયાર કરી વર્ગમાં રજૂ કરો.

❖ શ્રી. ચિત્રભાનુ રચિત 'મૈત્રીભાવનું પવિત્ર ઝરણું' કાવ્ય સમૂહમાં ગાઓ.

## મારી કલમે

❖ એક નાનકડું પ્રાર્થનાકાવ્ય તૈયાર કરો.

## ગમ્મત સાથે જ્ઞાન

❖ એક વિદ્યાર્થી કાવ્યમાં આવેલા વિશેષણ લખી કાર્ડ તૈયાર કરે અને એનો જોડીદાર મિત્ર વિશેષ્ય લખી કાર્ડ તૈયાર કરશે. પછી 'વિશેષણ- વિશેષ્યની યોગ્ય જોડી જોડો' રમત રમો. એક મિનિટમાં જે બધી જોડી યોગ્ય રીતે જોડે તે વિજેતા બનશે.

❖ જુદી જુદી રીતે વાક્ય તૈયાર કરવાની રમત રમો. જેમ કે દરેક વિદ્યાર્થી કાવ્યમાંથી કોઈપણ એક શબ્દ લઈ વાક્ય તૈયાર કરે. જુદા જુદા નામ સાથે 'મહાન' વિશેષણ જોડી વાક્ય તૈયાર કરો. ગાઉં, ચમકે, લાગે જેવા ક્રિયાપદોનો ઉપયોગ કરી વાક્ય તૈયાર કરો. એક જ ક્રિયાપદનો ઉપયોગ કરી ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળનું વાક્ય તૈયાર કરો.

વિદ્યાર્થીઓને સૂર-તાલ સહિત કાવ્ય ગવડાવવું. અભિનયસહ કાવ્ય રજૂ કરવાની તક આપવી. કૃતિ સમજાવતાં પહેલા કૃતિના ગાયન અને આપેલા ચિત્રના આધારે કૃતિના આશય વિશે અનુમાન કરવા કહેવું. કાવ્યમાં આવેલા પ્રાસયુક્ત શબ્દો તરફ બાળકોનું ધ્યાન દોરવું. વિશેષ કૃતિમાં આપેલી કૃતિઓ તથા નામના પ્રકાર અને કાળનો વિશેષ મહાવરો કરાવવો.

## ચાલો, ગાઈએ



### વરદાન

અમે તારાં નાનાં બાળ પ્રભુ!
તારું નિશદિન ધરતા ધ્યાન.

અમ સૌનો તું વિકાસ કરજે,
પાલન કરજે હે ભગવાન,
જીવ માત્રની સેવા કરીએ,
એવું દે અમને વરદાન... પ્રભુ તારું

શક્તિ દેજે, ભક્તિ દેજે,
દેજે અમને વિદ્યાદાન.
સદ્‌બુદ્ધિ દઈ રક્ષા કરજે,
બાળક તારા સૌ નાદાન... પ્રભુ તારું

વંદન કરતાં ગુરુજનને વળી,
વડીલોને દેતા અમે માન.
સહકારથી હળીમળીને,
સૌએ લેતાં સારું જ્ઞાન.... પ્રભુ તારું

# ૨. રેતીનો પુલ

વાંચ્યા વગર કે યોગ્ય અભ્યાસ કર્યા વિના, માત્ર કોઈની કૃપાથી પરીક્ષામાં પાસ થઈ જવાની કે વિદ્વાન ગણાવાની ઈચ્છા ઘણા વિદ્યાર્થીઓમાં જોવા મળે છે. પણ આ પ્રકારની મનોવૃત્તિ અત્યારે જ છે એવું નથી, પ્રાચીન કાળમાંય હતી. મહાભારતમાં ભારદ્વાજ મુનિના પુત્ર યવક્રીતની વાર્તા છે, તેમાં આ મનોવૃત્તિનું સરસ ઉદાહરણ મળે છે.

યવક્રીતને વિદ્વાન બનવું હતું અને વેદોના વાચસ્પતિ થવું હતું, પણ વાંચ્યા વગર! તેણે તે માટે તપ કરવા માંડ્યું. યવક્રીતના તપથી ઇંદ્ર પ્રસન્ન થયા.

ઇંદ્રે યવક્રીતને કહ્યું, ''વત્સ, તારા તપથી હું પ્રસન્ન છું. તારે જે માગવું હોય તે માંગ.''

યવક્રીતે રાજી થઈને માગ્યું, ''પ્રસન્ન થયા હો મહારાજ, તો મને વેદવિશારદ બનાવી દો.''

ઇંદ્રે કહ્યું, ''યવક્રીત, એ તો બહુ સહેલું છે. તું અભ્યાસ કર, એટલે બધું જ આવડી જશે. તું તંદુરસ્ત છે, ચકોર છે, બુદ્ધિમાન છે અને વળી તારે ભારદ્વાજ જેવા પિતા છે. ભારદ્વાજ વેદપારંગત છે તેની પાસે બધું શીખી લે.''

''પણ મારે ભણવું જ નથી, તેનું શું? તમારી કૃપાની તેથી તો હું યાચના કરું છું,'' યવક્રીતે વળતો જવાબ આપ્યો.

''પણ ભણ્યા વિના વિદ્વાન કેમ થવાય, ભલા માણસ?'' સમજાવવાની કોશિશ કરતાં ઇંદ્રે પૂછ્યું,

''કેમ ન થવાય? તો પછી તમારા જેવા દેવનું તપ કર્યું શા કામનું?'' યવક્રીતે જવાબ આપ્યો.

''તપનું ફળ તો તને મળી જ ગયું, યવક્રીત!'' ઇંદ્રે કહ્યું.

''કેવી રીતે?'' યવક્રીતે પૂછ્યું.

''તારું તપ મને બોલાવવા માટે હતું. ને હું હાજર થયો!'' ઇંદ્રે ઉત્તર આપ્યો.

''તમે કહ્યું કે માગ, ત્યારે મેં વેદવિશારદ બનવા





માગ્યું તેનું શું?'' યવક્રીતે પૂછ્યું.

''તેની મેં સલાહ આપી. વેદવિશારદ થવું હોય તો વેદનું અધ્યયન કર,'' ઇંદ્રે જવાબ આપ્યો. પછી અદશ્ય થઈ ગયા.

યવક્રીતને લાગ્યું કે ઇંદ્રે મને છેતર્યો. તેને થયું કે હું ફરી વધુ તપ કરીશ. અંતે ઇંદ્રને મારી માગણી કબૂલ કરવી જ પડશે. યવક્રીતે ફરીથી ઉગ્ર તપશ્ચર્યા આદરી. વળી પાછા ઇંદ્રને તેની પાસે આવવું પડ્યું. ઇંદ્રે કહ્યું, ''યવક્રીત તુ માંગ, તારે શું જોઈએ છે?''

''એ જ; મારે વગર ભણ્યે વિદ્વાન થવું છે. મારે વેદવિશારદ બનવું છે,'' તેણે જવાબ આપ્યો. ઇંદ્રે હસીને કહ્યું : ''તું તપ માટે આટલું કઠોર દેહદમન કરે છે, તેના કરતાં વિદ્યા મેળવવા માટે સોમાં ભાગનું કષ્ટ ઉઠાવે તો તું વિદ્વાન બની જાય.''

''મારે ભણવું નથી. મારે તો તપ દ્વારા મેળવેલા વરદાનથી વિદ્વાન બનવું છે,'' યવક્રીતે કહ્યું. ''હું વૈભવનો સ્વામી છું. તું કહે તે વૈભવ હું તને વગર મહેનતે આપું. પણ વેદ ઉપર મારું વર્ચસ્વ નથી!'' એમ કહી ઇંદ્ર વળી અંતર્ધાન થઈ ગયા.

ત્યાંથી ઘરે જતા રસ્તામાં યવક્રીતે જોયું કે એક માણસ ગંગાજીને કાંઠે ઊભો ઊભો, કાંઠા ઉપરની રેતીની મુઠ્ઠીઓ ભરી ભરીને ગંગાજીના જળમાં ઠાલવે જતો હતો.

''આ શું કરો છો, ભાઈ?'' યવક્રીતે પૂછ્યું. આ માણસ તેને સાવ ગમાર લાગતો હતો.

''તારે શું કામ છે?'' માણસે રેતીની મુઠ્ઠીઓ ઠાલવવાનું કામ ચાલુ રાખતાં જવાબ આપ્યો. વળી પાછું ઠપકો આપતાં ઉમેર્યું. ''હું જે કરી રહ્યો છું તે બરાબર જ છે. તારા જેવા બેવકૂફને એ નહિ સમજાય.''

યવક્રીતનો અહંભાવ ઘવાયો. તેણે માણસને કહ્યું, ''હું એટલા માટે પૂછું છું કે જો આપના વિચિત્ર વર્તનનું કારણ જાણું તો આપને થોડી સહાયતા કરી શકું.''

''તું મને મદદ કરીશ?'' માણસે પૂછ્યું.

''હા જરૂર કરીશ,'' યવક્રીતે ખાતરી આપી.

''તો તું પણ આ કાંઠા પરથી રેતી લઈ લઈને ગંગાજીમાં નાખવા માંડ!'' માણસે કહ્યું.

''પણ કરવું છે શું?'' યવક્રીતે પાછો એ જ પ્રશ્ન પૂછ્યો. ''મારે ગંગા ઉપર પુલ બાંધવો છે.''

માણસે જવાબ આપ્યો.

યવક્રીત મોટેથી હસી પડ્યો. તેના અટ્ટહાસ્યથી આખો ગંગાકાંઠો જાણે ડોલી ઊઠ્યો!

''કેમ?'' છોભીલો પડી ગયો હોય તેવો દેખાવ કરીને માણસે પૂછ્યું.

''અરે ભાઈ, એમ કંઈ મુઠ્ઠીઓ ભરી ભરીને રેતી નાખ્યે ગંગાજી ઉપર પુલ બંધાતો હશે?'' યવક્રીતે કહ્યું.

કેમ ન બંધાય? જો ભણ્યા વગર વેદવિશારદ થવાય, તો રેતીની મુઠ્ઠીઓ વડે ગંગા ઉપર સેતુ શા માટે ન બંધાય?'' માણસે જવાબ આપ્યો.

આ જવાબ સાંભળીને યવક્રીતના અંધકારગ્રસ્ત હૃદયમાં એકાએક જ્યોતિનો ઝબકારો થયો!

પેલો મૂર્ખ લાગતો માણસ બીજું કોઈ નહિ, પણ ઇંદ્ર પોતે જ હતા.

ઇંદ્રને વંદન કરીને યવક્રીતે સીધો પોતાના ઘરનો રસ્તો લીધો. વેદવિશારદ થવા માટે તપની નહિ પણ અધ્યયનની જરૂર છે, એ સત્ય હવે તેને બરાબર સમજાઈ ગયું હતું.



સર્જક પરિચય

**શ્રી. કરસનદાસ માણેક**

પ્રસ્તુત કૃતિના સર્જક શ્રી. કરસનદાસ માણેક લોકપ્રિય કવિ, વાર્તાકાર, નિબંધકાર અને ચિંતક તરીકે જાણીતા છે. તેઓ શાળામાં આચાર્ય અને વર્તમાનપત્રના તંત્રી તરીકે કાર્યરત રહ્યા. તેમણે પ્રેમ, ભક્તિ, અધ્યાત્મ, રાષ્ટ્રપ્રેમ તથા તેમના સમકાલીન જીવનની ઘટનાઓનું સરળ અને અસરકારક વાણીમાં હૃદયસ્પર્શી લેખન કર્યું છે. એમણે લાક્ષણિક શૈલીમાં ધર્મકથાઓ, પુરાણકથાઓ અને બોધકથાઓ આલેખી છે. 'પ્રકાશના પગલાં', બે બાળનાટકો, 'હરિના લોચનિયાં', 'માલિની' અને 'અમર અજવાળાં' તેમની જાણીતી કૃતિઓ છે.

## ચાલો, કૃતિ કરીએ

❖ **વિચારીએ, ચર્ચા કરીએ અને કહીએ.**

(૧) તમારા મતે અભ્યાસ કેવી રીતે કરવો જોઈએ?

(૨) કોઈપણ ક્ષેત્રે સફળ થવા માટે શું કરવું પડે?

(૩) પરીક્ષામાં વધુ ગુણ મળે પણ પરીક્ષા પછી ભણેલું સાવ ભુલાઈ જાય, એવું તમારી સાથે થાય છે? તેનું કારણ શું હોઈ શકે?

(૪) તમે ધો.૫ (પાંચ)માં ભણી ગયા છો, તેમાંથી કઈ કૃતિ તમને યાદ છે?

### કૃતિના આધારે

❖ **વિધાનના વક્તાને ઓળખો.**

| વિધાન | વક્તા |
|---|---|
| (૧) તું મને મદદ કરીશ? | |
| (૨) તપનું ફળ તો તને મળી જ ગયું. | |
| (૩) પણ મારે ભણવું જ નથી તેનું શું? | |

❖ **યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(૧) યવક્રીતને પારંગત બનવું હતું તે ગ્રંથ (અ) વેદ (બ) પુરાણ (ક) ગીતા

(૨) વેદ વાચસ્પતિ બનવા યવક્રીતે કર્યું (અ) અભ્યાસ (બ) તપ (ક) પુરુષાર્થ

(૩) માણસે ઠપકો આપતા યવક્રીતને કહ્યું (અ) આળસુ (બ) મૂર્ખ (ક) બેવકૂફ

(૪) માણસ પુલ બાંધવા ઇચ્છતો હતો તે નદી (અ) ગંગા (બ) યમુના (ક) ગોદાવરી

(૫) ઇંદ્ર જેના સ્વામી છે (અ) વૈભવ (બ) વિદ્યા (ક) વેદ

❖ **નીચેના વાક્યોને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો.**

(૧) ઇંદ્રે અભ્યાસ કરવાની સલાહ આપી.

(૨) યવક્રીતને વિદ્વાન બનવું હતું.

(૩) ઇંદ્ર પ્રસન્ન થયા.

(૪) તેણે તપ કરવા માંડ્યું.

(૫) યવક્રીતના હૃદયમાં જ્યોતિનો ઝબકાર થયો.

(૬) ઇંદ્રે માણસનો વેશ લીધો.

(૭) યવક્રીતે માણસને મદદ કરવાની ખાતરી આપી.

(૮) માણસ ગંગા ઉપર રેતીનો પુલ બાંધતો હતો.

❖ **નીચેના વાક્યો સુધારી ફરીથી લખો.**

(૧) રામાયણમાં ભારદ્વાજ મુનિના પુત્ર યવક્રીતની વાર્તા છે.

(૨) તું તપ કર, એટલે બધું જ આવડી જશે.

(૩) વેદવિશારદ થવા માટે અધ્યયનની નહિ પણ તપની જરૂર છે.

(૪) વૈભવ ઉપર મારું વર્ચસ્વ નથી.

(૫) યવક્રીતના તપથી ઇંદ્ર ક્રોધિત થયા.

❖ નીચેના મુદ્દાઓને આધારે યવક્રીત અને ઇંદ્રના પાત્રનું વર્ણન કરો.

| યવક્રીત | ઇંદ્ર |
|---|---|
| – વિદ્વાન બનવાની મહત્વકાંક્ષા | – વૈભવના સ્વામી |
| – ખોટા માર્ગનું ચયન | – તપના પરિણામે વરદાન આપવાની વૃત્તિ |
| – ઇંદ્ર પ્રસન્ન થાય ત્યાં સુધી ધૈર્ય | – સાચી સલાહ આપવી |
| – ખોટી જીદ પર અડગ રહેવું | – અણસમજુ યવક્રીતને સમજાવવાનું ધૈર્ય |
| – સત્ય સમજાતાં સ્વીકારભાવ | – યુક્તિપૂર્વક ઉદાહરણ આપીને સત્ય સમજાવવાની કુશળતા |

## વિધાન પર ચર્ચા કરો.

"તું તપ માટે આટલું કઠોર દેહદમન કરે છે તેના કરતાં વિદ્યા મેળવવા માટે સોમાં ભાગનું કષ્ટ ઉઠાવે, તો તું વિદ્વાન બની જાય."

## સ્વાનુભવ/સ્વમત

(૧) આ કૃતિ વાંચતી વખતે તમે ક્યારે ક્યારે કઈ કઈ લાગણીઓ અનુભવી?

(૨) તમારો મિત્ર પરીક્ષામાં ચોરી કરીને પાસ થવા માંગે છે, તેને તમે શું કહેશો?

## કૃતિનું મંથન

(૧) વિદ્યાર્થીઓમાં કઈ મનોવૃત્તિ જોવા મળે છે?

(૨) ઇંદ્રે યવક્રીતને શું સમજાવ્યું?

(૩) યવક્રીત શું બનવા માંગતો હતો? કઈ રીતે?

(૪) વિદ્વાન બનવા યવક્રીતે કયો માર્ગ અપનાવ્યો?

(૫) ગંગા કિનારે માણસ શું કરતો હતો? શા માટે?

(૬) શું સાંભળીને યવક્રીતના હૃદયમાં ઝબકારો થયો?

(૭) અંતે યવક્રીતને કયું સત્ય સમજાઈ ગયું?

❖ **શીર્ષક સર્જન :** તમારે આ પાઠને શીર્ષક આપવાનું હોય, તો શું શીર્ષક આપો?

## ભાષિક સમજ

❖ સાચી જોડણી ધરાવતા શબ્દ પર ◯ કરો.

| | | |
|---|---|---|
| (૧) યવકિત | યવક્રિત | યવક્રીત |
| (૨) વિધ્વાન | વિદ્વાન | વિદવાન |
| (૩) તપશ્ચર્યા | તપશાચર્યા | તપશ્ચરયા |
| (૪) અધ્યન | અદ્યયન | અધ્યયન |

❖ **નીચેની શબ્દપેટીમાંથી નામ, સર્વનામ, વિશેષણ છૂટાં પાડો.**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| યવક્રીત | તંદુરસ્ત | હું | બેવકૂફ | ઇંદ્ર | ગમાર | માણસ |
| ભારદ્વાજ | તમારા | મૂર્ખ | તારું | વિચિત્ર | ચકોર | |
| તું | તારા | બુદ્ધિમાન | કઠોર | તમે | | ગંગા |

❖ **નીચેના શબ્દોને વર્ણાનુક્રમ પ્રમાણે ગોઠવો.**

(૧) પરીક્ષા મનોવૃત્તિ અભ્યાસ ઇચ્છા

(૨) મહારાજ તંદુરસ્ત પારંગત માણસ

(૩) દેવ ગંગા રેતી મૂર્ખ

❖ **શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.**

(૧) અદૃશ્ય થઈ જવું –

(૨) અંધકારથી ઘેરાયેલું –

(૩) આર્યોનું સૌથી પ્રાચીન ધર્મપુસ્તક –

(૪) દેવે પ્રસન્ન થઈ ભક્તની અપેક્ષા પૂરી કરવા આપેલું વચન –

(૫) ખડખડાટ હસવું –

(૬) શારીરિક તપસ્યા –

❖ **રૂઢિપ્રયોગ અને અર્થની જોડી જોડો.**

(૧) ઠપકો આપવો — વાત માનવી

(૨) છોભીલા પડી જવું — સત્યનો બોધ થવો

(૩) ઝબકારો થવો — દોષ બદલ વઢવું

(૪) કબૂલ કરવું — શરમિંદા થવું

❖ **નીચેના શબ્દોના અર્થ જાણો. કૃતિમાં આ શબ્દો જ્યાં આવતા હોય તે વાક્ય નીચે લીટી દોરી, આ શબ્દનો ઉપયોગ કરી બીજાં વાક્ય બનાવો.**

(૧) વિદ્વાન (૩) યાચના (૫) દેહદમન

(૨) વાચસ્પતિ (૪) પારંગત (૬) વર્ચસ્વ

❖ **યોગ્ય વિરામચિહ્નો મૂકો.**

(૧) તપનું ફળ તો તને મળી જ ગયું યવક્રીત ઇંદ્રે કહ્યું

(૨) આ શું કરો છો ભાઈ યવક્રીતે પૂછ્યું

(૩) પણ ભણ્યા વિના વિદ્વાન કેમ થવાય ભલા માણસ

(૪) ઇંદ્રે કહ્યું યવક્રીત એ તો બહુ સહેલું છે

## ❖ અલંકાર ઓળખીએ.

(૧) વેદ ઉપર મારું વર્ચસ્વ નથી. (૩) મારે વરદાનથી વિદ્વાન બનવું છે.

(૨) તપનું ફળ તો તને મળી જ ગયું. (૪) પણ ભણ્યા વિના વિદ્વાન કેમ થવાય, ભલા માણસ?

**જ્યારે પંક્તિ કે વિધાનમાં એકના એક વર્ણના પુનરાવર્તનથી ભાષા કે વાણીમાં સૌંદર્ય પ્રગટે ત્યારે વર્ણાનુપ્રાસ અલંકાર થાય.**

## ❖ નામના પ્રકાર શીખીએ.

**વિદ્યાર્થી મિત્રો, આપણે વ્યક્તિવાચક નામ અને જાતિવાચક નામ કોને કહેવાય તે જોયું. હવે આપણે નામના બીજા પ્રકારો વિશે માહિતી મેળવીએ.**

**સમૂહવાચક નામ :** વ્યક્તિ કે પદાર્થના સમૂહ દર્શાવતા શબ્દને સમૂહવાચક નામ કહેવાય છે. દા.ત. ગુચ્છો, ઝૂડો

**દ્રવ્યવાચક નામ :** જેને ગણી ન શકાય તેવા અનાજ, તેમજ સોનું, ચાંદી જેવી ધાતુ તથા પ્રવાહી પદાર્થને દ્રવ્યવાચક નામ કહેવાય છે. દા.ત. ચા, દૂધ, કૉફી, પાણી, તાંબુ

**ભાવવાચક નામ :** લાગણી, દુઃખ, ગુસ્સો, પ્રેમ, હાસ્ય જેવા મનના ભાવ દર્શાવતા નામને ભાવવાચક નામ કહેવાય છે. દા.ત. સુખ, આનંદ, ગુસ્સો

## ❖ નીચે આપેલા કોષ્ટકમાંથી દ્રવ્યવાચક અને ભાવવાચક નામ શોધીને લખો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| આ | જ | પ્રે | મ | ઘૃ | ણા | ગુ |
| ભ | નં | ન | ગ | ર | મી | સ્સો |
| ય | પા | દ | ઘી | સે | ગ | મી |
| ઘ | ણી | ખ | વ | વા | તે | ઠા |
| દૂ | ખાં | દુઃ | છા | છ | લ | શ |
| ઉં | ડ | દી | શ | ર | બ | ત |
| ઘ | ચાં | સો | નું | પુ | વા | ની |

### વિશેષ કૃતિ

## ❖ કૌંસમાંથી યોગ્ય વિશેષણ શોધી ખાલી જગ્યા પૂરો. (જૂનું, બાર, મીઠી, ચાલાક, નાના)

(૧) મને __________ કેરીનો રસ બહુ ભાવે છે.

(૨) __________ ફર્નિચર બદલવાની જરૂર છે.

(૩) મેદાનમાં __________ બાળકો રમે છે.

(૪) શિક્ષકે આજે __________ શિયાળની વાર્તા સંભળાવી.

(૫) એક ડઝનમાં __________ કેળાં આવે.

❖ રેખાંકિત શબ્દને બદલે કૌંસમાં આપેલ શબ્દ મૂકી આવશ્યક ફેરફાર કરી વાક્ય ફરીથી લખો.

(૧) સીમા ગીત ગાતી હતી. (રમેશ)
(૨) મમ્મીએ થાળીમાં શ્રીખંડ પીરસ્યો છે. (બાસુંદી)
(૩) વાંદરો કેળું ખાઈ ગયો. (ગાય)
(૪) મેં વાર્તા લખી છે. (કાવ્ય)

❖ આગળથી અને પાછળથી સરખા જ વંચાય તેવા શબ્દો લખો.

(૧) ૬૦ મિનિટનો બને -
(૨) પેન્સિલની સાથે જોઈએ -
(૩) આંખ,ચક્ષુ -
(૪) એકદમ નવું -
(૫) વહાણ, આગબોટ -
(૬) નૃત્યનો એક પ્રકાર -

## સંભાષણ

❖ 'પરિશ્રમનો કોઈ પર્યાય નથી' વિશે તમારો મત વ્યક્ત કરો.

❖ વર્ગમાં આ વાર્તા ટૂંકમાં તમારા શબ્દોમાં રજૂ કરો.

## વાદ-પ્રતિવાદ

❖ બે જૂથ પાડીને 'પરીક્ષામાં વધુ ગુણ મેળવવા મહત્વના છે કે જ્ઞાન મેળવવું' તે વિષય પર વાદ-પ્રતિવાદ કરો. એક જૂથ પરીક્ષામાં વધુ ગુણ મેળવવાના પક્ષમાં મુદ્દા રજૂ કરશે. જ્યારે બીજું જૂથ જ્ઞાન મેળવવાના પક્ષમાં દલીલો કરશે.

## મારી કલમે

❖ તમારી શાળામાં આયોજિત શાળાદિનમાં આપવા માટે ભાષણ તૈયાર કરો.

## પુસ્તકાલયની મુલાકાત

❖ શ્રી. કરસનદાસ માણેક રચિત 'જીવન અંજલિ થાજો', 'મને એ જ નથી સમજાતું કે આવું શાને થાય છે' કાવ્યો માણો. તેમ જ તેમના દ્વારા લિખિત મહાભારત કથા ભાગ - ૧,૨,૩ વાંચો.

## નિબંધ લખતા શીખીએ.

મિત્રો, તમે એકથી પાંચ ધોરણમાં કોઈ એક ચિત્ર વિશે કે વિષય પર પરિચ્છેદ લખતાં શીખ્યાં છો. હવે આપણે નિબંધ લખતાં શીખીશું. નિબંધ લખતી વખતે આપણે જે વિષય પર નિબંધ લખવાનો હોય તેને અનુરૂપ મુદ્દાઓ વિચારી લેવા જોઈએ. ત્યાર બાદ નિબંધ લખવાની શરૂઆત કરવી જોઈએ. નિબંધના મુખ્ય ત્રણ ભાગ હોય છે.

**આરંભ** : નિબંધની શરૂઆતમાં વિષયને અનુરૂપ પ્રારંભિક વાત આકર્ષક રીતે રજૂ કરવામાં આવે છે.

**મુખ્ય વિગતો** : આ ફકરામાં વિષય સંબંધી તમામ મહત્વના મુદ્દાઓને ટૂંકાણમાં આવરી લેવા.

**સમાપન** : નિબંધના અંતે એક-બે વાક્યમાં નિબંધનો સાર-તાત્પર્ય લખવામાં આવે છે. નિબંધ લખતી વખતે સરળ શબ્દો અને ટૂંકા વાક્યોનો ઉપયોગ કરવો. જોડણી સાચી હોય અને વિરામચિહ્નોના યોગ્ય ઉપયોગ બાબતે પણ ધ્યાન રાખવું. ભાષાશુદ્ધિ અંગે પણ વિશેષ સાવધાની રાખવી.

વિદ્યાર્થીઓને યોગ્ય આરોહ-અવરોહ અને ઉચ્ચાર સાથે, વિરામચિહ્નોની સભાનતાસહ ક્રમિક વાંચન કરાવવું. કૃતિના આશય, ઘટના-પ્રસંગ, પાત્રો વિશે પોતાનો મત તથા કૃતિ સંબંધી સ્વાનુભવ વ્યક્ત કરવા પ્રેરિત કરવા. પોતાના શબ્દમાં કૃતિનો સારાંશ રજૂ કરવા તક આપવી. વિદ્યાર્થીઓને અલંકાર-શબ્દાલંકાર વિશે સરળ શબ્દોમાં સમજૂતી આપી વિશેષ મહાવરો કરાવવો. નિબંધલેખન વિશે સરળ શબ્દોમાં સમજૂતી આપવી.

## ચાલો, વાંચીએ

# શાળાદિન

આજે શાળાદિનની ઉજવણી હતી. અગાઉ નક્કી કર્યા મુજબ સહુ બાળકો શાળાના મેદાનમાં ભેગાં થયાં હતાં. ઉજવણી માટેનાં જુદાંજુદાં કામ માટે ટુકડીઓ રચવામાં આવી હતીઃ 'સ્વચ્છતા ટુકડી,' 'શણગાર ટુકડી,' 'મનોરંજન ટુકડી.' એ ટુકડીઓ પોતપોતાનું કામ કરવા લાગી હતી. વિદ્યાર્થીઓનો ઉત્સાહ અને આનંદ તેમનાં કામમાં જણાઈ આવતાં હતાં.

સ્વચ્છતા ટુકડીનાં બાળકોએ શાળાની આસપાસની જગ્યા, તેનું ચોગાન, વર્ગો અને સભાખંડ વાળીઝૂડીને સાફસૂફ કર્યાં હતાં. શણગાર ટુકડીએ શાળાના પ્રવેશદ્વાર ઉપર, ચોગાનમાં, વર્ગો અને સભાખંડના દ્વાર ઉપર તોરણ બાંધ્યાં હતાં. શાળા શણગારી હતી. તેથી આજ તેની શોભા અનેરી લાગતી હતી. મનોરંજન ટુકડીનાં બાળકોએ શિક્ષકોની મદદથી સરસ કાર્યક્રમ યોજ્યો હતો. તેનું નામ રાખ્યું હતુંઃ ''ભારતનાં સંતાન'' તેમણે શાળાનાં સભાખંડમાં એ કાર્યક્રમ રજૂ કર્યો હતો. એ કાર્યક્રમમાં શાળામાં ભણતાં છોકરા- છોકરીઓએ ભાગ લીધો હતો. તેમાં અહમદ, રૂસ્તમ, શકીના તેમજ ભરત, શીલા, શૈલેશ, વીણા પણ હતાં. અહમદે મુસલમાનનો પોશાક પહેર્યો હતો. રૂસ્તમને જોતાં જ પારસીનો પહેરવેશ જણાઈ આવતો હતો. શકીનાએ પંજાબી દેખાય તેવાં કપડા પહેર્યાં હતાં. ભરત, શૈલેષ તેમજ બીજાં બાળકોએ જાતજાતનાં કપડાં પહેર્યાં હતાં.

સભાખંડમાં મનોરંજનના કાર્યક્રમ માટે તખતો ઊભો કર્યો હતો. કાર્યકમમાં ભાગ લેનાર બધાં બાળકો તેમના પહેરવેશ પહેરીને વારાફરતી તખતા પર આવતાં હતાં. કોઈને સુંદર ગીત ગાવાનું હતું તો કોઈને નૃત્ય કરવાનું હતું. પછી એક સુંદર બાળનાટક પણ ભજવાયું હતું. છેવટે સહુ બાળકોએ નાના-નાના ત્રિરંગી રાષ્ટ્રીય ઝંડાઓ લઈને સમૂહમાં બુલંદ અવાજે નીચેનું ગીત ગાયું

**ઓ હિંદ! દેવભૂમિ! સંતાન સૌ તમારાં!**
**કરીએ મળીને વંદન! સ્વીકારજો અમારાં!**
**હિંદુ અને મુસલમિન, ઈસાઈ, પારસી જિન;**
**દેવી! સમાન રીતે, સંતાન સૌ તમારાં.**

આ ગીત ગવાતું હતું ત્યારે આખાયે ભારતનું સુંદર દર્શન થતું હતું. આ દેશમાં આપણે સહુ એક છીએ એવો ભાવ દેખાઈ આવતો હતો. ગીત પૂરું થયું એટલે સહુએ તાળીઓના ગડગડાટથી કાર્યક્રમને વધાવી લીધો હતો. સહુને આ કાર્યક્રમ ગમ્યો. આપણે સૌ જુદા ધર્મ કે કોમના છીએ, પણ સહુ એક દેશના જ છીએ તેવી લાગણી અનુભવતાં સહુ છૂટા પડ્યાં.





ઉપરની કૃતિના માધ્યમથી વિદ્યાર્થીઓને અહેવાલ લેખનનો સરળ શબ્દોમાં પ્રાથમિક પરિચય આપવો.

♦ ચાલો, ગાઈએ

હતો હું સૂતો પારણે પુત્ર નાનો,
રડું છેક તો રાખતું કોણ છાનો?

મને દુ:ખી દેખી દુ:ખી કોણ થાતું?
મહા હેતવાળી દયાળી જ મા તું.





સૂકામાં સુવાડે ભીને પોઢી પોતે,
પીડા પામું પંડે, તજે સ્વાદ તો તે;

મને સુખ માટે કટુ કોણ ખાતું?
મહા હેતવાળી દયાળી જ મા તું.

લઈ છાતી સાથે બચી કોણ લેતું?
તજી તાજું ખાજું, મને કોણ દેતું?

મને કોણ મુખે મીઠાં ગીત ગાતું?
મહા હેતવાળી દયાળી જ મા તું.





પડું કે ચડું તો ખમ્મા આણી વાણી;
પડે પાંપણે પ્રેમનાં પૂર પાણી;

પછી કોણ પોતા તણું દૂધ પાતું?
મહા હેતવાળી દયાળી જ મા તું.

સર્જક પરિચય **શ્રી. દલપતરામ ડાહ્યાભાઈ ત્રવાડી**

અર્વાચીન ગુજરાતી સાહિત્યના છડીદાર સમા દલપતરામ બાળકોના કવિ તરીકે પણ જાણીતા છે. તેમનાં સર્જનમાં વાર્તા, નિબંધ, નાટક, કાવ્ય, દોહરા, મુક્તકનો સમાવેશ થાય છે. તેમણે બાળકોની બુદ્ધિ અને સ્મરણશક્તિને ખીલવે તેમજ નિર્મળ મનોરંજન સાથે સંસ્કારબોધ આપે તેવાં બાળભોગ્ય કાવ્યો મોટી સંખ્યામાં આપ્યાં છે. 'દલપત કાવ્ય ભાગ-૧,૨', 'કાવ્ય દોહન પુસ્તક-૧,૨', 'માંગલિક ગીતાવલિ', 'મિથ્યાભિમાન', 'ફાર્બસવિરહ' તેમની જાણીતી કૃતિઓ છે.

## ચાલો, કૃતિ કરીએ

### ❖ વિચારીએ, ચર્ચા કરીએ અને કહીએ.



(૧) જયારે તમે કોઈ તકલીફમાં હો, ત્યારે કોની પાસે જાઓ છો?

(૨) તમે કંઈ ના કહો તો પણ તમારી તકલીફ જાણી લે, એવી કઈ વ્યક્તિ છે?

(૩) તમારી સફળતામાં તમારાં કરતાં પણ વધુ ખુશ કોણ હોય છે?

(૪) તમે બીમાર પડો ત્યારે તમારાં મમ્મી શું કરે છે?

### કૃતિના આધારે



### ❖ યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય પૂર્ણ કરો.

(૧) બાળકના શરીરે પીડા ન થાય તે માટે મા ________ ભોજનનો ત્યાગ કરે છે.

(અ) ગરમ (બ) વાસી (ક) સ્વાદિષ્ટ

(૨) બાળકના શરીરને સારું રહે તે માટે મા ________ ખોરાક ખાય છે.

(અ) તાજો (બ) કટુ (ક) ગળ્યો

(૩) મા જે પણ ખાય તેની અસર બાળક પર થાય છે કારણકે ________

(અ) બાળક માનું દૂધ પીએ છે.

(બ) મા જે ખાય તેના ગુણ એ ખોરાકમાંથી બનતા દૂધમાં આવે છે.

(ક) મા પોતે વાસી ખાઈને બાળકને તાજો ખોરાક આપે છે.

(૪) બાળક પડી જાય કે તેને વાગી જાય ત્યારે માની પાંપણ ભીની થાય છે કારણકે ________

(અ) બાળક પ્રત્યેના પ્રેમને કારણે માની આંખમાં આંસુ આવે છે.

(બ) માની આંખમાં કચરો જવાથી આંખમાં પાણી આવે છે.

(ક) માની આંખમાં ઇન્ફેક્શન થયું છે.

❖ **શું તે કહો.**

(૧) મા છાતીએ વળગાડીને બાળકને ભરે છે - 
(૨) બાળકને દુ:ખી જોઈ માને થાય છે - 
(૩) મા બાળક માટે ગાય છે - 
(૪) બાળક પડે ત્યારે મા બોલે છે - 

## કૃતિનું મંથન

❖ **બાળક ગર્ભમાં હોય ત્યારે અને બાળકના જન્મ સમયે માતાને થતી તકલીફો વિશે તમારા મમ્મી પાસેથી જાણીને લખો.**

## સ્વાનુભવ/સ્વમત

(૧) મમ્મી ઘરમાં ન હોય ત્યારે ઘરમાં શું ફેરફાર થાય છે?

(૨) તમે બીમાર પડો ત્યારે તમે શું કરો છો? મમ્મી અને ઘરના લોકો શું કરે છે?

(૩) મમ્મી બીમાર પડે ત્યારે મમ્મી શું કરે છે? તમે શું કરો છો?

## પંક્તિ પર ચર્ચા

❖ **તમારા મતે આ પંક્તિનો અર્થ શું છે? જૂથમાં તે વિશે ચર્ચા કરો.**

સૂકામાં સુવાડે ભીને પોઢી પોતે,
પીડા પામું પંડે, તજે સ્વાદ તો તે.

## ભાષિક સમજ

❖ **અર્થ એક શબ્દ અનેક**

(૧) મા - માતા, જનની, મમ્મી, બા
(૨) મસ્તક - માથું, શિર, શીશ, મગજ
(૩) રસ - સ્વાદ, રુચિ, અર્ક, આનંદ
(૪) જળ - નીર, વારિ, સલિલ, પાણી
(૫) દેહ - કાયા, શરીર, અંગ, પંડ
(૬) આંખ - નેત્ર, ચક્ષુ, નેણ, લોચન

❖ **શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.**

(૧) બાળકને સુવાડવાની કઠેડાવાળી નાની હિંડોળાખાટ - 
(૨) મોંમાં લેવાયેલા પદાર્થના રસનો અનુભવ થવો - 
(૩) ક્ષેમકુશળ રહો-દુ:ખ ન થાઓ એવો ભાવયુક્ત ઉદ્‌ગાર - 
(૪) સાટા જેવી મેંદાની એક ખાવાની વાનગી - 
(૫) પોપચાંની કિનારી ઉપરના વાળ - 
(૬) બાળકને પારણે ઝુલાવતાં ગવાતું ગીત - 

❖ **કાવ્યમાંથી પ્રાસયુક્ત શબ્દોની જોડી શોધીને લખો.**

❖ **નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલ શબ્દ લખો.**

| | | | |
|---|---|---|---|
| (૧) ચુંબન | (૩) દીકરો | (૫) વેદના | (૭) દેહ |
| (૨) છોડવું | (૪) પ્રેમાળ | (૬) દયાળુ | (૮) શાંત |

❖ **નીચેના શબ્દોના વિરોધી શબ્દ લખો.**

| | | | |
|---|---|---|---|
| (૧) રુદન × | (૩) નાનો × | (૫) ભીનું × | (૭) તાજું × |
| (૨) કટુ × | (૪) દુઃખ × | (૬) જાગવું × | (૮) મીઠા × |

## અલંકાર

❖ **નીચેની પંક્તિઓનો અભ્યાસ કરો.**

લઈ છાતી સાથે બચી કોણ લેતું?
તજી તાજું ખાજું મને કોણ દેતું?

**પંક્તિને અંતે પ્રાસયુક્ત શબ્દ આવે તેને અંત્યાનુપ્રાસ અલંકાર કહેવાય છે.**

**અલંકાર ઓળખીએ.**

(૧) પીડા પામું પંડે, તજે સ્વાદ તો તે.

(૨) પડે પાંપણે પ્રેમના પૂર પાણી.

(૩) પડું કે ચડું તો ખમ્મા આણી વાણી;
પડે પાંપણે પ્રેમના પૂર પાણી;

(૪) મને કોણ મુખે મીઠાં ગીત ગાતું?

(૫) સૂકામાં સુવાડે ભીને પોઢી પોતે.

(૬) હતો હું સૂતો પારણે પુત્ર નાનો,
રડું છેક તો રાખતું કોણ છાનો?

❖ **નીચેનાં વાક્યોમાંથી સર્વનામ ઓળખો.**

(૧) આપણે સાથે ઘરકામ કરીશું

(૨) મેં સુંદર ચિત્ર દોર્યું છે.

(૩) અમે કવિતા વાંચી છે.

(૪) તેણે બધા દાખલા ગણી લીધા છે.

❖ **સૂચના અનુસાર વાક્ય ઓળખો.**

**નીચેમાંથી વર્તમાનકાળનું વાક્ય શોધી ક્રમાંક લખો.** ( )

(૧) રમેશ પતંગ ચગાવશે.

(૨) અમે મામાને ઘેર ગયા હતા.

(૩) ચકલી માળો બાંધે છે.

(૪) મીના અમદાવાદ ગઈ હતી.

**નીચેમાંથી ભૂતકાળનું વાક્ય ઓળખી ક્રમાંક લખો.** ( )

(૧) ગીતા ચોપડી વાંચતી હતી.

(૨) મોના ચિત્ર દોરે છે.

(૩) રમા શાક લેવા ગઈ છે.

(૪) દિવાળીની રજાઓમાં અમે ગામ જઈશું.

**નીચેમાંથી ભવિષ્યકાળનું વાક્ય ઓળખી ક્રમાંક લખો.** ( )

(૧) વિજય ગીત ગાય છે.

(૨) ગીતા ચોપડી વાંચશે.

(૩) હું ત્યાં ગયો.

(૪) અક્ષય મોસાળ ગયો.

## વિશેષ કૃતિ

❖ **નીચેના શબ્દોમાં કયા વ્યંજન જોડાઈને જોડાક્ષર બન્યો છે તે લખો.**

(૧) સ્ત્રી - સ્ + ત્ + ર (૩) ઈંદ્ર - (૫) શસ્ત્ર -

(૨) ખાદ્ય - (૪) વિદ્યા - (૬) કેન્દ્ર -

❖ **નીચેનો સ્વાદ ધરાવતા ખાદ્યપદાર્થના નામ લખો.**

(૧) કડવો - (૨) મીઠો - (૩) તીખો - (૪) તૂરો -

❖ **મીઠાઈના નામ ઓળખો.**

(૧) આપણા એક અવયવનું નામ છે -
(૨) મારા નામમાં એક છોકરાનું નામ આવે છે -
(૩) હું ભીનો અને સૂકો એમ બે રીતનો મળું છું -
(૪) મારા નામમાં એક શહેરનું નામ આવેલું છે -
(૫) મારા નામનું એક રમકડું પણ છે -
(૬) મારા નામની શરૂઆત માના સમાનાર્થી શબ્દથી થાય છે -
(૭) મારા નામની શરૂઆત માનવાચક શબ્દથી થાય છે -
(૮) મારા નામમાં એક ફૂલનું નામ સમાયેલું છે -

❖ **કાવ્યમાં આપેલાં ચિત્રોને આધારે પાંચથી છ વાક્યો લખો.**

❖ **નીચેના શબ્દોના અક્ષર વડે બનતા નવા શબ્દો લખો.**

હેતવાળી → [ ] → [ ] → [ ]

## પુસ્તકાલયની મુલાકાત

❖ **શાળાના પુસ્તકાલય અથવા ઈ-લાઇબ્રેરીમાંથી દલપતરામ રચિત 'અંધેરી નગરી', 'ઊંટના અઢાર વાંકાં' કાવ્યો વાંચો.**

## સંભાષણ

❖ **'જનનીની જોડ સખી નહીં જડે રે લોલ...' કાવ્ય સમૂહમાં ગાઓ.**

## મારી કલમે

❖ **'મારી મા' વિશે તમારા શબ્દોમાં પરિચ્છેદ તૈયાર કરો.**

❖ **'જો મમ્મી હડતાળ કરે તો' એ વિશે તમારી ભાષામાં નિબંધ લખો.**

## ચાલો, ગાઈએ

### હાલરડું

દીકરી મારી લાડકવાયી લક્ષ્મીનો અવતાર;
એ સૂએ તો રાત પડે ને જાગે તો સવાર.
દીકરી મારી...



દીકરી તારા વ્હાલનો દરિયો જીવનભર છલકાય;
પામતા જીવન માત-પિતાનું ધન્ય થઈ જાય;
એક જ સ્મિતે તારાં ચમકે મોતીડાં હજાર.
દીકરી મારી...

ઢીંગલા સાથે રમતી ઢીંગલી જેવું મારું બાળ;
રમતા થાકીને ભૂખ લાગે તો ખીર રાખું તૈયાર;
રૂપમાં તારા લાગે મને પરીનો અણસાર.
દીકરી મારી...

કાલી ઘેલી વાણીથી ઘર ઘૂઘરો થઈને ગુંજે;
પા-પા પગલી ચલાવતા બાપનું હૈયું ઝૂમે;
દીકરી તું તો માત-પિતાનો સાચો છે આધાર.
દીકરી મારી...

હૈયાના ઝૂલે હેતની દોરી બાંધી તને ઝૂલાવું;
હાલરડાની રેશમી રજાઈ તને હું ઓઢાડું;
પાવન પગલે તારા મારો ઉજળો છે સંસાર.
દીકરી મારી...

– મુકેશ માલવણકર





વિદ્યાર્થીઓને સૂર-તાલ સહિત કાવ્ય ગવડાવવું. અભિનયસહ કાવ્ય રજૂ કરવાની તક આપવી. કૃતિ સમજાવતાં પહેલા કૃતિના ગાયન અને આપેલા ચિત્રના આધારે કૃતિના આશય વિશે અનુમાન કરવા કહેવું. નામ તથા નામના પ્રકાર, સર્વનામ, અલંકાર, વિશેષણ, ક્રિયાપદ અને કાળનો વિશેષ મહાવરો કરાવવો.

# ૪. ટિટોડી અને સાગર



સાગરને તીર એક ટટળે ટિટોડી,
ચીરી આકાશ એની ઊઠે છે ચીસ,

''સાગર ગોઝારા હો, ઈંડાં મારાં દે.''
ટટળી કળેળતી કાઢે છે રીસ.

મસ્તીના ઘેનમાં ગાજે મહેરામણો,
''છો ને ટિટોડી પેલી ટટળી મરે,

ડુંગર શાં જહાજ મેં કૈં કૈં ડુબાવિયાં,
ઈંડાં ભૂંડાં તારાં પાછાં ફરે!''

થાકી ટિટોડીએ દુનિયાની પંખજાત
ઘેરે ઘેરે જઈ ભેગી કરી,

ઈંડાં ટિટોડીના પાછાં અપાવવા,
પંખીની સેના ત્યાં આવી ચડી.

ચાંચે સમાણું જે તરણું કે કાંકરો,
પહાણો પથ્થર સૌ પંજે લઈ,

માંડ્યો સાગરને પંખીએ પૂરવા,
દરિયાની ઊંઘ ત્યાં ઊડી ગઈ.

સાતે પાતાળનાં સળક્યાં પાણીડાં,
દરિયાને પેટ આગ ભડકી રહી,

દરિયો ત્યાં હારિયો, કરગરતો આવિયો,
ઈંડાં ખોબામાં પાછાં લઈ.

સાગરને તીર ત્યાં હરખે ટિટોડી,
મોતી શાં ઈંડાં પાછાં લઈ,

''સૌને ડુબાડતો દરિયો મેં ડારિયો,
એના સૌ ભેદ મેં જોયા જઈ.''

– સુન્દરમ્



સર્જક પરિચય **શ્રી. ત્રિભુવનદાસ પરસોત્તમદાસ લુહાર**

તેમનો જન્મ ૨૨ માર્ચ, ૧૯૦૮ના રોજ ભરૂચ જિલ્લાના મિયાંમાતર ગામમાં થયો હતો. ‘સુંદરમ’ તેમનું જાણીતું તખલ્લુસ છે. ગુજરાતી સાહિત્યના ગાંધીયુગના પ્રભાવશાળી કવિ અને વાર્તાકાર તરીકે ઓળખાતા આ કવિએ કવિતા, ટૂંકીવાર્તા, વિવેચન અને સાહિત્યમાં અમૂલ્ય પ્રદાન કર્યું છે. ‘કોયાભગતની કડવી વાણી’, ‘કાવ્યમંગલ’, ‘વસુધા’ અને ‘યાત્રા’ તેમના પ્રસિદ્ધ કાવ્યસંગ્રહ છે. વાર્તા ક્ષેત્રે ‘હીરાકણી અને બીજી વાર્તાઓ’ પણ ખૂબ જાણીતી કૃતિ છે. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક અને નર્મદ સુવર્ણચંદ્રકથી નવાજવામાં આવ્યા છે. તેઓ ૧૩ જાન્યુઆરી, ૧૯૯૧ના રોજ અવસાન પામ્યા.

## ચાલો, કૃતિ કરીએ

❖ **વિચારીએ, ચર્ચા કરીએ અને કહીએ.**

(૧) તમે ક્યારેય દરિયા કિનારે ફરવા ગયા છો?

(૨) દરિયામાંથી આપણને શું શું મળે છે?

(૩) દરિયામાં ભરતી અને ઓટ શાથી આવે છે?

(૪) તમને દરિયાના ઉછળતા મોજાંઓને જોઈને શું વિચાર આવે છે?

### કૃતિના આધારે

❖ **યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય પૂર્ણ કરો.**

(૧) મસ્તીના ઘેનમાં ____________ ગાજે છે.

(અ) નદી (બ) ટિટોડી (ક) મહેરામણ

(૨) ટિટોડીએ ઘેર ઘેર જઈ ____________ ભેગા કર્યાં.

(અ) પક્ષીઓને (બ) મિત્રોને (ક) માણસોને

(૩) ટિટોડીના ઈંડાં પાછાં અપાવવા ____________ ની સેના ભેગી થઈ.

(અ) વાનર (બ) પંખી (ક) માનવ

(૪) સાગરના તીરે એક ટિટોડી ____________ હતી.

(અ) બડબડતી (બ) ટટળતી (ક) રઝળતી

(૫) સૌને ડુબાડતા દરિયાને ____________ એ ડારિયો.

(અ) પંખી (બ) પાણી (ક) ટિટોડી

❖ **નીચેનો અર્થ દર્શાવતી કાવ્યપંક્તિ લખો.**

(૧) એક ટિટોડી દુઃખી થઈને દરિયાકિનારે ચીસો પાડતી હતી.

(૨) ડુંગર જેવાં મોટાં મોટાં જહાજ ડૂબી ગયાં, ત્યાં તારા ઈંડાં ક્યાંથી પાછાં આપું?

(૩) ટિટોડીએ ઘેર ઘેર જઈ બધાં પંખીઓને ભેગાં કર્યાં.

❖ **શું તે લખો.**

(૧) સાગરે પોતાનામાં ડુબાવ્યા છે –
(૨) ઘેર ઘેર જઈ ટિટોડીએ ભેગી કરી –
(૩) સાત પાતાળના સરક્યા –
(૪) ટિટોડીએ હરખમાં પાછાં મેળવ્યાં –
(૫) દરિયાની ઊડી ગઈ –
(૬) સાગર પાસે ટિટોડીએ માગ્યાં –
(૭) પંખીસેનાએ ચાંચ અને પંજામાં લીધાં –
(૮) દરિયો કરગરીને ખોબામાં લાવ્યો –
(૯) દરિયાના પેટમાં ભડકી –

❖ **કોણ તે લખો.**

(૧) સાગરને તીર ટટળે –
(૨) મસ્તીના ઘેનમાં ગાજનાર –
(૩) ટિટોડીના ઈંડાં પાછાં અપાવવા મદદ કરનાર –
(૪) કરગરીને ઈંડાં પાછાં આપનાર –
(૫) સૌને ડુબાડતા દરિયાને ડારનાર –

❖ **ટિટોડીની અને સાગરની વિશેષતા લખો.**

## કૃતિનું મંથન

(૧) સાગરને તીરે ટિટોડી શા માટે ચીસ પાડે છે?
(૨) સાગરને કઈ વાતનું અભિમાન છે?
(૩) પંખીઓએ સાગરને કેવી રીતે હરાવ્યો?
(૪) પંખીઓની જીતનું કારણ શું છે?
(૫) સાગરની વિશાળતા સામે ટિટોડીનું સાહસ શું સૂચવે છે? તમારો મત જણાવો.
(૬) સાગર હારી ગયો અને વિસ્મય પામ્યો – આ વિધાન પાછળનું કારણ જણાવો.
(૭) જો ટિટોડી હિંમત હારી ગઈ હોત તો શું થાત?

## પંક્તિ પર ચર્ચા

❖ **તમારા મતે આ પંક્તિનો અર્થ શું છે? જૂથમાં તે વિશે ચર્ચા કરો.**

''ચાંચે સમાણું જે તરણું કે કાંકરો, પહાણો પથ્થર સૌ પંજે લઈ,
માંડ્યો સાગરને પંખીએ પૂરવા, દરિયાની ઊંઘ ત્યાં ઊડી ગઈ.''

## ભાષિક સમજ

❖ **સર્વનામના પ્રકાર શીખીએ.**

- પહેલો પુરુષ – હું (એ.વ.) અમે (બ.વ.)
- બીજો પુરુષ – તું (એ.વ.) તમે, આપ (બ.વ.)
- ત્રીજો પુરુષ – તે (એ.વ.) તેઓ (બ.વ.)

❖ નીચેના વાક્યોમાંથી સર્વનામ શોધી તેના પ્રકાર લખો.

(૧) મેં મારી જાતે આ ઘર ઊભું કર્યું છે.

(૨) અમે રજામાં કાશ્મીર ફરવા જઈશું.

(૩) તારે ઘરકામ કરવાનું બાકી છે.

(૪) તે સાંજે ટીવી જોશે.

(૫) આ મેં શું કર્યું?

(૬) તમારે જોઈએ તે લઈ લો.

(૭) પેલો તો બહુ તોફાની છે.

❖ ગુણવાચક વિશેષણ વિશે જાણીએ.

(૧) મારું ઘર નાનું છે (કેવું?)

(૨) તેણે નવી ગાડી લીધી (કેવી?)

કેવો, કેવી, કેવું પ્રશ્ન પૂછવાથી જે ઉત્તર મળે તેને ગુણવાચક વિશેષણ કહેવાય છે.

જે શબ્દ વિશેષ્યનો ગુણ દર્શાવે છે તેને ગુણવાચક વિશેષણ કહેવાય છે.

❖ પ્રશ્નવાચક વિશેષણ વિશે જાણીએ.

(૧) ક્યો માણસ આવ્યો હતો?

(૨) કેવી વાત કરો છો?

(૩) તું ક્યો પાઠ વાંચે છે?

(૪) મમ્મીએ કઈ સાડી પહેરી છે?

**રેખાંકિત શબ્દો વિશેષણ તરીકે વપરાયા છે અને પ્રશ્ન પૂછવા માટે પણ વપરાયા છે. આથી એને પ્રશ્નવાચક વિશેષણ કહેવાય છે.**

❖ કાવ્યમાં આવેલા સર્વનામ શોધીને લખો.

❖ નીચે આપેલા કોષ્ટકમાંથી વ્યક્તિવાચક, સમૂહવાચક, જાતિવાચક નામ શોધો.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ટો | ક | બ | ટો | સ | રે | લી | મ | ડો |
| ળું | રી | ળું | ળ | મૂ | ખા | ગુ | પ | લ |
| પ્રા | ણી | દ | કી | હ | સે | લા | ર્વ | શ્ક |
| મો | ર | ર | ગા | ય | ના | બ | ત | ર |
| વા | દ | ળ | બે | મ | લ | ભ | મા | ર |
| મા | ન | વ | ઝા | ડ | ટી | કી | ણ | મે |
| કા | ફ | લો | કી | ફૂ | લ | જા | સ | શ |
| પી | પં | ખી | કે | રી | ઊ | રા | જ | રા |

❖ નમૂના મુજબ 'ઇક' પ્રત્યય લગાડી શબ્દ બનાવો. મુખ – મૌખિક

(૧) ભૂગોળ (૨) કુટુંબ (૩) પુરાણ (૪) ભૂમિતિ

## વિશેષ કૃતિ

❖ છેલ્લે 'રણ' આવે તેવા ત્રણ, ચાર અને પાંચ અક્ષરના શબ્દ લખી 'રણ'નું તોરણ પૂરું કરો.



❖ તમે જાતે સરળ શબ્દકોયડા, શબ્દરમત તૈયાર કરો.

❖ નીચેના સમાચારમાંથી મહત્વના મુદ્દા અને સારાંશ તમારા મિત્રને કહો.

**ખેડૂતો ઉપર સંકટ!**
**કમોસમી વરસાદને લીધે ઘઉં થયા ખરાબ! રવીપાકને મોટું નુકસાન!**

નાસિક શહેરની સાથે તાલુકામાંના કેટલાક ભાગમાં બુધવારે સવારથી જ વીજળીના કડકડાટ સાથે કેટલીક જગ્યાએ જોરદાર, તો કેટલીક જગ્યાએ છૂટોછવાયો વરસાદ વરસ્યો છે. કેટલીક જગ્યાએ પવનનો વેગ વધુ હોવાથી કાપણી માટે તૈયાર થયેલા રવીપાકને નુકસાન થયું છે. તેના લીધે ખેડૂતોની ચિંતા વધી ગઈ છે.

## પુસ્તકાલયની મુલાકાત

પુસ્તકાલયમાંથી શ્રી. સુંદરમ્ રચિત બાળકાવ્યો મેળવો અને તેનો સંગ્રહ કરો.

## સંભાષણ

આ કાવ્યને વાર્તા સ્વરૂપે વર્ગમાં રજૂ કરો.

## મારી કલમે

સાગર અને ટિટોડી વચ્ચેનો વાર્તાલાપ સંવાદ સ્વરૂપે લખો

વિદ્યાર્થીઓને સૂર-તાલ સહિત કાવ્ય ગવડાવવું. કૃતિ સમજાવતાં પહેલા કૃતિના ગાયન અને આપેલા ચિત્રના આધારે કૃતિના આશય વિશે અનુમાન કરવા કહેવું. કાવ્યમાં આવેલા પ્રાસયુક્ત શબ્દો તરફ બાળકોનું ધ્યાન દોરવું. વિશેષ કૃતિમાં આપેલી કૃતિઓ તથા નામ, સર્વનામ, વિશેષણના પ્રકારનો વિશેષ મહાવરો કરાવવો.

# વિશેષ વાંચન

## ચાલો, વાંચીએ

### ત્રણ ઈચ્છાઓ

એક હતો કઠિયારો. એ રોજ જંગલમાં જાય, લાકડાં કાપી લાવે, તે વેચે અને પોતાનું ગુજરાન ચલાવે. એ અને એની પત્ની એક ઝૂંપડામાં રહેતાં હતા. બેઉ સંતોષી હતાં ને ખાઈ-પીને આનંદ કરતાં હતાં.

એક દહાડો કઠિયારો જંગલમાં લાકડાં કાપવા ગયો હતો. એણે એક મજાનું ઝાડ પસંદ કરીને કાપવાનું નક્કી કર્યું. કુહાડો ઉપાડીને એ જ્યાં મારવા જાય છે ત્યાં એકાએક અવાજ આવ્યો, 'ના! કઠિયારા, એ ઝાડને રહેવા દે. એ મારું માનીતું ઝાડ છે. મારું માનીશ તો તારી અને તારી પત્નીની કુલ ત્રણ ઈચ્છા ફળશે ને ત્રણ વખત જે-જે વસ્તુની ઈચ્છા કરશો તે મળશે.'

કઠિયારાએ એ ઝાડ કાપવાનું રહેવા દીધું. એણે આજુબાજુ જોયું પણ એ અવાજ ક્યાંથી આવ્યો તે સમજાયું નહિ. એણે તો બીજેથી લાકડાં એકઠા કર્યાં, ભારો બાંધ્યો ને તે લઈને પોતાને ઘેર ગયો. બપોરનો સમય થયો હતો. એને કકડીને ભૂખ લાગી હતી. એણે પત્નીને પૂછ્યું 'શું બનાવ્યું છે?' 'ઘેંશ', એની પત્નીએ જવાબ આપ્યો.

'ઘેંશ જ! અરે! આજે તો ભારે ગમ્મત થઈ!' એમ કહીને એણે જંગલમાં જે બન્યું તે કહ્યું અને ઉમેર્યું 'એકલી ઘેંશ ખાવાને બદલે મારી એવી ઈચ્છા છે કે જલેબીનાં ગૂંચળેગૂંચળાંથી આપણું ઝૂંપડું ભરાઈ જાય.'

અને એ શબ્દો એના મોઢામાંથી નીકળ્યા ત્યાં તો આકાશમાંથી જલેબીનાં મોટાં મોટાં ગૂંચળાં ઉતરી આવ્યાં ને આખું ઝૂંપડું ભરાઈ ગયું. કઠિયારાની પત્નીને એ જોઈ ગુસ્સો આવ્યો. માગી-માગીને જલેબી માગી! માગવું હોય ત્યારે એવું શું માગવું! સારું મજાનું ઘર, ખૂબ પૈસા, ખૂબ સોનું-રૂપું ને કપડાંલત્તાં માગવા જોઈએ કે આમ જલેબી માગવી જોઈએ? એણે તો આવી નજીવી વસ્તુ માગવા માટે કઠિયારાનો ઉધડો લીધો ને બોલતાં-બોલતાં બોલી ગઈ 'તમને જલેબી બહુ ભાવે છે ને એની સોડમથી તમારું નાક તર થઈ જાય છે. એટલે હું ઈચ્છું છું કે આ બધીયે જલેબી તમારા નાકે ચોંટી જાય.' એ બોલી ત્યાં તો ગૂંચળાંમાં જીવ આવ્યો. એ બધાં એકબીજા જોડે સંકળાઈ ગયાં ને કઠિયારાના નાકે ચોંટી ગયાં. ગરમાગરમ જલેબી કઠિયારાના નાકે ચોંટી ગઈ. એણે તો ઉખેડવા ઘણો પ્રયત્ન કર્યો પણ એ ઊખડે જ નહિ ને!

એની બધી મહેનત નિષ્ફળ ગઈ. એની પત્નીએ ચાકુ લઈને કાપવા માંડ્યું પણ ગૂંચળાં કપાયાં નહિ. કઠિયારો બેસે કે ઊઠે પણ જલેબીના ગૂંચળાંનો લાંબો હારડો એના નાકે વળગેલો જ હોય. એ તો હેરાન-હેરાન થઈ ગયો. ત્યાં એની પત્નીને યાદ આવ્યું કે ત્રીજી ઈચ્છા માગવાની બાકી છે. 'આપણે મજાનો મોટો મહેલ માંગીએ ને એમાં અઢળક નાણું ભર્યું હોય એવું માગીએ તો જન્મારાનું દુઃખ મટી જાય.' કઠિયારાની પત્નીએ કહ્યું. 'જા રે જા! આ નાકે આવો હારડો લઈને ફરવાનું, ને એવા મહેલમાં રહેવાનું! એ બે કેમ બને! એના કરતાં હું તો એવું ઈચ્છું છે કે આ જલેબી જ્યાંથી આવી હોય ત્યાં ચાલી જાય.' એ બોલ્યો ત્યાં તો જલેબીનાં ગૂંચળાં આકાશમાં ઊડી ગયાં. કઠિયારાએ પોતાને નાકે હાથ ફેરવ્યો તો કશુંયે ચોંટેલું ન હતું.

બેઉ જણા ઊડી જતી જલેબીને જોઈ રહ્યાં. એમની ત્રણે ઈચ્છાઓ પૂરી થઈ ગઈ પણ તેઓ જેવા હતાં તેવા જ રહી ગયા હતાં. 'ચલ, હવે ઘેંશ લઈ આવ. આપણા નસીબમાં ઘેંશ જ લખી છે.' કઠિયારાએ કહ્યું. કઠિયારાની પત્ની ઘેંશ લઈ આવી ને બેઉ જણ લહેરથી ઘેંશ ખાવા લાગ્યા!

– નાગરદાસ ઈ. પટેલ

❖ બાળકો માટે પ્રકાશિત થતા નિયતકાલિકમાં છપાયેલ ઉપરનો પ્રસંગ વાંચી તે વિશે પોતાના મત વ્યક્ત કરી તેનો સારાંશ લખો.

## ૫. આગ લાગી... દોડો... દોડો



આજે શાળાની ભીંત પર નીચેનો સુવિચાર લખેલો હતો.

‘‘જ્યારે કોઈ ઓચિંતી આફત આવી પડે ત્યારે ટોળામાં નાસભાગ થાય છે, તેનાથી મોટું નુકસાન થાય છે. તેનું કારણ એ છે કે ટોળાના લોકોને વ્યવસ્થિત રીતે સંકટનો સામનો કરતાં આવડતું નથી. આવે વખતે કોઈ યોગ્ય ગોઠવણ કરીને ટોળા પાસેથી પદ્ધતિસર કામ લે, તો ધાર્યું પરિણામ લાવી શકાય.’’

સવારની પ્રાર્થના પછી આ વિચાર તરફ સૌનું ધ્યાન ખેંચતાં શિક્ષક કહે:‘‘જુઓ, તમે સૌ પણ એક મોટું ટોળું જ છો. આ સાંઠીના ઢગલાને હું આગ લગાડું છું. ધારો કે, એ કોઈ મોટા ઘરને લાગેલી આગ છે. હવે તમે સૌ એ આગ કેમ ઓલવો છો, તે મારે જોવું છે.’’

એમ કહીને શિક્ષકે બહાર ચોગાનમાં કરેલા સાંઠીના ઢગલાને દીવાસળી ચાંપીને મોટો ભડકો કર્યો.

ઉમાએ બ્યૂગલ વગાડ્યું. સુરેશે ઢોલ પીટ્યું. શિક્ષક બોલ્યા : ‘‘આગ લાગી...દોડો... દોડો!’’

તરત બધાંએ દોડાદોડ કરી મૂકી. કેટલાંક છોકરાં ધૂળ ઉડાડવા લાગ્યાં. કેટલાંક પાણીનાં માટલાં લઈને દોડ્યાં. કેટલાંક ધમાલમાં એકબીજા સાથે અથડાઈ પડ્યાં. કેટલાંકનાં મોંમાં રાખ ગઈ, તો કેટલાંકની આંખમાં ધૂળ ઊડી, કેટલાંકના હાથમાંના ઘડા ફૂટી ગયા, તો કેટલાંકને બાલદીઓ વાગી, કેટલાંકનાં કપડાં ભીંજાઈ ગયાં. એમ ઘમસાણ મચી ગયું. છેવટે આગ ઓલવાઈ.



સિસોટી વગાડીને શિક્ષકે બધાંને બેસાડી દીધાં. સૌ શાંત થયાં એટલે શિક્ષક બોલ્યા :

‘‘આગ ઓલવવાની તમારી રીત ઘણી ભૂલભરેલી છે. આ ધમાચકડીમાં ભાગ્યે જ ધાર્યું કામ બરોબર થઈ શકે. એનું એ જ કામ વ્યવસ્થિત રીતે કેમ થઈ શકે, તે આજે હું તમને બતાવું છું. પહેલાં એ કહો, ‘‘આગ લાગી હોય તે ઘરમાં શું શું બચાવવા જેવું હોય?’

‘‘જીવતાં માણસ,’’લતા બોલી.

‘પૈસોટકો, દરદાગીના, કપડાંલત્તાં,’’ તેજસ બોલ્યો.

શિક્ષક કહે: ''બરોબર. ઘરને બચાવવા કરતાં અંદરના જાનમાલની ચિંતા પહેલી કરવી જોઈએ. તેજસ, એક ટુકડી બનાવ. તારી ટુકડી અંદરના જાનમાલને બચાવવાનું કામ કરશે.''

''પણ જે માલસામાન બહાર કાઢીએ તેને કોઈ ઉઠાવી જાય તો?'' નીરજ બોલ્યો.

''બરોબર છે. નીરજ તારી ટુકડી અંદરથી બહાર કાઢેલા માલસામાનની ચોકી કરશે અને નૈલેશ, તારી ટુકડી દાઝેલા માણસોની સારવાર કરવાનું અને જરૂરી લાગે તો તેઓને દવાખાનામાં ખસેડવાનું કામ કરશે.''

''પણ આગને ઓલવવાની વ્યવસ્થા તો હજી બાકી રહી,'' રૂપેશ બોલ્યો.

શિક્ષક કહે, ''હવે એની વાત કરીએ''.

રૂપેશ, તારી ટુકડી આગ ઓલવવા માટે પાણી પહોંચાડવાનું કામ કરશે. બધાંને હારબંધ ઊભાં રાખી, ઘડા કે ડોલ તમે ઝડપથી પસાર કરજો. બીજી હાર ખાલી વાસણને પાણીની જગ્યાએ પાછું પહોંચાડવાનું કામ કરશે. છેલ્લી વાત, આવા સમયે લોકો ટોળે વળીને આગ ઓલવવાના કામમાં દખલ ન કરે તે પણ જોવું જોઈએ. રાકેશ, તારી ટુકડી એ કામ કરશે.

ચાલો, દરેક ટુકડી પોતપોતાનાં સાધનો લઈને તૈયાર થઈ જાય.''

શિક્ષકે સિસોટી વગાડી કે તરત બધાં કહ્યા પ્રમાણે ગોઠવાઈ ગયાં. ફરીથી ભડકો કરવામાં આવ્યો.

ઉમાએ ફરી બ્યૂગલ વગાડ્યું. સુરેશે ફરી ઢોલ પીટ્યું.

શિક્ષક બોલી ઊઠ્યા : ''આગ લાગી...દોડો...દોડો!''

દરેક ટુકડી ગોઠવણ મુજબ તરત પોતપોતાના કામે લાગી ગઈ, અને થોડી વારમાં જ, કશી ધમાચકડી વગર છોકરાંઓએ આગ ઓલવી નાખી.

શિક્ષકે સિસોટી વગાડીને કામ પૂરું થયેલું જાહેર કર્યું. છેવટે સૌને ભેગાં કરીને તેમણે કહ્યું :

''અગાઉથી ગોઠવણ કરીએ તો કામ કેવી સરસ રીતે થઈ શકે છે, તે જોયું ને? ગામડામાં આગના બંબા હોતા નથી અને અહીં શહેરમાં પણ સાંકડી ગલીઓમાં બંબા પહોંચી શકતા નથી. ત્યાં જો લોકો આવી ગોઠવણ કરતાં શીખી જાય, તો આગ તરત કાબૂમાં આવી જાય. શહેરમાં તો આગ ઓલવવાના મોટા બંબા હોય છે. એક વખત આપણે બંબાનું કામ જોવા જઈશું.''

## ચાલો, કૃતિ કરીએ

❖ **વિચારીએ, ચર્ચા કરીએ અને કહીએ.**

(૧) આપત્તિ એટલે શું?

(૨) તમે કઈ કઈ આપત્તિઓ વિશે જાણો છો?

(૩) શું દરેક આપત્તિ કુદરતી હોય છે?

(૪) તમે કોઈ આપત્તિનો સામનો કર્યો છે?

### કૃતિના આધારે

❖ **શું તે કહો.**

(૧) શાળાની ભીંત પર લખેલું હતું -

(૨) પદ્ધતિસર કાર્ય કરીને લાવી શકાય -

(૩) શહેરમાં આગ ઓલવવા હોય છે -

(૪) ઉમાએ વગાડ્યું -

(૫) સુરેશે પીટ્યું -

(૬) શિક્ષકે વગાડી -

## ❖ યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(૧) શિક્ષકે બાળકોને સમજાવવા માટે મેદાનમાં શાનો ઢગલો કરીને આગ લગાડી હતી?

(અ) કાગળનો　　(ક) કપડાંનો

(બ) લાકડાંનો　　(ડ) સાંઠીનો

(૨) પ્રથમ વખત જ્યારે આગ લાગી ત્યારે બાળકોએ કઈ ભૂલ કરી હતી?

(અ) રેતી નાખી　　(ક) ડરીને ભાગી ગયા

(બ) આયોજન વગર કામ કર્યું　　(ડ) પાણીનો ઉપયોગ જ ન કર્યો

(૩) શહેરોમાં આગ ઓલવવા માટે કઈ વિશેષ સુવિધા હોય છે?

(અ) વધારે રેતી　　(ક) મોટી નદીઓ

(બ) મોટા બંબા　　(ડ) પાણીની ટાંકીઓ

(૪) આ પાઠ દ્વારા મુખ્યત્વે કયો ગુણ શીખવા મળે છે?

(અ) ચતુરાઈ　　(ક) સાદગી

(બ) બહાદુરી　　(ડ) પદ્ધતિસરનું આયોજન અને સહકાર

## ❖ નીચેના વિધાન કોણ બોલે છે તે લખો.

| વિધાન | કોણ બોલે છે? |
|---|---|
| (૧) આગ લાગી... દોડો... દોડો! | |
| (૨) પૈસોટકો, દરદાગીના, કપડાંલત્તાં . | |
| (૩) પણ આગને ઓલવવાની વ્યવસ્થા તો હજી બાકી રહી. | |
| (૪) પણ જે માલસામાન બહાર કાઢીએ તેને કોઈ ઉઠાવી જાય તો? | |

## ❖ નીચેના વાક્યોને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો.

(૧) ઉમાએ બ્યૂગલ વગાડ્યું.

(૨) સુરેશે ઢોલ પીટ્યું.

(૩) શિક્ષક બોલ્યા, 'આગ લાગી દોડો... દોડો...!'

(૪) સિસોટી વગાડીને શિક્ષકે બધાંને બોલાવી કામની સાચી રીત સમજાવી.

(૫) ચોગાનમાં સાંઠીના ઢગલાને શિક્ષકે આગ લગાડી.

(૬) બધાંએ દોડાદોડ કરી મૂકી.

## કૃતિનું મંથન



(૧) બંને વખતે આગ ઓલાવવાના પ્રયોગ દ્વારા શિક્ષકે શું સમજાવ્યું?

(૨) ધાર્યું પરિણામ કેવી રીતે લાવી શકાય?

(૩) આગ લાગે ત્યારે ઘરમાં શું શું બચાવવું જોઈએ?

❖ **આકૃતિબંધ પૂર્ણ કરો.**







❖ **કોષ્ટક પૂર્ણ કરો.**

| શિક્ષકે બનાવેલી ટુકડીના નાયક | તેમને સોંપેલું કાર્ય |
|---|---|
| | |
| | |
| | |
| | |
| | |

❖ **યોગ્ય શબ્દ પર ◯ કરો.**

(૧) ધમાચકડીમાં ભાગ્યે જ/ચોક્કસ ધાર્યું કામ બરોબર થાય.

(૨) ટોળાના લોકોને વ્યવસ્થિત રીતે સંકટનો સામનો કરતાં આવડતું નથી/આવડે છે.

(૩) આગ ઓલવવાની તમારી રીત યોગ્ય/ભૂલ ભરેલી છે.

**સ્વાનુભવ/સ્વમત**



(૧) તમે કોઈ આપત્તિનો સામનો કર્યો હોય/પ્રત્યક્ષ નજરે નિહાળ્યું હોય તો તેનું વર્ણન કરો.
(૨) આ કૃતિમાંથી તમને શું શીખવા મળ્યું?

❖ **નીચેના વિધાન અંગે સમૂહમાં ચર્ચા કરો.**

'આગ ઓલવવાની શિક્ષકે બતાવેલી પદ્ધતિ માત્ર ગામડામાં નહિ, શહેરમાં પણ કામ લાગી શકે છે.'

# ભાષિક સમજ



❖ **સાચી જોડણી ધરાવતા શબ્દ પર ગોળ કરો.**

| | | |
|---|---|---|
| (૧) વ્યવસ્થીત | વ્યવસ્થિત | વવસ્થિત |
| (૨) સુવીચાર | સૂવિચાર | સુવિચાર |
| (૩) સિસોટી | સીસોટી | સિસોટિ |
| (૪) ઈશવર | ઇશ્વર | ઈશ્વર |

❖ **રૂઢિપ્રયોગ અને અર્થની જોડી જોડો.**

| | |
|---|---|
| (૧) દોડાદોડ કરવી | ભારે ગડબડ થવી |
| (૨) ટોળે વળવું | નિયંત્રણમાં આવી જવું |
| (૩) ઘમસાણ મચાવું | ઘણા લોકો એકસાથે ભેગા થવા |
| (૪) કાબુમાં આવવું | ઇચ્છિત સફળતા મેળવવી |
| (૫) ધાર્યું પરિણામ લાવવું | અફરાતફરી કરવી |

❖ **જુદા પડતાં શબ્દ ફરતે ◯ કરો..**

| | | | | |
|---|---|---|---|---|
| (૧) કોલેજ, | નિશાળ, | પાઠશાળા, | શાળા, | વિદ્યાલય |
| (૨) પાણી, | જળ, | સરિતા, | નીર, | સલિલ |
| (૩) આગ, | પાવક, | અનલ, | ભડકો, | અગ્નિ, |
| (૪) માણસ, | માનવ, | મનુષ્ય, | જન, | જનક |

❖ **નીચે આપેલા શબ્દો વર્ણાનુક્રમ પ્રમાણે ગોઠવો.**

(૧) સિસોટી, સવાર, સંકટ, સારવાર

(૨) વ્યવસ્થા, પદ્ધતિ, ગોઠવણ, રીતભાત

(૩) નુકસાન, નાસભાગ, ટુકડી, ચોગાન

(૪) પૈસોટકો, જાનમાલ, માલસામાન, માલમત્તા

(૫) પાણી, પરિણામ, પરિવાર, પુસ્તક

❖ **કૃતિમાંથી જોડશબ્દો શોધી તેનો વાક્યમાં પ્રયોગ કરો.** દા.ત. જાનમાલ

❖ **'સુ' પૂર્વગયુક્ત શબ્દો લખો. દા.ત. સુવિચાર**

❖ **'સર' પ્રત્યય લગાડી શબ્દ બનાવો. દા.ત. પદ્ધતિસર**

❖ **નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.**

(૧) ખુલ્લી જગ્યા –

(૨) આગ ઓલવવા માટે પાણી ફેંકવાનું યંત્ર –

(૩) મોટી સંખ્યામાં એકઠા થયેલા લોકો –

❖ **યોગ્ય વિરામચિહ્નો મૂકો.**

(૧) શિક્ષક બોલી ઊઠ્યા આગ લાગી... દોડો... દોડો

(૨) પૈસોટકો દરદાગીના કપડાંલત્તાં તેજસ બોલ્યો

(૩) પણ જે માલસામાન બહાર કાઢીએ તેને કોઈ ઉઠાવી જાય તો નીરજ બોલ્યો

(૪) રાકેશ તારી ટુકડી એ કામ કરશે

## વિશેષ કૃતિ

❖ **યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

**(૧) નીચેનામાંથી કઈ ઘટના કુદરતી આપત્તિ નથી?**

(અ) ધરતીકંપ (બ) પૂર (ક) વાવાઝોડું (ડ) બોમ્બબ્લાસ્ટ

**(૨) ધરતીકંપ થાય ત્યારે તરત તમે શું કરશો?**

(અ) લીફ્ટમાં જલદીથી નીચે ઊતરીશું.

(બ) ટેબલ કે પલંગ નીચે, અગાશીમાં કે મેદાનમાં જતા રહીશું.

(ક) ઘરનાં બારી-બારણાં ફટાફટ બંધ કરી દઈશું.

(ડ) જોરજોરથી રડવા માંડશું.

**(૩) પૂર આવ્યું હોય ત્યારે તમને તરસ લાગે તો શું કરશો?**

(અ) ડોલમાં ભરેલું પાણી પીશું.

(ક) નળનું પાણી પીશું.

(બ) જ્યાંથી મળે ત્યાંથી મેળવી પાણી પીશું

(ડ) તરસ્યા રહેવાનું પસંદ કરીશું.

**(૪) વાવાઝોડું આવે ત્યારે શું કરશો?**

(અ) ઘરમાં જ રહીશું.

(ક) ફરવા જઈશું.

(બ) ગભરાઈને ચીસ પાડીશું.

(ડ) મેદાનમાં જતા રહીશું.

## કૃતિ કરીએ અને શીખીએ.

(૧) જુદાજુદા વિષય આધારિત સુવિચાર લખીને ભીંતપત્રક તૈયાર કરો.

(૨) આગ લાગે ત્યારે કરવાના વિવિધ ઉપાયો વિશે ઇન્ટરનેટના માધ્યમથી માહિતી ભેગી કરો.

(૩) અગ્નિશમન કેન્દ્રના અધિકારીને શાળામાં બોલાવીને પૂર્વ આયોજિત અભ્યાસ (મોકડ્રિલ)નું આયોજન કરો.

(૪) તમારા વાલી/શિક્ષક સાથે અગ્નિશમન કેન્દ્રની મુલાકાત લો.

❖ નીચેના સમાચાર વાંચો. તમારા મિત્રો સાથે તેના મહત્વના મુદ્દા વિશે ચર્ચા કરો.

## સાવધાન

તારીખ ૭ જુલાઈના રોજ અરબી સમુદ્રમાં મોટી ભરતી આવશે. કેરળથી આગળ વધતા વાવાઝોડાની અસર વર્તાશે. એ દિવસે વધુ વરસાદ પડવાની પણ શક્યતા છે. સૌ નાગરિકોને આવનારી આપત્તિ માટે સજ્જ રહેવાની સૂચના આપવામાં આવે છે.

## આપત્તિ સજ્જતા

જયારે પણ વાવાઝોડું, પૂર, ધરતીકંપ કે દુષ્કાળ જેવી કુદરતી આપત્તિ સર્જાય, ત્યારે આપણું મન બેબાકળું થઈ જાય છે અને કશું જ સૂઝતું નથી. માટે, આવા કુદરતી સંકટોનો સામનો કરતાં અત્યારથી જ આપણે શીખી લેવું જોઈએ.

❖ આટલું હંમેશા યાદ રાખો

- ઘરમાં ફાયર સેફટી સિસ્ટમ કે ફાયર ઇંકિસ્ટંગવિશર (અગ્નિશામક) રાખવું અત્યંત જરૂરી છે.
- ટીવી ઉપરથી પ્રસારિત થતાં ચેતવણી સંદેશ ધ્યાનથી સાંભળવા.
- કટોકટીના સમયે નીચેના નંબરો પર ફોન કરવાથી તાત્કાલિક મદદ મળી રહે છે.
  પોલીસ-૧૦૦, અગ્નિશામક દળ-૧૦૧, ઍમ્બ્યુલન્સ - ૧૦૮, ટ્રાફિક અકસ્માત - ૧૦૩
- કુદરતી સંકટ વખતે કોઈપણ જાતના ભેદભાવ વગર માનવધર્મને અપનાવી એકબીજાને મદદ કરવી.
- આપત્તિ કિટ (ઇમર્જન્સી બેગ) તૈયાર જ રાખવી.

❖ આપત્તિ કિટમાં શું શું હોવું જોઈએ?

- ફ્લેશલાઇટ
- ફર્સ્ટ-એઇડ કિટ (દવાઓ)
- ઓળખપત્ર, રેશનકાર્ડ
- વૉટરપ્રૂફ સાધનમાં દીવાસળીની પેટી
- છત્રી, એકાદ - બે જોડી કપડાં
- પીવાનું પાણી, સૂકો નાસ્તો
- કાગળ, પેન, પેન્સિલ, ચશ્મા, બૂટ-ચંપલ
- બેંકના, ઘરના અગત્યના કાગળ
- કિંમતી ચીજો અને રોકડ રકમ
- પોર્ટેબલ બૅટરી, પાવર ટ્રાન્ઝિસ્ટર અને વધારાની બૅટરીઓ
- વ્યક્તિગત જરૂરિયાતનો સામાન - ટુવાલ, કાંસકો, સાબુ, ટૂથપેસ્ટ, બ્રશ, દવાઓ વગેરે.

### સંભાષણ



**આ કૃતિમાંથી મળેલી શીખ વર્ગમાં રજૂ કરો.**



વિદ્યાર્થીઓને યોગ્ય આરોહ - અવરોહ અને ઉચ્ચાર સાથે, વિરામચિહ્નોની સભાનતાસહ ક્રમિક વાંચન કરાવવું. કૃતિના આશય, ઘટના-પ્રસંગ, પાત્રો વિશે પોતાનો મત વ્યક્ત કરવા પ્રેરિત કરવા. વિદ્યાર્થીઓને શ્રુતલેખન, અનુલેખનનો મહાવરો કરાવવો. ઉપસર્ગ, પૂર્વગ, પ્રત્યય વિશે સરળ શબ્દોમાં સમજૂતી આપી મહાવરો કરાવવો. દશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરીને જુદીજુદી કુદરતી આપત્તિઓ, તેના કારણે થતી તકલીફો, તેના માટે રાખવાની તકેદારી, આપત્તિ સમયે કરવાના ઉપાયો વિશે વિસ્તૃત માહિતી આપવી. વર્તમાનપત્રમાં પ્રકાશિત કુદરતી આપત્તિ વિષયક સમાચારોની કાત્રણ તથા ચિત્રો કાપીને ભીંતપત્રક તૈયાર કરાવવાં.

## ચાલો, વાંચીએ

# સૌથી સુંદર શું?

એક કલાકારને વિશ્વની સૌથી સુંદર વસ્તુનું ચિત્ર દોરવાનું મન થયું. એણે ધર્મગુરૂને પૂછ્યું : ''જગતની સુંદરમાં સુંદર વસ્તુ કઈ?'' ''શ્રદ્ધા, શ્રદ્ધાનાં દર્શન તને પ્રત્યેક ધર્મસંસ્થામાં થશે.''

કલાકારને સંતોષ ન થયો. એક નવવધૂને એણે પ્રશ્ન કર્યો : ''દુનિયાની સુંદરમાં સુંદર વસ્તુ કઈ?''

''પ્રેમ. પ્રેમ દુનિયાની સૌથી સુંદરમાં સુંદર વસ્તુ છે. પ્રેમથી નિર્ધનતામાં સમૃદ્ધિ લાગે છે. પ્રેમ ખારાં આંસુને મીઠાં બનાવે છે. પ્રેમ જેવું સુંદર આ જગતમાં બીજું કાંઈ નથી.''

આથી પણ કલાકારનું મન માન્યું નહિ. એક સૈનિકને એણે પૂછ્યું : ''આ જગતમાં સુંદરમાં સુંદર શું છે?''

સૈનિક કહે : ''શાંતિ જગતની સૌથી સુંદર વસ્તુ છે. યુદ્ધ જગતની સૌથી કદરૂપી વસ્તુ છે.''

કલાકારે ત્રણ વસ્તુ સમજી લીધી : ''શ્રદ્ધા, પ્રેમ, શાંતિ.''

વિચારમાં ને વિચારમાં એ ઘેર પહોંચ્યો. ત્યાં એને જોતાં જ દ્વાર આગળ એનાં સંતાનો અને પત્ની દોડી આવ્યાં. બાળકો એને વીંટળાઈ વળ્યાં. પત્ની સ્મિત વરસાવી રહી.

કલાકારને વિચાર આવ્યો : હું કોની શોધમાં નીકળ્યો હતો? હું જે શોધું છું તે તો અહીં મારા ઘરમાં છે મારાં સંતાનોની આંખમાં શ્રદ્ધા છે. પત્નીની આંખમાંથી પ્રેમ નીતરી રહ્યો છે અને મારું ઘર શાંતિની દિવ્ય ભૂમિ છે.

કલાકાર તરત કામે લાગી ગયો. એણે વિશ્વની સૌથી સુંદરમાં સુંદર વસ્તુનું ચિત્ર બનાવ્યું. તેને નામ આપ્યું : ''ઘર''.



❖ બાળકો માટે પ્રકાશિત થતા નિયતકાલિકમાં છપાયેલ ઉપરનો પ્રસંગ વાંચી તે વિશે પોતાના મત વ્યક્ત કરી તેનો સારાંશ લખો.

# ૬. મળવા આવો

વા વાયા ને વાદળ ઊમટ્યાં ગોકુળમાં ટહુક્યા મોર,
મળવા આવો સુંદર વર શામળિયા.

તમે ખભે તે ગેડીઓ રાખંતા, તમે ચારો છો ગામના ઢોર,
મળવા આવો સુંદર વર શામળિયા.

તમે ખભે તે કાંબળી રાખંતા,તમે ભરવાડના ભાણેજ,
મળવા આવો સુંદર વર શામળિયા.

તમે વનમાં તે વાંસળી વગાડંતા, તમે ગોપીઓનાં ચિત્તડાંના ચોર,
મળવા આવો સુંદર વર શામળિયા.

તમે વાડીનાં વાંદરાં વાળંતા, તમે તોડી ખાતા વનફૂલ,
મળવા આવો સુંદર વર શામળિયા.

તમે જમનાનો આરો રોકંતા, તમે ખોબલે ઉડાડતા નીર,
મળવા આવો સુંદર વર શામળિયા.

તમે મળવા તે ના'વો શા માટે, તમે છો રે સદાયના ચોર,
મળવા આવો સુંદર વર શામળિયા.



**સર્જક પરિચય** **શ્રી. નરસિંહ મહેતા**

'આદિકવિ' અને 'સંતકવિ' તરીકે ઓળખાતા શ્રી. નરસિંહ મહેતા ગુજરાતી સાહિત્યના પ્રથમ કવિ ગણાય છે. તેમની રચનાઓમાં ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યનો સમન્વય જોવા મળે છે. તેમણે લખેલાં કૃષ્ણભક્તિના પદો અને પ્રભાતિયાં આજે પણ ઘરે ઘરે ગવાય છે. 'કુંવરબાઈનું મામેરું', 'શામળશાનો વિવાહ' અને 'હૂંડી' તેમની જાણીતી કૃતિ છે.

## ચાલો, કૃતિ કરીએ

❖ **વિચારીએ, ચર્ચા કરીએ અને કહીએ.**

(૧) તમે ભગવાનને મળવા આવવાનું આમંત્રણ આપો છો? કઈ રીતે?

(૨) ભગવાન તમને મળવા આવે તો તમે શું કરશો?

(૩) તમારું પ્રિય ભજન કયું છે?

### કૃતિના આધારે

❖ **યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય પૂર્ણ કરો.**

(૧) પવન ફૂંકાવાથી ________ ઉમટે છે. (અ) ધુમાડો (બ) વાદળા (ક) ધૂળ

(૨) ગોકુળમાં મોર ________ (અ) નાચે છે (બ) ટહુકે છે (ક) ફરે છે

(૩) કૃષ્ણ ________ ના ભાણેજ છે. (અ) કંસ (બ) ભરવાડ (ક) નંદ

❖ **આકૃતિબંધ પૂર્ણ કરો.**

| | | |
|---|---|---|
| શ્રીકૃષ્ણ → | ખોબે ખોબે ઉડાડે છે → | |
| શ્રીકૃષ્ણ → | તોડીને ખાય છે → | |
| શ્રીકૃષ્ણ → | વાળે છે → | |
| શ્રીકૃષ્ણ → | ચોરે છે → | |
| શ્રીકૃષ્ણ → | વનમાં વગાડે છે → | |
| શ્રીકૃષ્ણ → | ખભે રાખે છે → | |

### કૃતિનું મંથન

(૧) કવિ કોને મળવા આવવાનું આમંત્રણ આપે છે?

(૨) કાવ્યના આધારે ગોવાળિયા કૃષ્ણનું વર્ણન કરો.

(૩) કૃષ્ણ વનમાં કેવાં તોફાન કરે છે?

(૪) કૃષ્ણ શું આરોગે છે?

❖ **લખો.**

(૧) કવિએ શ્રીકૃષ્ણને કરેલા સંબોધનો -

(૨) કાવ્યમાં 'વ'થી શરૂ થતા શબ્દો -

(૩) કાવ્યમાં આવેલાં પશુ-પક્ષીનાં નામ -

(૪) કાવ્યમાં 'ળ' આવતો હોય તેવા શબ્દો -

## ભાષિક સમજ

❖ **વિસંગત શબ્દ ઓળખી તેના ફરતે ◯ કરો.**

(૧) મેઘ, વાદળ, વરાળ, જલધર

(૨) વા, પવન, હવા, લહેર

(૩) બંસી, વાંસળી, શરણાઈ, મોરલી

(૪) ગેડી, વાંસ, લાકડી, લાઠી

(૫) ભાણેજ, ભત્રીજો, ભાણો, ભાણિયો

❖ **અર્થ એક શબ્દ અનેક**

(૧) ઘરેણાં - આભરણ, આભૂષણ, અલંકાર

(૨) ઘર - ગૃહ, ભવન, સદન

(૩) વૃક્ષ - તરુ, ઝાડ, તરુવર

(૪) જળ - નીર, વારિ, સલિલ

(૫) મિત્ર - દોસ્ત, ભેરુ, સખા

❖ **શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.**

(૧) એક સામટા જથ્થામાં આગળ આવવું -

(૨) ઢોર રાખી ગુજરાન ચલાવતી જાતિ -

(૩) ઊનની ધાબળી -

(૪) બહેનનો પુત્ર -

❖ **કાવ્યમાંથી પ્રાસયુક્ત શબ્દોની જોડી શોધીને લખો.**

❖ **રેખાંકિત નામના પ્રકાર ઓળખીને લખો.**

(૧) દાદી, ચાવીનો ઝૂડો ક્યાં મૂક્યો છે?

(૨) પંખીઓનું ટોળું ઊડી રહ્યું છે.

(૩) મને સીતાફળની બાસુંદી ખૂબ જ ભાવે છે.

(૪) બાએ અંબોડામાં વેણી નાખી છે.

❖ **કાવ્યમાં 'યમુના' નદી માટે 'જમના' શબ્દ વપરાયો છે. એ જ રીતે 'ય'થી શરૂ થતા બીજા શબ્દો લખો જેની શરૂઆત 'જ'થી પણ કરાય છે.** દા.ત. યશોદા-જશોદા

❖ **નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલ શબ્દ લખો.**

(૧) કૃષ્ણ (૩) મન (૫) કિનારો (૭) યમુના

(૨) હંમેશા (૪) લાકડી (૬) પવન (૮) પશુ

❖ **નીચેના શબ્દોના વિરોધી શબ્દ લખો.**

(૧) સુંદર × (૨) કાળી × (૩) ચોર × (૪) ગરમ ×

❖ **નીચેના શબ્દોના વચન બદલો.**

(૧) વાદળ - (૨) ગેડી - (૩) વાંદરો - (૪) ફૂલ -

❖ **અલંકાર ઓળખીએ.**

(૧) વા વાયા ને વાદળ ઊમટ્યાં
(૨) તમે વાડીનાં વાંદરાં વાળંતા
(૩) તમે ભરવાડના ભાણેજ
(૪) તમે ગોપીઓનાં ચિત્તડાનાં ચોર

❖ **દર્શક સર્વનામ શીખીએ.**

**નીચેનાં વાક્યો વાંચો**

(૧) મને પેલું રમકડું બહુ ગમ્યું.
(૨) જો પેલાં પંખીઓ ઊડી રહ્યાં છે.
(૩) આ બગીચામાં ઘણાં ફૂલો ખીલ્યાં છે.
(૪) આ સાડી બહુ સરસ છે.

અહીં નજીકની અથવા દૂરની કોઈ વસ્તુ દર્શાવવા માટે આ, પેલું, પેલાં શબ્દોનો ઉપયોગ કર્યો છે. તેને દર્શક સર્વનામ કહેવાય છે. નજીકની વસ્તુ બતાવવા માટે 'આ' સર્વનામ વપરાય છે. દૂરની વસ્તુ બતાવવા માટે 'એ' 'પેલું'... વગેરે સર્વનામ વપરાય છે.

❖ **નમૂના મુજબ 'ઇક' પ્રત્યય લગાડી શબ્દ બનાવો.** નગર – નાગરિક

(૧) ધર્મ (૩) પ્રથમ (૫) રસાયણ (૭) વર્ષ
(૨) શરીર (૪) પ્રસંગ (૬) અંશ (૮) તર્ક

## વિશેષ કૃતિ

❖ **કહો કોણ?**

(૧) હું મારાં મમ્મી-પપ્પાનો/ની છું –
(૨) હું મારા દાદા-દાદીનો/ની છું –
(૩) હું મારા નાના-નાનીનો/ની છું –
(૪) હું મારા માસા-માસીનો/ની છું –
(૫) હું મારાં કાકા-કાકીનો/ની છું –
(૬) હું મારાં મામા-મામીનો/ની છું –
(૭) હું મારાં ફઈ-ફુઆનો/ની છું –
(૮) હું મારા કાકાના બાળકોનો/ની છું –

❖ **શું થાય?**

(૧) મારા પપ્પાની પત્નીની પુત્રી મારી –
(૨) મારા મમ્મીની જેઠની દીકરી મારી –
(૩) મારા પપ્પાની બહેનના વર મારા –
(૪) મારા પપ્પાના ભાઈની પત્ની મારી –

❖ **નીચેના શબ્દોમાંના અક્ષર વડે નવા શબ્દો બનાવો.**

ભરવાડ ⟶ [ ] ⟶ [ ] ⟶ [ ] ⟶ [ ]

❖ **નીચેનો ફકરો સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખો.**

મિત્રો, ઘણાં વિદ્યાર્થીઓને કેલિગ્રાફી શીખતાં તમે સાંભળ્યું હશે. કદાચ તે સાંભળીને અને જોઈને તમે 'અરે વાહ!' અથવા તો 'કેટલું સરસ!' કે પછી 'વાહ' એમ બોલી ગયા હશો ખરું ને? પણ તમે તેના વિશે કંઈ જાણો છો ખરાં? કેલિગ્રાફી એટલે સુંદરલેખન. આ કલાની શોધ દસમી સદીમાં થઈ હતી અને સમયાંતરે તેમાં પરિવર્તન થતું રહ્યું છે. તેના પાશ્ચાત્ય કેલિગ્રાફી, પૂર્વ એશિયાઈ કેલિગ્રાફી, દક્ષિણ

એશિયાઈ કેલિગ્રાફી અને ઇસ્લામિક કેલિગ્રાફી જેવા પ્રકાર છે. કેલિગ્રાફી માટે ડ્રૉઇંગબુક, ગ્રાફ-પેપર, કેલિગ્રાફીની પેન, બ્રશ અને સારા પ્રકારની શાહીની જરૂર પડે છે.

આ કલાનો ઉપયોગ સર્જનાત્મક કલામાં થાય છે. દા.ત. પુસ્તકની ડિઝાઇન, ચિહ્નો, પ્રતીકો, મુદ્રાલેખ, લગ્નપત્રિકા, આમંત્રણપત્રિકા, જન્મદિવસ જેવા પ્રસંગોના અભિનંદન કાર્ડ વગેરે બનાવવામાં થાય છે. તમારા સંગણકમાં ઉપયોગી 'ફોન્ટ' કેલિગ્રાફી જ છે.

આ કલા અભિવ્યક્તિનું પ્રભાવશાળી માધ્યમ છે. જે આપણી સર્જનશક્તિનો વિકાસ કરે છે. તથા આપણામાં શાંતિ, સ્વસ્થતા અને એકાગ્રતાના ગુણો ખીલવી આપણી સૌંદર્યદૃષ્ટિ વિકસાવે છે.

❖ નીચેના વાદ્યો વિશે/તે વાદ્ય વગાડનાર પ્રસિદ્ધ વ્યક્તિઓ વિશે શિક્ષક/વાલી/ઇન્ટરનેટના માધ્યમથી માહિતી મેળવો.




**પુસ્તકાલયની મુલાકાત**

❖ શાળાના પુસ્તકાલય અથવા ઈ-લાઇબ્રેરીમાંથી નરસિંહ મહેતા રચિત પદ, ભજન મેળવી ભજનસંગ્રહ તૈયાર કરો.

**સંભાષણ**

❖ શ્રી. નરસિંહ મહેતા રચિત વિશ્વપ્રસિદ્ધ ભજન 'વૈષ્ણવ જન તો તેને રે કહીએ...' સમૂહમાં ગાઓ.

❖ તમારા ઘર, પરિસરમાં ઉજવતા તહેવાર અને ઉત્સવ વિશે વર્ગમાં રજૂઆત કરો.

વિદ્યાર્થીઓને અલંકાર, નામ-નામના પ્રકાર, દર્શક સર્વનામનો વિશેષ મહાવરો કરાવવો. પ્રભાતિયાં, પદ જેવા સાહિત્યપ્રકારોની વિશેષતા વિશે સરળ શબ્દોમાં માહિતી આપવી. વિવિધ વાદ્યો વિશે/તે વાદ્ય વગાડનાર પ્રસિદ્ધ વાદકો વિશે માહિતી મેળવવામાં સહાયક બનવું. કોઈ એક વાદ્ય વગાડતા શીખવા પ્રેરિત કરવા.

## ચાલો, ગાઈએ

### પંખીડા... ઓ પંખીડા

પંખીડા તું ઉડી જાજે પાવાગઢ રે;
મારી મહાકાળીને જઈને કહેજો ગરબે ઘૂમે રે...પંખીડા... ઓ પંખીડા

ઓલ્યા ગામના સુથારી વીરા વ્હેલા આવો રે;
મારી મહાકાળીના કાજે રૂડા બાજઠ લાવો રે;
બાજઠ લાવો, સુંદર લાવો, વ્હેલા આવો રે.
મારી મહાકાળીને જઈને કહેજો ગરબે ઘૂમે રે...પંખીડા... ઓ પંખીડા

ઓલ્યા ગામના કુંભારી વીરા વ્હેલા આવો રે;
મારી મહાકાળીના કાજે રૂડા ગરબા લાવો રે;
ગરબો લાવો, સુંદર લાવો, વ્હેલા આવો રે.
મારી મહાકાળીને જઈને કહેજો ગરબે ઘૂમે રે...પંખીડા... ઓ પંખીડા

ઓલ્યા ગામના સોનીડા વીરા વ્હેલા આવો રે;
મારી મહાકાળીના કાજે રૂડી નથણી લાવો રે;
નથણી લાવો, સુંદર લાવો, વ્હેલા આવો રે.
મારી મહાકાળીને જઈને કહેજો ગરબે ઘૂમે રે...પંખીડા... ઓ પંખીડા

ઓલ્યા ગામના ગાંધીડા વીરા વ્હેલા આવો રે;
મારી મહાકાળીના કાજે રૂડી ચુંદડી લાવો રે;
લાલ લાવો, લીલી લાવો, પીળી લાવો રે.
મારી મહાકાળીને જઈને કહેજો ગરબે ઘૂમે રે...પંખીડા... ઓ પંખીડા

ઓલ્યા ગામના માળીડા વીરા વ્હેલા આવો રે;
મારી મહાકાળીના કાજે રૂડી માળા લાવો રે;
માળા લાવો, ગજરા લાવો, સુંદર લાવો રે.
મારી મહાકાળીને જઈને કહેજો ગરબે ઘૂમે રે...પંખીડા... ઓ પંખીડા

# ૭. ઘારાપુરીની ગુફાઓ

ઈલા : અરે ઉમા! દોડે છે શાને? જરા ધીમે ચાલ ને. હું આ આવી.

રમા : એલિફન્ટાની ગુફા આવી કે ઉમાના પગને પાંખો મળી!

ઉમા : કેમ ન મળે, રમા! તું આ શિવની શિલ્પમૂર્તિઓ જોઈશ એટલે તારી કલ્પનાને પણ ઊડવાનું મન થશે. કેમ, ખરું કહું છું ને અરવિંદભાઈ?

અરવિંદ : હા, રમા! ઉમા તદ્દન સાચું કહે છે. આવાં કલાધામોમાં બે વાતનું ધ્યાન રાખવું જોઈએ. કોલાહલ કરી વાતાવરણની શાંતિનો ભંગ કરવો નહિ અને નાસ્તાનાં પડીકાંના કાગળિયાં જ્યાં ત્યાં ફેંકી અસ્વચ્છતા કરવી નહિ. ચાલો, હવે આ કલાધામનું અવલોકન કરીએ.

બધા : ચાલો, ચાલો.

ઉમા : અરવિંદભાઈ, પહેલાં એ કહો કે આ ગુફાઓનું નામ એલિફન્ટા શા માટે પાડ્યું હશે?

અરવિંદ : આ સ્થળનું પ્રાચીન નામ તો ઘારાપુરી હતું. અહીં સુંદર નગર વસેલું હતું. આસપાસના ગ્રામજનો હજીયે આને ઘારાપુરી નામે ઓળખે છે. આ ગુફાઓની આગળ હાથીની એક ભવ્ય મૂર્તિ મળી આવેલી, એના ઉપરથી નામ પાડ્યું 'એલિફન્ટા'.

ઈલા : એલિફન્ટ એટલે હાથી. ક્યાં છે એ હાથીની મૂર્તિ?

અરવિંદ : અત્યારે તો વિક્ટોરિયા ગાર્ડનમાં છે.

ઉમા : આ ગુફા કોતર્યાને કેટલાં વર્ષો થયાં હશે?

અરવિંદ : લગભગ સાતમા સૈકાનો સમય માનવામાં આવે છે. આખા સળંગ પહાડને કોતરીને આવું વિશાળ શિવાલય બાંધનારા સ્થપતિઓને મારું તો માથું નમી જાય છે.

ઈલા : આ સામે છે એ શિવાલય?

અરવિંદ : હા. ને આ જુઓ દ્વારપાળો, વિશાળ મહાકાય.

ઉમા : કેવડા મોટા છે! હું તો એના ઘૂંટણ સુધીયે નથી પહોંચતી.

અરવિંદ : આ શિવાલયની આસપાસ શિવના જીવનના કેટલા પ્રસંગો આલેખેલા છે તે હવે જોઈએ. આ પહેલું શિલ્પ શિવતાંડવનું.

ઈલા : અરેરે! કેવું સુંદર શિલ્પ ખંડિત થયું છે! હાથ, પગ અને કમરની નીચેનો ભાગ સાવ ખંડિત છે.

ઉમા : પણ સુંદર અંગમરોડનો ખ્યાલ તો આવે જ છે.

રમા : જુઓ પાછળ બ્રહ્માજી, ગણપતિ વગેરે દેવોની મૂર્તિઓ છે. તેઓ શિવને નૃત્ય કરતા જોવા આવ્યા છે.

અરવિંદ : હવે જુઓ આ બીજું શિલ્પ, જેનું નામ છે અંધકાસુરવધ.

રમા : અંધક નામના અસુરનો વધ કરતા શિવજી!

ઉમા : મા રે! એમની આંખો જોઈ? કેવો ક્રોધ ભભૂકે છે? ભ્રકુટિ કેવી ખેંચી છે?

ઈલા : ને બે દાંત કેવા બહાર દેખાય છે?

રમા : આઠ તો હાથ છે. મોટી તલવારો ને એક હાથમાં ઘંટડી છે, કાળઘંટા જાણે!

ઈલા : એમના માથા ઉપરનો ભવ્ય મુકુટ તો હું કદીએ વીસરીશ નહિ.

અરવિંદ : ચાલો, હવે આ સામેનું શિલ્પ જોઈએ. જુઓ ત્યારે આ ત્રીજું શિલ્પ. શિવ-પાર્વતી લગ્ન.

ઉમા : વાહ! જમણી બાજુએ શિવજી ને ડાબી બાજુએ ઉમિયા!

રમા : જેવો પ્રસંગ મૃદુ છે એવું આલેખન પણ મૃદુલ.

ઈલા : ક્યાં અંધકાસુરને મારતા રૂદ્રરૂપ શંકર ને ક્યાં આ સૌમ્ય શાંત શિવજી!

ઉમા : પાર્વતી તો જુઓ! લજ્જા અને નમ્રતાથી શિવનાં ચરણ જોઈ રહ્યાં છે.

રમા : પાર્વતીની પાછળ કોણ ઊભું છે?

અરવિંદ : એમના પિતા. કન્યાના ખભા પર વાત્સલ્યભાવથી હાથ મૂક્યો છે. પર્વતરાજ શિવને પુત્રીનું દાન આપતા દેખાય છે. ચાલો હવે આગળ. આ જુઓ ચોથું શિલ્પ. એનું નામ ગંગાવતરણ. રાજા ભગીરથ ગંગાજીને પૃથ્વી પર લાવ્યા ને શિવજીએ તેમને ઝીલ્યાં.

રમા : આ શિવમૂર્તિ ત્રિમુખી છે.

ઈલા : ત્રિમૂર્તિ તરીકે ઓળખતી એ મૂર્તિ છે તો ચતુર્મુખ શિવની. શિવના ચાર મુખ ચારે દિશામાં છે, પાછળનું મુખ ક્યાંથી દેખાય?

ઉમા : કેવી ભવ્ય મૂર્તિ છે!

રમા : કેવું મહાન શિલ્પ છે!

અરવિંદ : આ વિશ્વવિખ્યાત શિલ્પની ઊંચાઈ લગભગ ૧૭ ફૂટની અને પહોળાઈ ૨૦ ફૂટની છે. દીવાલની સપાટીથી ઊંડાણ ૧૦ ફૂટ જેટલું છે.

ઈલા : ત્રણે મોં પર કેવા જુદા જુદા ભાવો છે!



અરવિંદ : હવે ચાલો આગળ. જુઓ, આ પાંચમું શિલ્પ અર્ધનારીશ્વરનું.

ઉમા : અરે, આમનું અડધું શરીર નારીનું છે ને અડધું પુરુષનું.

રમા : એક બાજુએ શિવજી ને બીજી બાજુએ પાર્વતીજી. શિવજી પાસે એમનો પોઠિયો પણ છે.

અરવિંદ : ચાલો સામે જઈએ. આ રાવણ કૈલાસ ઉપાડે છે તે પ્રસંગ.

રમા : રાવણ છે ભાઈ! વીસ ભુજાઓથી આખો કૈલાસ ઉપાડે છે!

ઉમા : ને પાર્વતી ડરી ગયાં છે હોં!

ઈલા : પણ શિવજી ધીરજ આપે છે. આ અંગૂઠે રાવણને ચાંપ્યો.

રમા : ને ચંપાતો રાવણ કેવો અકળાતો જણાય છે!

અરવિંદ : રાવણની પણ કેવી હઠ! એમ કાંઈ કૈલાસ સાથે જગતનાં માતા-પિતા એવા પાર્વતી-પરમેશ્વરને લંકા લઈ જવાતાં હશે? ચાલો, હવે આગળ. આ જુઓ ધ્યાનસ્થ શિવ!

ઉમા : કેવો સ્વસ્થ અને શાંત ચહેરો છે!

અરવિંદ : શિવજીનું આ યોગી સ્વરૂપ. હવે આપણું શિલ્પદર્શન પૂરું થયું. કેમ, આવીને મજા?

ઈલા : મજા! અરે આ ત્રિમૂર્તિ સામે જોઈને જાણે ઊભી જ રહું, યુગો સુધી, એમ થાય છે!

ઉમા : હું નહોતી કહેતી, તારી કલ્પનાને પાંખો આવશે!

રમા : મુંબઈ આવે ને એલિફન્ટા જોવા ન જાય એનું મુંબઈ લગી આવવું વ્યર્થ જાણવું.

અરવિંદ : આવવાનીયે કેવી મજા આવી? સવારના પહોરમાં મુંબઈથી પાંચ માઈલની દરિયાઈ સફર કરવા મળી. દર રવિવારે ખાસ સ્ટીમર અહીં આવે છે. વચ્ચે ઉરણ આવે, પછી એલિફન્ટા. સવારે આવો અને સાંજે પાછાં.



રમા : હેં અરવિંદભાઈ! આ મૂર્તિઓનું ખંડન કોણે કર્યું હશે?

અરવિંદ : આ ઘારાપુરી બેટ પહેલા ફિરંગીઓના હાથમાં હતો. લશ્કરી દૃષ્ટિએ આ બેટનું મહત્વ લાગેલું, એટલે અહીં એમનું લશ્કરી થાણું હતું. એમના ફિરંગી સૈનિકો આ શિલ્પોના નાક-કાનને નિશાન બનાવી ગોલંદાજી કરતાં.

ઈલા : અરરર! કેવું ખરાબ!

અરવિંદ : એમના એક અફસરનું ધ્યાન આ તરફ દોરાયું અને એણે વિનાશમાંથી આ શિલ્પોને બચાવી લીધાં.

ઉમા : અરવિંદભાઈ! હજારેક વર્ષ પહેલાં, જ્યારે આ શિવાલયમાં શિવજીની પ્રતિષ્ઠા થઈ હશે, બીલીપત્રોના ઢગલા થયા હશે, ગંગાજળના અને ક્ષીરધારાના રુદ્રાભિષેકો થતા હશે, હજારો બ્રહ્મપુત્રોના કંઠે શિવસ્તોત્ર ગવાતાં હશે, ભાવિકો પ્રેમભીના હૃદયે શિવચરણે મસ્તક નમાવતા હશે... ત્યારે... ત્યારે... કેવું ભવ્ય વાતાવરણ પ્રગટતું હશે!

અરવિંદ : આજે અહીં વ્યાપેલી શૂન્યતાને તમે સારી રીતે સમજી શક્યાં. દૃષ્ટિ હોય તો આ ખંડિત શિલ્પોને અખંડ જોઈ શકાય. આપણે પણ બે પળ નેત્રો મીંચી દઈએ, વર્ષો પહેલાંના ભૂતકાળની એ અપૂર્વ પળ મનઃચક્ષુ સામે ખડી કરીએ.

સર્જક પરિચય **શ્રી. દુર્ગેશ શુક્લ**

શ્રી. દુર્ગેશ શુક્લ શિક્ષક તરીકે કારકિર્દી શરૂ કર્યા બાદ લેખન ક્ષેત્રે જોડાયા. તેમણે સુંદર વાર્તાઓ, કાવ્યો, નવલકથા અને ઉત્તમ નાટકોનું સર્જન કર્યું છે. તેમણે પદ્યનાટિકા અને નૃત્યનાટિકા પણ લખી છે. તેમના નાટ્યસર્જન માટે તેમને 'ચંદ્રવદન ચીમનલાલ મહેતા ઍવૉર્ડ ૨૦૦૪'થી સન્માનિત કરવામાં આવ્યા છે. 'ડોલે છે મંજરી', 'ડોસીમાનું તૂંબડું', 'કલાધામ ગુફાઓ' જેવું તેમનું બાલસાહિત્ય ખૂબ માણવા યોગ્ય છે.

## ચાલો, કૃતિ કરીએ

### ❖ વિચારીએ, ચર્ચા કરીએ અને કહીએ.

(૧) તમારા વિસ્તારમાં એક દિવસમાં પ્રવાસ કરી શકાય તેવાં ક્યાં ક્યાં સ્થળો છે?

(૨) પ્રવાસ એટલે શું? તમે ક્યા ક્યા કારણે પ્રવાસ કરો છો?

(૩) પ્રવાસ દરમિયાન આપણે કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ?

(૪) પ્રવાસ સમયે સાથે રાખવાની વસ્તુઓની યાદી તૈયાર કરો.

## કૃતિના આધારે

❖ **યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(૧) ઘારાપુરીની ગુફાઓ હાલમાં ક્યા નામે ઓળખાય છે?

(અ) અજંતાની ગુફાઓ (ક) એલિફન્ટાની ગુફાઓ

(બ) કાન્હેરીની ગુફાઓ (ડ) ઈલોરાની ગુફાઓ

(૨) ઘારાપુરીની ગુફાઓ ક્યા રાજ્યમાં આવેલી છે?

(અ) મહારાષ્ટ્ર (બ) કર્ણાટક (ક) ગુજરાત (ડ) ગોવા

(૩) ઘારાપુરી પહોંચવા કઈ મુસાફરી કરવી પડે છે?

(અ) દરિયાઈ (બ) રેલ્વે (ક) હવાઈ (ડ) ભૂમિગત

(૪) ત્રિમૂર્તિના ખરેખર કેટલા મુખ છે?

(અ) પાંચ (બ) દસ (ક) ચાર (ડ) એક

❖ **શિલ્પને સમજીએ.**

ઘારાપુરીની ગુફામાં આવેલું વિશ્વવિખ્યાત શિલ્પ →
- ઊંચાઈ → ______
- નામ → ______
- પહોળાઈ → ______
- ઊંડાણ → ______
- વિશેષતા → ______

અંધકાસુરનો વધ કરતા શિવજીનું સ્વરૂપ →
- આંખો → ______
- હાથની સંખ્યા → ______
- ભ્રકુટિ → ______
- હાથમાંની વસ્તુઓ → ______
- માથા પર છે → ______
- દાંતનું વૈશિષ્ટ્ય → ______

❖ **ઓળખી બતાવો તો માનીએ.**

(૧) ગંગાને પૃથ્વી પર લાવનાર –

(૨) ગંગાને ઝીલનાર –

(૩) કૈલાસ ઉપાડનાર –

(૪) એલિફન્ટાના પ્રવાસે જનાર –

❖ કોષ્ટક પૂર્ણ કરીએ.

| વાક્ય | કોણ બોલે છે? |
| --- | --- |
| (૧) ''કેવો સ્વસ્થ અને શાંત ચહેરો છે!''<br>(૨) ''ત્રણે મોં પર કેવા જુદા જુદા ભાવો છે!''<br>(૩) ''પાર્વતીની પાછળ કોણ ઊભું છે!''<br>(૪) ''શિવજીનું આ યોગી સ્વરૂપ.'' | |

| શિવજીના જીવનના પ્રસંગ | કોના કોના શિલ્પ છે? | વિશેષતા |
| --- | --- | --- |
| શિવતાંડવ | | |
| શિવપાર્વતી લગ્ન | | |

## કૃતિનું મંથન

(૧) એલિફન્ટા ગુફામાં આવેલા શિવાલયની વિશેષતા વર્ણવો.
(૨) કલાધામમાં શું ધ્યાન રાખવું જોઈએ?
(૩) અર્ધનારીશ્વર શિલ્પનું વર્ણન કરો.
(૪) એલિફન્ટાની ગુફાઓની મૂર્તિઓનું ખંડન કોણે કર્યું?
(૫) રાવણે કૈલાસ ઉપાડવાનો પ્રયત્ન કર્યો તે પ્રસંગ તમારા શબ્દોમાં વર્ણવો.

## સ્વમત/સ્વાનુભવ

(૧) બે પળ આંખો બંધ કરો ત્યારે તમારા મનઃચક્ષુ સામે ક્યું દશ્ય ઊભું થાય છે?
(૨) પર્યટન સ્થળોની સુરક્ષા સાચવણી માટે તમારા મતે શું કરવું જોઈએ?
(૩) તમે ગુફા જોવા ગયા છો અને કોઈ મૂર્તિને નુકશાન પહોંચાડી રહ્યું છે, તેને તમે શું કહેશો?

## ભાષિક સમજ

❖ નીચેના વાક્યોમાં યોગ્ય વિરામચિહ્નો મૂકો.

(૧) ને પાર્વતી ડરી ગયાં છે હોં
(૨) હું નહોતી કહેતી તારી કલ્પનાને પાંખો આવશે.
(૩) ચાલો હવે આગળ
(૪) મા રે એમની આંખો જોઈ

❖ નીચેના રૂઢિપ્રયોગનો અર્થ લખી વાક્યમાં પ્રયોગ કરો.

(૧) માથું નમી જવું –
(૨) ક્રોધ ભભૂકવો –
(૩) કલ્પનાને પાંખો મળવી –
(૪) પગને પાંખો આવવી –

❖ કૃતિના આધારે કોષ્ટક પૂર્ણ કરો.

| વિશેષણ | વિશેષ્ય | વિશેષણ | વિશેષ્ય |
|---|---|---|---|
| | નગર | મોટી | |
| | મૂર્તિ | | વાતાવરણ |
| સળંગ | | ખંડિત | |
| મહાન | | | પળ |

ઉપરના કોષ્ટકમાં આપેલા બધાં જ વિશેષણો, વિશેષ્યના ગુણ દર્શાવે છે. તેથી તેને ગુણવાચક વિશેષણ કહેવાય. એ જ રીતે નીચેના વિશેષણનો અભ્યાસ કરો.

| વાક્ય | વિશેષણ | પ્રકાર |
|---|---|---|
| શિવજીના ચાર મુખ છે | ચાર | સંખ્યાવાચક વિશેષણ |
| હવે જુઓ આ બીજું શિલ્પ | બીજું | સંખ્યાવાચક વિશેષણ |

આવા બીજાં વાક્યો લખો.

❖ શબ્દસમૂહ માટે વપરાયેલ શબ્દની યોગ્ય જોડી જોડો.

| | |
|---|---|
| (૧) ચારે બાજુ પાણીથી ઘેરાયેલી જમીન | સૈકો |
| (૨) સ્થાપત્ય જાણનાર | અર્ધનારીશ્વર |
| (૩) જેને ચાર મુખ છે તે | અપૂર્વ |
| (૪) શિવજીએ કરેલું નૃત્ય | ગુફા |
| (૫) અડધું અંગ સ્ત્રીનું અને અડધું અંગ પુરુષનું હોય તે | ચતુર્મુખી |
| (૬) પહાડની બખોલ | બેટ |
| (૭) પહેલાં ન બન્યું હોય તેવું | તાંડવ |
| (૮) સો વર્ષનો સમય | સ્થપતિ |

❖ અર્થ એક શબ્દ અનેક (ઉદાહરણ મુજબ લખો)

(૧) હાથ – કર, ભુજા, બાજુ

(૩) આંખ –

(૨) માથુ –

(૪) પ્રવાસ –

❖ કૃતિમાંથી સ્ત્રીલિંગી, પુલ્લિંગી અને નપુંસકલિંગી શબ્દો શોધીને લખો.

❖ શબ્દ એક અર્થ અનેક

આ ઘારાપુરી બેટ પહેલાં ફિરંગીઓના હાથમાં હતો. અહીં બેટનો અર્થ છે - દ્વિપ

બેટનો બીજો અર્થ - ક્રિકેટમાં દડો ફટકારવા માટે વપરાતું સાધન

તેનો વાક્યમાં ઉપયોગ - કપિલના બેટે તો રનનો વરસાદ વરસાવ્યો.

આ જ રીતે નીચેના શબ્દોના જુદાજુદા અર્થ ધરાવતા વાક્ય તૈયાર કરો.

(૧) મંગળ (૨) વાર (૩) હાર

## વિશેષ કૃતિ

❖ નીચે ક્યા ભાવ દર્શાવવામાં આવ્યા છે તે લખો.



❖ નીચેના શબ્દોમાંના અક્ષરો વડે બનતા નાના શબ્દો લખો.

(૧) વાતાવરણ (૨) ગંગાવતરણ

❖ નીચેની જાહેરાત ધ્યાનથી વાંચો અને પ્રશ્નોના જવાબ લખો.



(૧) જાહેરાત શેના અંગે છે?

(૨) પૃથ્વી ઉપર પીવાલાયક પાણી કેટલું છે?

(૩) જાહેરાત કોણે આપી છે?

(૪) પાણીનો બગાડ ન થાય તે માટે તમે શી કાળજી રાખશો?

❖ **ચાલો જાણીએ.**

ધ્યેય વાક્ય/સૂત્ર એટલે ટૂંકું, સચોટ અને પ્રેરણાદાયી વાક્ય, જે લોકોને નિરંતર પ્રેરણા આપે અને ખૂબ જ ઓછા શબ્દોમાં ગહન બોધ આપે. દા.ત. સત્યમેવ જયતે. પરિસરમાં સાંભળેલા ધ્યેયવાક્ય/સૂત્રોનું સંકલન કરો. પર્યાવરણ દિવસ, પરિવહન, સુરક્ષા સપ્તાહ, સ્વાતંત્ર્યદિવસ નિમિત્તે કહી શકાય તેવા ધ્યેયવાક્યો/સૂત્રો તૈયાર કરો.

❖ **પાણી બચાવવા વિશે બીજા ધ્યેયવાક્યો/સૂત્ર તૈયાર કરો.**

## મારી કલમે

❖ **પર્યટન સ્થળે મૂકવા માટેનું સૂચનાફલક તૈયાર કરો.**




❖ **તમે કરેલા પ્રવાસનું વર્ણન કરતો નિબંધ લખો.**

પ્રવાસનું સ્થળ – સહપ્રવાસીઓ – પ્રવાસ પૂર્વે કરેલી તૈયારી – પ્રવાસમાં સાથે લીધેલી વસ્તુઓ – જોયેલાં સ્થળો – થયેલો અનુભવ – ક્યારેય ન ભૂલાય તેવું.

## પુસ્તકાલયની મુલાકાત

(૧) શ્રી. દુર્ગેશ શુક્લ રચિત ‘છમ છમા છમ’ અથવા ‘શિશુસાહિત્ય સૌરભ’ પુસ્તક મેળવીને વાંચો.

(૨) અન્ય પ્રવાસવર્ણન વાંચો.

વિદ્યાર્થીઓને સ્પષ્ટ-સરળ શબ્દોમાં સમજાવવું કે આપણા ઐતિહાસિક, ધાર્મિક, સાંસ્કૃતિક સ્થળો એ આપણો ભવ્ય વારસો છે. તે વારસાનું જતન કરવું તે આપણું કર્તવ્ય છે. તે અંગે શું કરવું જોઈએ? શું ન કરવું જોઈએ? તે વિશે વર્ગમાં ચર્ચા કરાવી, સૂચના તૈયાર કરાવો. વિદ્યાર્થીઓને નામ – નામના પ્રકાર, સર્વનામ, સર્વનામના પ્રકાર (પુરુષવાચક સર્વનામ, દર્શક સર્વનામ), વિશેષણ-વિશેષણના પ્રકાર (ગુણવાચક વિશેષણ, પ્રશ્નવાચક વિશેષણ, સંખ્યાવાચક વિશેષણ), જાહેરાત વાચન, નિબંધ લેખન, પ્રવાસવર્ણનનો વિશેષ મહાવરો કરાવવો.

## ચાલો, વાંચીએ

# કાન્હેરીનો પ્રવાસ

અમારાં વર્ગશિક્ષિકા પુષ્પાબહેને પૂછ્યું, ''આવતા રવિવારે કાન્હેરીની ગુફાઓ જોવાનું પર્યટન ગોઠવ્યું છે. કોણ કોણ આવશો?''

નવું નવું જોવાનું મન કોને ન થાય? અમે બધાં ખૂબ રાજી થયાં. સહુએ પ્રવાસમાં જવાની હા પાડી. બોરીવલીથી આઠેક કિલોમીટર દૂર કાન્હેરીની ગુફાઓ આવેલી છે, એમ પુષ્પાબહેને કહ્યું હતું.

રવિવારે સવારે અમારી શાળામાં અમે સહુ કાન્હેરી જવા માટે ભેગાં થયાં હતાં. અમારે બસમાં જવાનું હતું. અમે બધાંએ ગણવેશ પહેર્યો હતો. પણ આજે હાથમાં ભણવાની ચોપડીઓ નહોતી. કોઈના હાથમાં બગલથેલી હતી. કોઈએ ઝોળી લીધી હતી. કોઈક પાસે નાનકડી બેગ હતી. પુષ્પાબહેન પણ આવી ગયાં. સહુ ખુશખુશાલ હતાં. અમે બધાંએ બહેનને નમસ્તે કહ્યું. બહેનનાં મોઢા ઉપર પણ આનંદ દેખાઈ આવતો હતો.

પુષ્પાબહેને અમને બધાંને બસમાં બેસી જવાનું કહ્યું. અમે બસમાં બેઠાં. બસ ઊપડી. કેટલાંક વાતો કરતાં હસતાં હતાં. કેટલાંક મજાક કરતાં હસતાં હતાં. એમ અમે સહુ ગમ્મત કરતાં હતાં. આજે તો પુષ્પાબહેન પણ ખુશ હતાં. વખત ક્યાં જતો હતો તેનો ખ્યાલ ન રહ્યો. બસ ઊભી રહી.



બહેને કહ્યું, ''કાન્હેરીની ગુફાઓ આવી ગઈ. સહુ સાચવીને નીચે ઊતરો. ઉતાવળ ન કરશો હોં!'' અમે બધાં ઊતરી ગયાં. સહેજ દૂર ખડકની હારમાળા દેખાતી હતી. ગુફાઓ તો દેખાતી જ નહોતી! હું બોલી ઊઠી, ''બહેન કાન્હેરીની ગુફાઓ ક્યાં છે?'' બહેને હસીને કહ્યું, ''રંજન, તું સામે ખડકોની હારમાળા જુએ છે ને? એ જ કાન્હેરીની ગુફાઓ છે.'' પછી એમણે બધાંને કહ્યું, ''ચાલો, હવે આપણે સહુ ગુફાઓ જોવા જઈએ.'' અમે બધાં ત્યાં ગયાં.

બહેને અમને કહ્યું, ''આ બધાં ખડકો હતાં. તેને કોતરીને કારીગરોએ કેવી સુંદર ગુફાઓ બનાવી છે! ચાલો, અંદર જઈને આપણે જોઈએ.'' અમે અંદર ગયાં. બહેન બોલ્યા, ''આ ગુફાઓ ઓરડીના આકારની છે તે જોયું?'' પથ્થરમાંથી કોતરેલી એ ગુફાઓ જોઈને સહુ ખૂબ ખુશ થયાં

રુસ્તમે પૂછ્યું, ''બહેન આવી ગુફા ઓરડીઓ કોણે કોતરી હશે? શા માટે?''

પુષ્પાબહેને હસીને કહ્યું, ''રુસ્તમ, તે ઠીક સવાલ પૂછ્યો, હું એ જ કહેવાની હતી. આ ગુફાઓ શહેરથી દૂર છે. ભણવા માટે એકાંત અને શાંતિ જોઈએ. બૌદ્ધ ધર્મના સાધુઓ આ ગુફા ઓરડીમાં રહેતા. તેઓ અહીં રહી ધર્મનું જ્ઞાન મેળવતા. કારીગરોએ તેમને માટે આ ગુફાઓ કોતરી હતી.''

અહમદે પૂછ્યું, ''બહેન, અહીં રહેનારા ખાવા-પીવાનું શું કરતા? પાણી ક્યાંથી લાવતા? નજીક કોઈ નદી કે તળાવ તો દેખાતું નથી!''

બહેને હસીને કહ્યું, ''અહમદ, તને ખાવા પીવાનો વિચાર આવે તે કુદરતી છે. ચાલો, હું તમને બીજું કાંઈક બતાવું.'' એમ કહીને અમને ગુફામાંથી બહાર આવવાનું કહ્યું. નજીકના એક પથ્થરમાં કોતરેલું ચોખંડા આકારનું બાકોરું તેમણે બતાવ્યું. પછી બોલ્યાં, ''તમે અંદર જુઓ, પાણી દેખાય છે ને? પથ્થરમાંથી કોતરેલું પાણીનું એ ટાંકું છે. તેમાં પાણી સંઘરી રાખવામાં આવે છે. જોયું, તેમાં કેવું સ્વચ્છ અને ઠંડું પાણી છે! સાધુઓએ આજુબાજુએથી ફળો લાવી, ફળાહાર કરી જીવન ગુજાર્યું હશે એમ લાગે છે. અહમદ, તેઓ ખાવાપીવાનું શું કરતા તે હવે તને સમજાયું ને?''

નંદીનીએ પૂછ્યું, ''બહેન, અહીં આટલી બધી ગુફાઓ કેમ છે?''બહેને જવાબ આપ્યો, ''વર્ષો પહેલાંનું આ સ્થાન ધર્મનું શિક્ષણ આપવાની શાળા હશે. અહીં ગુરુ અને શિષ્યો રહ્યા હશે. આ મોટી ઓરડીઓમાં ગુરુ અને નાનીમાં શિષ્યો રહે એવી ગોઠવણ કરી હશે. અહીં તેઓએ ધર્મજ્ઞાન મેળવ્યું હશે.''

પછી અમે સહુ રમતો રમ્યાં. વખત થયો એટલે અમે સહુ સાથે જમવા બેઠાં. અમે થોડો આરામ કર્યો, થોડી રમતો રમ્યાં અને ગીતો ગાયાં. પાછાં જવાનો વખત થઈ ગયો છે એમ પુષ્પાબહેને કહ્યું એટલે અમે બધાં બસમાં બેસી પાછાં આવ્યાં. સહુ પોતપોતાને ઘેર પહોંચી ગયાં. કાન્હેરીના પ્રવાસમાં ખૂબ મજા આવી. અમને જાણવાનું પણ ઘણું મળ્યું. આ પ્રવાસને લીધે અમારા વર્ગનાં સહુ એકબીજાનાં મિત્રો જેવાં બની ગયાં.

★ **પ્રવાસથી થતા લાભ વિશે વર્ગમાં ચર્ચા કરો.**

★ **પ્રસ્તુત કૃતિનો સારાંશ તમારા શબ્દમાં લખો.**

❖ **નીચેના ચિત્રોનું નિરીક્ષણ કરીને તેનું વર્ણન તમારા શબ્દોમાં લખો.**



જોડીમાં તમારા સહાધ્યાયી સાથે આ ચિત્ર વિશે ચર્ચા કરો. તમારા પરિસરમાં તમને આવો કોઈ અનુભવ થયો હોય, તે સમયે તમારા મનમાં ઉદ્ભવેલા પ્રશ્નો વિશે મિત્ર સાથે ચર્ચા કરો.

**ઐતિહાસિક સ્મારકોની જાળવણી આપણી અનિવાર્ય ફરજ છે.**

# ૮. ફૂલોની ફરિયાદ

*(દાંડી પીટવાનો અવાજ)*

દાંડી પીટનાર : આથી સર્વે લોકોને જાણ કરવામાં આવે છે કે આજે સાંજે કાશ્મીરના નિશાત બાગમાં એક જાહેર સભા મળશે. એમાં દેશનાં પ્રખ્યાત ફૂલો ઠાઠમાઠથી પધારશે. એ જોવા સાંભળવા સૌને સમયસર પધારવા વિનંતી છે... એ... એ... એ...

*(ત્યાં ઊડતો ઊડતો ભમરો આવે છે.)*

ભમરો : ગૂન... ગૂન... ગૂન! દેશભરનાં ફૂલો રંગભરી વાતો લઈ આવે ત્યાં હું ના જાઉં એ ચાલે? અહોહો! આમ તો જુઓ, અરે! ગુજરાતનાં ગુલાબ, બંગાળનાં બકુલ, સૌરાષ્ટ્રનાં કેસૂડાં, રાજગઢી રાતરાણી, સોનાગઢી સૂરજમુખી પણ આવી પહોંચ્યાં. મોગરો, જાઈ, જૂઈ, ચંપો, ચમેલી, કરેણ, ગુલમહોર, કમળ, કદંબ આવીને ક્યારનાં બેસી ગયાં છે. કોની રાહ જોવાની હોય પછી?

*(પંખીઓનો કલરવ)*

*(ગુલાબને પ્રમુખની ખુરસી પર બેસાડવામાં આવે છે.)*

ગુલાબ : *(પ્રમુખની ખુરસી પાસે આવી)* માનવંતા સદ્‌ગૃહસ્થો અને બહેનો! આજની સભાનું પ્રમુખપદ મને આપી તમે મને આભારી કર્યો છે. આજના અવસરનો હેતુ હું તમને ટૂંકમાં જણાવીશ. આપણે સૌ બાગનાં મઘમઘતાં ફૂલડાં છીએ. જીવનભર સુગંધ પાથરીએ છીએ. છતાં લોકો આપણને ચૂંટી, ચીમળી, ચગદી, કચડી દુ:ખ દે છે. કેટલાંકને સૂકવી, બાફી, ઉકાળી દે છે અને તેલ, અર્ક અને અત્તર કાઢી કૂચા બહાર ફેંકી દે છે. ઘણી વાર આપણને સોયમાં પરોવી દે છે.

*(‘શરમ છે, શરમ છે’ના મોટા અવાજો)*

તો આપણે આપણી ફરિયાદો કરવાની છે. સૌથી પહેલાં સૂરજમુખી ફરિયાદ રજૂ કરશે.



**સૂરજમુખી** : *(પ્રમુખ પાસે આવી સભા સામે ઊભી રહી)* હું હંમેશ મારું મુખ સૂરજ તરફ રાખી જેમ સૂરજ ફરે તેમ ફરું છું. હું બાગને શોભાવું છું, પણ લોકો મને તોડી લે છે. મારી પાંખડીઓમાંથી પીળો રંગ બનાવે છે. મારા પાકેલાં બી શેકીને ચણા-મમરાની માફક ખાય છે, એટલું જ નહિ મને પીસીને તેમાંથી તેલ પણ કાઢે છે.

**ગુલાબ** : હવે પારિજાતને પોતાની ફરિયાદ રજૂ કરવા વિનંતિ કરું છું.

**પારિજાત** : ભાઈઓ અને બહેનો! હું નાજુક અને નમણું છું. મારી પાંખડીઓ સફેદ અને કોમળ છે. મારી દાંડલી કેસરી રંગની છે. હું રાતે ખીલું છું. સવારે ખરી પડું છું. મારી સુકુમારતા અને સુંદરતાનો લોકો લાભ લૂંટે છે. મને દેવને માથે મૂકે છે તથા વેણીમાં, હારમાં પરોવે છે. પણ પછી? હું માનવીઓનાં પગ નીચે કચરાઉં છું.

**ગુલાબ** : હવે કાદવમાં જન્મી આપમેળે ખીલનાર કમળ બોલશે.

**કમળ** : મિત્રો, હું તળાવમાં ઉગનારું ફૂલ છું. સૂર્ય ઊગે ત્યારે અમે ખીલીએ છીએ. એના અસ્ત સાથે અમારી પાંખડીઓ બિડાઈ જાય છે. અમારી બીજી જાત કુમુદિની અથવા ચંદ્રકમળ રાત્રે ખીલે છે. ભગવાન વિષ્ણુના હાથમાં હું શોભું છું, લક્ષ્મીદેવીનું આસન પણ હું છું, લોકો મારા તંતુ ખેંચી કેસર બનાવે છે. મારાં બીજ કમળ-કાકડી તરીકે વાપરે છે.

**ગુલાબ** : કમળ પછી રાતરાણી આપને બે બોલ કહેશે.

**રાતરાણી** : મારામાં સુગંધની બહાર છે, રૂપનો અંબાર છે, પણ લોકો મને તોડી ચીમળી નાખે છે. મારો



જાતભાઈ બકુલ પણ જેમ ચીમળાય તેમ વધુ સુગંધ આપે છે.

ગુલાબ : હવે કેસૂડાનું ફૂલ પોતાની રંગભરી વાત કહેશે.

કેસૂડાનું ફૂલ : પ્યારાં ભાઈ બહેનો, હું ખાખરાના ઝાડ પરનું ફૂલ છું. રંગ અમારો કેસરી છે. ફાગણ આવે હું મતવાલું બનું છું. હોળીના ઘેરૈયા મને સૂકવી, પલાળી રંગે ઘોળે છે, હોળી ખેલે છે. હાય! એમનો ઉલ્લાસ અને મારો વિનાશ! કેટલાક લોકો મને ખાંડી, વાટી, ચાળી દવા બનાવી ખાય છે. મારા છોડનાં પાનના પડિયા-પતરાળાં બનાવી થાળી વાટકા તરીકે ઉપયોગ કરે છે.

ગુલાબ : આપણી આ સભા પૂરી થાય છે. તે પહેલાં ...

કપાસનું ફૂલ : ઊભા રહો, પ્રમુખ સાહેબ! હું વણનોતર્યો મહેમાન છું. મારે બે શબ્દ કહેવા છે.

ગુલાબ : જરૂર, જરૂર, તમે પણ ખુશીથી બોલો.

કપાસનું ફૂલ : હું ખેતરનું ફૂલ છું, વન અને બાગનું નહિ.મારામાં રૂપ, રંગ અને વાસ નથી. મારામાંથી ફળ થાય છે, તે જીંડવું. એ ફાટે ત્યારે રૂ નીકળે છે. મારા રૂને યંત્રોમાં પિસાવું પડે છે, લોખંડની ત્રાકો પર કંતાવું પડે છે. આ રીતે મારામાંથી કાપડ બને છે. હું જ માનવીના શરીરને ઢાંકી લાજ સાચવું છું. માટે ભાઈઓ! સેવા કરતાં ખપી જવું એ જ જિંદગીની મોજ છે, ફરિયાદ કરવામાં નહિ.

ગુલાબ : પ્યારા ફૂલ-મિત્રો! તમે બધાં ફૂલોની વાત સાંભળી, હવે હું મારી વાત કહું. હું કાંટામાં રહું છું, છતાં જગતને હસતાં શીખવું છું. આમ દુઃખ સહન કરીને હસતાં રહેવું એ જ જીવનની કળા છે. આપણે સૌ જગતને સુગંધ, શોભા, ખોરાક, પોશાક વગેરે આપીએ છીએ. લોકો આ ઉપકાર ભૂલી જાય છે. આપણી સાથે ક્રૂર વર્તન દાખવે છે, એનું આપણને બધાંને દુઃખ છે. માટે માનવજાત આગળ વિનંતિના રૂપમાં ઠરાવ મૂકીએ, તો કેમ? તમે સૌ સહમત છો ને?

બધાં : હા... જી... હા... જી...

બકુલ : તો પછી કમળપત્ર લો, ગુલાબના કાંટાની કલમ બનાવો, કેસૂડાંના રંગની શાહી બનાવો, કેસરી અક્ષરે આપણાં વિચારો લખો અને માનવજાતને પહોંચાડો. અંતે એ પણ લખજો કે તમે પણ તમારા જીવનમાં આવતી મુશ્કેલીઓથી ગભરાયા વગર અમારી જેમ જ હસતા રહી સદ્‌ગુણોની સુગંધ ફેલાવતા રહેજો.

ગુલાબ : હું આપ સૌનો આભાર માનું છું. આજની આપણી સભા બરખાસ્ત થાય છે.

ગુલાબ : બોલો સૌ... ફૂલબાગ ઝિંદાબાદ!

બધાં : ફૂલબાગ ઝિંદાબાદ...!



## ચાલો, કૃતિ કરીએ

❖ **વિચારીએ, ચર્ચા કરીએ અને કહીએ.**

(૧) તમને ગમતું ફૂલ કયું છે?

(૨) તમે ફૂલનો શો ઉપયોગ કરો છો?

(૩) શું તમને ફૂલોની ફરિયાદ યોગ્ય લાગે છે?

(૪) તમારા મતે ફૂલ સિવાય પ્રકૃતિના બીજા કયા તત્વોને માનવ સામે ફરિયાદ હશે?

(૫) પ્રકૃતિનું રક્ષણ શા માટે જરૂરી છે?

(૬) પ્રકૃતિનાં કયાં કયાં તત્વો આપણાં પરમ ઉપકારી છે?

### કૃતિના આધારે

❖ **ફરિયાદીને ઓળખો.**

(૧) મારા પાકેલાં બી શેકીને ચણા-મમરાની માફક ખવાય છે –

(૨) મને દેવને માથે મૂકે, વેણીમાં ને હારમાં પરોવે ને પછી માનવી પગ નીચે કચડે –

(૩) લોકો મારા તંતુ ખેંચી કેસર બનાવે છે –

(૪) લોકો મને તોડી ચીમળી નાખે છે –

(૫) મને ખાંડી, વાટી, ચાળી દવા બનાવે, મને સૂકવી, પલાળી રંગે ઘોળે છે –

(૬) યંત્રોમાં પિસાઉં છું ને લોખંડની ત્રાક પર કંતાઉં છું –

❖ **યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(૧) કાશ્મીરના નિશાત બાગમાં એક ______________ ભરાશે.

(અ) સામાન્ય સભા (બ) જાહેરસભા (ક) વાર્ષિક સભા

(૨) સૌથી પહેલા ______________ એ ફરિયાદ રજૂ કરી.

(અ) ગુલાબ (બ) પારિજાત (ક) સૂરજમુખી

(૩) કાદવમાં જન્મી ______________ આપમેળે ખીલે છે.

(અ) ગુલાબ (બ) કમળ (ક) કરેણ

(૪) કપાસનું ફૂલ માનવીના શરીરને ઢાંકી ______________ સાચવે છે.

(અ) શરીર (બ) સમય (ક) લાજ

❖ **મને ઓળખો.**

(૧) મેં જાહેરસભાની ખબર લોકો સુધી પહોંચાડી –

(૨) મારું જન્મસ્થાન કાદવ છે –

(૩) કમળની બીજી જાત –

(૪) મને જાહેરસભાનું પ્રમુખપદ મળ્યું –

(૫) મારામાં સુગંધની બહાર છે –

❖ **આકૃતિબંધ પૂર્ણ કરો.**




## કૃતિનું મંથન

(૧) લોકો ફૂલોને કેવાં દુઃખ આપે છે?

(૨) પારિજાતે પોતાની વેદના કઈ રીતે જણાવી?

(૩) કેસૂડાંના ફૂલોનો શો ઉપયોગ થાય છે?

(૪) લોકો ફૂલોના કયા ઉપકારો ભૂલી જાય છે?

(૫) ફૂલોની સભાનો ઠરાવ માનવજાતને કઈ રીતે પહોંચાડવાનું નક્કી કર્યું ?

(૬) સૂરજમુખીના કયા કયા ઉપયોગો છે?

(૭) કમળે પોતાની કઈ વિશેષતાઓ બતાવી?

(૮) કપાસના ફૂલોની શી વિશેષતા છે?

## વિધાન પર ચર્ચા

**'સેવા કરતાં ખપી જવું એ જ જિંદગીની મોજ છે, ફરિયાદ કરવામાં નહીં.'**

## ભાષિક સમજ

❖ **નીચેના શબ્દોને વર્ણાનુક્રમ પ્રમાણે ગોઠવો..**

(૧) જાઈ, જૂઈ, કમળ, કરેણ, ચંપો, ચમેલી

(૨) ફરિયાદ, ફળ, ફૂલ, ફોરમ, ફાગણ

(૩) સભા, ફૂલો, સુગંધ, અર્ક, અત્તર

(૪) સૂરજ, રાત, દિવસ, ચંદ્ર, પાંખડી

❖ **નીચે આપેલા શબ્દોના વિરોધી શબ્દ લખો.**

(૧) અંદર ×

(૨) દુર્ગંધ ×

(૩) પછી ×

(૪) ખીલવું ×

(૫) કઠોર ×

(૬) દુરુપયોગ ×

❖ **નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.**

(૧) ફૂલમાંથી કાઢવામાં આવતું સુગંધિત પ્રવાહી –
(૨) કપાસના છોડનો કોટલાવાળો બીજકોષ –
(૩) વનસ્પતિના પાનમાંથી ભોજન માટે બનાવેલું પાત્ર –
(૪) સૂરજની સામે પોતાનું મુખ કે ઉપલો ભાગ રાખતું –
(૫) સત્વહીન છોતરા –
(૬) આમંત્રણ વગર જનાર –
(૭) પાંદડાંના વાટકા –

❖ **શબ્દસાંકળ પૂર્ણ કરો.**

(૧) ગુલાબ → બતક → કબૂતર → ____ → ____
(૨) ઠાઠમાઠ → ____ → ____ → ____ → ____
(૩) ઠરાવ → ____ → ____ → ____ → ____
(૪) કદંબ → ____ → ____ → ____ → ____

❖ **નીચેના શબ્દોના વચન બદલો.**

(૧) ફૂલ –
(૨) ભમરો –
(૩) પતરાળું –
(૪) વાટકી –
(૫) માનવી –
(૬) કાંટો –

❖ **નીચે આપેલા રૂઢિપ્રયોગનો અર્થ લખી વાક્ય તૈયાર કરો.**

(૧) લાભ લૂંટવો
(૨) ઠરાવ પાસ કરવો

❖ **ક્રિયાપદના પ્રકાર શીખીએ**

વાક્યમાં ક્રિયા બતાવનાર પદને ક્રિયાપદ કહે છે. ક્રિયાપદના બે પ્રકાર જોઈએ.

| સકર્મક ક્રિયાપદ | અકર્મક ક્રિયાપદ |
|---|---|
| મીરા લાડુ ખાય છે.<br>સૂરજ પ્રકાશ આપે છે.<br>જે ક્રિયાપદને કર્મ હોય તેને સકર્મક ક્રિયાપદ કહેવાય છે. | ફૂલ ખીલ્યું છે.<br>બાળક હસે છે.<br>જે વાક્યમાં ક્રિયાપદ હોય પણ તેને કર્મ ન હોય, તેને અકર્મક ક્રિયાપદ કહેવાય છે. |

❖ **નીચેનાં ક્રિયાપદના પ્રકાર ઓળખો.**

(૧) અને નિબંધ લખીશું
(૨) પવન વાય છે.
(૩) બા ફળ લાવે છે.
(૪) મોર નાચે છે.
(૫) હું પાઠ વાંચું છું.
(૬) મેઘા ગાય છે.

## વિશેષ કૃતિ

❖ **નીચે આપેલ જાહેરાત વાંચી ઉત્તર લખો.**




(૧) જાહેરાત શેના વિશે છે?
(૨) પ્રદર્શનનું મુખ્ય આકર્ષણ શું છે?
(૩) પ્રદર્શન કેટલા દિવસ ચાલશે?
(૪) પ્રદર્શનનું સ્થળ કયું છે?
(૫) પ્રદર્શનમાં કેવાં ફૂલો જોવા મળશે?
(૬) પ્રદર્શનમાં શું શીખવવામાં આવશે?
(૭) પ્રદર્શનનો સમય શું છે?
(૮) પ્રદર્શનનું પ્રવેશ મૂલ્ય કેટલું છે?

❖ **તમારી શાળામાં બાળસભાનું આયોજન કરો. બાળસભાની માહિતી આપતો સંદેશ તૈયાર કરો.**

❖ **તમારી આસપાસ, ઘરે/શાળામાં ક્યાં ક્યાં વર્તમાનપત્રો આવે છે, તેનાં નામ લખો.**

❖ **તમારી આસપાસ, ઘરે/શાળામાં ઘટેલી કોઈ ઘટનાનું વર્ણન કરો. એ ઘટના સંદર્ભે તમારા મનમાં ઊઠતા પ્રશ્નોની યાદી તૈયાર કરો.**

❖ **વર્તમાનપત્ર, સામયિકમાં પ્રકાશિત બોધકથા, રમૂજી ટૂચકા, શબ્દચોરસ, ભાષિક રમતોનો સંગ્રહ કરો.**

### સંભાષણ

પ્રદૂષણથી પર્યાવરણને થતી હાનિ વિશે સમૂહ ચર્ચા કરો.

### મારી કલમે

'મારું પ્રિય ફૂલ' વિષય પર નિબંધ લખો.

વિદ્યાર્થીઓને દશ્ય-શ્રાવ્ય સાધનોની મદદથી જુદાં જુદાં ફૂલોના ચિત્રો દર્શાવી, તેમની ઉપયોગિતા વિશે વિશેષ માહિતી આપવી. આ કૃતિને ટૂંકમાં પરિચ્છેદ સ્વરૂપે વર્ગમાં રજૂ કરવા પ્રેરિત કરવા.

## ચાલો, વાંચીએ

### પ્રા.ડૉ. શ્રદ્ધાબેન ત્રિવેદી સાથેની મુલાકાતનો કેટલોક ભાગ

(શ્રદ્ધાબહેન ગુજરાતી સાહિત્યમાં એમ.એ., પી.એચ.ડી. થયા છે. બાળસાહિત્યમાં એમનું પ્રદાન પ્રશંસનીય છે. વિવેચન ક્ષેત્રે અને ટૂંકી વાર્તાના ક્ષેત્રમાં પણ તેમણે સારું કામ કર્યું છે, છતાં તેમનો રસનો વિષય બાલસાહિત્ય જ રહ્યો છે.)

કિરીટભાઈ : આપનો જન્મ કયાં અને ક્યારે થયો હતો?

શ્રદ્ધાબહેન : મારો જન્મ તા. ૨-૮-૧૯૪૮ના રોજ પેટલાદમાં થયો હતો.

કિરીટભાઈ : તમારા માતા-પિતા અને કુટુંબનો પરિચય આપશો?

શ્રદ્ધાબહેન : મારા પિતાનું નામ જગદીશચંદ્ર ત્રિપાઠી અને માતાનું નામ રમાબહેન છે. મારા પતિનું નામ અશ્વિનભાઈ ત્રિવેદી. તેઓ ટ્યુટોરિયલ હાઇસ્કૂલમાં આચાર્યપદે હતા. હાલ નિવૃત્ત છે. બે દીકરા છે, એક હોમિયોપેથી ડૉક્ટર છે અને બીજો એન્જિનિયર છે.

કિરીટભાઈ : આપને સાહિત્યમાં રુચિ કેવી રીતે થઈ?

શ્રદ્ધાબહેન : આમ તો મારા પિતાજી શિક્ષક હતા. નાનપણમાં વાંચનનો બેહદ શોખ અને ઘરના સાહિત્યિક વાતાવરણને લીધે મને સહેજે સાહિત્ય તરફ ખેંચાણ થયું. શાળામાં સ્પર્ધાઓ યોજાતી ત્યારે લખતી. મેં ૧૯૮૦માં ગુજરાતી સાહિત્ય પરિષદમાં નોકરી શરૂ કરી. ત્યાં બાળવાર્તાઓ લખી અને મારો બાળવાર્તાસંગ્રહ ‘‘ઠેરના ઠેર’’ પ્રકાશિત થયો. જે નીલકંઠ શ્રેણીમાં છપાયો. પરામર્શ સમિતિમાં શ્રી. અનંતરાય રાવલસાહેબ હતા અને મારી વાર્તાઓ પસંદ થઈ તેનો મને અનહદ આનંદ હતો.

કિરીટભાઈ : આપે બાળસાહિત્યમાં વધારે રસ લઈ કામ કર્યું એનું કારણ શું?

શ્રદ્ધાબહેન : કારણ તો કશું નહિ. પહેલેથી જ બાળકો ગમે. મારા દીકરાઓ જ્યારે નાના હતા ત્યારે વાર્તા કહેવાનું કહે. તે વખતે બાળવાર્તાઓ લખાઈ. મને એમ લાગે છે કે વાર્તા દ્વારા બાળકો સાથે એકત્વ સાધી શકાય છે.

કિરીટભાઈ : દરેકના જીવનમાં સંઘર્ષનો સમય પણ આવે છે. આપે જીવનમાં ક્યારેય સંઘર્ષ અનુભવ્યો છે ખરો?

શ્રદ્ધાબહેન : આમ તો સ્ત્રીઓને ડગલે ને પગલે સંઘર્ષ આવ્યા જ કરતો હોય છે. પણ સર્જન અને ઘરકામ એ બંને વચ્ચે માનસિક તાણ મેં અનુભવી છે. ક્યારેક તો મગજમાં અનેક વિચારો લખવા માટે પ્રેરિત કરતા હોય પણ પરિસ્થિતિવશ જ્યારે ન લખાય ત્યારે પણ માનસિક તાણનો અનુભવ કર્યો છે. બાકી કોઈ મોટા સંઘર્ષો જીવનમાં આવ્યા નથી.

કિરીટભાઈ : આપના પ્રિય બાળસાહિત્યકારો કોણ?

શ્રદ્ધાબહેન : આ જવાબ આપવો અઘરો છે. છતાં મને રવીન્દ્રનાથ ટાગોર અને શરદબાબુનું બાળસાહિત્ય વધુ ગમે છે. પછી હાન્સ એન્ડરસન અને જુલેવર્ન ગમે. ગુજરાતી સાહિત્યમાં ત્રિભુવન વ્યાસ, હરિપ્રસાદ વ્યાસ, ગિજુભાઈ બધેકા, હંસા મહેતા, રમણલાલ સોની, સુન્દરમ્, યશવંત મહેતા, હરીશ નાયક, ઈશ્વર પરમાર, રક્ષા દવે, લાભશંકર ઠાકર, ઉદયન ઠક્કર વગેરે લેખકો સરસ લખે છે.

કિરીટભાઈ : બાળસાહિત્યની પાંખો હજી વધારે વિકસે તેને માટે શું કરવું જોઈએ?

શ્રદ્ધાબહેન : પહેલા કરતા અત્યારે બાળસાહિત્યનો વિકાસ સારો થઈ રહ્યો છે. છતાં હું એમ કહું છું કે ગુજરાતી પુસ્તકોના અંગ્રેજી અનુવાદો થવા જોઈએ. બીજું ટીવી-રેડિયોના ઉપકરણો દ્વારા તેને વધારે બાળકો સુધી વાર્તા - નાટક રૂપે પહોંચે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

કિરીટભાઈ : બાળસાહિત્ય લખનારની નવી કલમને શો સંદેશો આપશો?

શ્રદ્ધાબહેન : બાળસાહિત્યકારે બાળકો સાથે તદ્રૂપ થવું જોઈએ. બાળકોની સંવેદના-ભાષા-મન ઘડાય તેવું લખવું જોઈએ. કુટુંબ-સમાજ પ્રત્યે હકારાત્મક વલણ ઘડાય તેવું લખવું જોઈએ. નવા કલ્પનો-નવા વિચારોને તેમાં સ્થાન હોવું જોઈએ. બાળક પોતાની મેળે સમજી શકે તેવી ભાષાનો ઉપયોગ કરાવો જોઈએ. આ બધી બાબતોને જો ધ્યાનમાં રાખવામાં આવે તો મને લાગે છે કે ઉત્તમ સર્જન આપણને અને બાળકને મળે.

કિરીટભાઈ : શ્રદ્ધાબહેન, આપે સમય કાઢીને મારી સાથે આટલી વાત કરી એ બદલ આપનો આભાર.

શ્રદ્ધાબહેન : આભાર, ભાઈ આભાર.

આપ પણ આપના મમ્મી, પપ્પા, શિક્ષક કે મિત્રની મુલાકાત માટે પ્રશ્નોત્તરી તૈયાર કરો.



# ૯. વીર બાજીપ્રભુ

♦ ચાલો, ગાઈએ

એક હતો એવો સરદાર,
જન્મભૂમિનો તારણહાર,
આજે પણ જેનાં જયગાન,
સાંભળતાં ઊપજે અભિમાન.

અમર કીર્તિ પામ્યો રણધીર,
બાજીપ્રભુ એવો બલવીર,
ઊંચા પર્વત,વસમી વાટ,
નીચે વચમાં નાનો ઘાટ.

વિશાળ ગઢના બુરજો દૂર,
શેં પહોંચવું? પાછળ પૂર,
દુશ્મનના દળનો નહીં પાર,
માત્ર મરાઠા ચાર હજાર.

એમ શિવાજી કરે વિચાર,
ત્યાં બોલ્યા બાજી સરદાર,
''સુખે સિધાવો, શિવ મહારાજ,
અમર તપો અમ દેશ-સ્વરાજ.

ભલે હોય એ ફોજ વિરાટ,
અહીં ઊભો રહી રોકીશ વાટ,
પ્રાણ હશે ત્યાં લગી ન લેશ,
દુશ્મનથી અહીં થાય પ્રવેશ.''

ઊભા સાથે સુભટ પચાસ,
ધસી આવતા શત્રુ પાસ,
શિવ ભૂપનો જમણો હાથ,
બાજીપ્રભુ ભીડે જઈ બાથ.

ધસે ફોજ જાણે જળધોધ,
ડગલું એક પણ ખસે ન જોધ,
અડગ ઊભો વીંઝે તલવાર,
શત્રુ તણો કરતો સંહાર.



ઘોર મચાવે બાજી જંગ,
જોઈ થયા દુશ્મન પણ દંગ,
જખમ થતાં ખૂબ વહે રુધિર,
તો પણ હઠે ન રણધીર.

તોપ તણો ત્યાં થયો અવાજ,
'જય હો! અમર હો! રહી લાજ,'
એમ બોલતો ગયો સ્વધામ,
અમર નામના! અક્ષય કામ!



સર્જક પરિચય **શ્રી. અમીદાસ કાણકિયા**

બોટાદમાં જન્મેલા શ્રી. અમીદાસ કાણકિયા વ્યવસાયે શિક્ષક હતા. તેઓ મુખ્યત્વે તેમની દેશભક્તિ અને શૌર્યરસથી સભર રચનાઓ માટે જાણીતા છે. ખાસ કરીને ઐતિહાસિક પાત્રો અને પ્રસંગોને કાવ્યમાં જીવંત કરવામાં તેમની હથોટી છે. 'દીપશિખા' અને 'દીપજ્યોતિ' તેમની પ્રચલિત કૃતિઓ છે.

## ચાલો, કૃતિ કરીએ

❖ **વિચારીએ, ચર્ચા કરીએ અને કહીએ.**

(૧) છત્રપતિ શિવાજી મહારાજના જીવનનો કયો પ્રસંગ તમને પ્રેરણા આપે છે?
(૨) છત્રપતિ શિવાજી મહારાજના બીજા કયા સરદાર વિશે તમે જાણો છો?
(૩) સ્વરાજ એટલે શું?
(૪) આ કૃતિનો સાહિત્ય પ્રકાર કયો છે?

## કૃતિના આધારે

❖ **યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય પૂર્ણ કરો.**

(૧) ધસે ________________ જાણે જળધોધ, ડગલુ એક પણ ખસે ન જોધ.
(અ) ફોજ (બ) સૈન્ય (ક) દળ

(૨) એક હતો એવો સરદાર, જન્મભૂમિનો ________________
(અ) તારણહાર (બ) રક્ષણહાર (ક) બચાવનાર

(૩) ઘોર મચાવે ________________ જંગ, જોઈ થયા દુશ્મન પણ દંગ.
(અ) સરદાર (બ) મહારાજ (ક) બાજી

(૪) અમર કીર્તિ પામ્યો રણધીર, બાજીપ્રભુ એવો ________________
(અ) મહાવીર (બ) ભડવીર (ક) બલવીર

(૫) વિશાળ ગઢના ________________ દૂર, શેં પહોંચવું? પાછળ પૂર.

(અ) ગુંબજ (બ) બુરજો (ક) મિનાર

❖ **કહો કોણ?**

(૧) શિવાજી મહારાજનો જમણો હાથ –

(૨) ચાર હજારની સંખ્યા જેની છે તે –

(૩) બાજીપ્રભુને લડતા જોઈ દંગ રહી જનાર –

(૪) બાજીપ્રભુ સાથે પચાસની સંખ્યામાં હતા –

❖ **નીચેનાં વાક્યોને ઘટનાક્રમ અનુસાર લખો.**

(૧) મોટી સંખ્યામાં દુશ્મનોનો સામનો થયો.

(૨) શિવાજી મહારાજે ગઢ પર જઈ તોપનો સંકેત કર્યો.

(૩) બાજીપ્રભુએ પચાસ સુભટો સાથે દુશ્મનોને રોકી રાખ્યા.

(૪) શિવાજી મહારાજ પોતાના સૈનિકો સાથે વિશાળગઢ જવા નીકળ્યા.

(૫) તોપનો અવાજ સાંભળી બાજીપ્રભુ શહીદ થઈ ગયા.

(૬) ખૂંખાર યુદ્ધ કરતા કરતા બાજીપ્રભુ લોહીલુહાણ થઈ ગયા.

❖ **સાચું કે ખોટું લખો.**

(૧) બાજીપ્રભુ યુદ્ધને અડધું મૂકી મેદાન છોડી ભાગી ગયા. સાચું / ખોટું

(૨) આ શૌર્યગીત વિશાળગઢના યુદ્ધ વિશે છે. સાચું / ખોટું

(૩) આ યુદ્ધ પછી બાજીપ્રભુ જીવતા રહ્યા. સાચું / ખોટું

(૪) બાજીપ્રભુ શિવાજી મહારાજના બહાદુર લડવૈયા હતા. સાચું / ખોટું

(૫) વિશાળગઢનો રસ્તો સુગમ હતો. સાચું / ખોટું

(૬) બાજી સરદારે શિવાજીને જતા રોક્યા. સાચું / ખોટું

## કૃતિનું મંથન



(૧) વિશાળગઢનો રસ્તો કેવો હતો?

(૨) બાજીપ્રભુએ સાંકડા ઘાટ આગળ લડવાનું કેમ નક્કી કર્યું?

(૩) તોપનો અવાજ સાંભળીને બાજીપ્રભુ શું બોલ્યા?

(૪) કાવ્યમાં બાજીપ્રભુ માટે કયા કયા વિશેષણો વપરાયા છે?

(૫) બાજીપ્રભુએ શિવાજી મહારાજને શું કહ્યું?

(૬) દુશ્મન સાથે બાજીપ્રભુની લડાઈનું વર્ણન કરો.

## પંક્તિ પર ચર્ચા

❖ **તમારા મતે આ પંક્તિનો અર્થ શું છે ? જૂથમાં તે વિશે ચર્ચા કરો.**

ભલે હોય એ ફોજ વિરાટ, અહીં ઊભો રહી રોકીશ વાટ,
પ્રાણ હશે ત્યાં લગી ન લેશ, દુશ્મનથી અહીં થાય પ્રવેશ.

## ભાષિક સમજ



❖ **વિશેષણ અને વિશેષ્યની યોગ્ય જોડી જોડો.**

| | |
|---|---|
| (૧) અમર | ગઢ |
| (૨) અક્ષય | પર્વત |
| (૩) વિરાટ | વાટ |
| (૪) ઊંચા | ઘાટ |
| (૫) વસમી | કીર્તિ |
| (૬) વિશાળ | ફોજ |
| (૭) નાનો | હાથ |
| (૮) જમણો | કામ |

❖ **શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.**

(૧) નાશ ન પામે એવું –
(૨) મરે નહીં એવું –
(૩) મુખ્ય મદદગાર માણસ –
(૪) પહાડી રસ્તો –
(૫) યુદ્ધમાં અડગ રહેનાર –

❖ **નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલ શબ્દ લખો.**

(૧) સૈન્ય
(૨) ચકિત
(૩) લડવૈયા
(૪) નામના
(૫) ઘા
(૬) મોટું
(૭) કિલ્લો
(૮) મુશ્કેલ

❖ **નીચેના શબ્દોના વિરોધી શબ્દ લખો.**

(૧) પધારો ×
(૨) દોસ્ત ×
(૩) સંહાર ×
(૪) વિરાટ ×
(૫) વસમું ×
(૬) મિત્ર ×

❖ **રૂઢિપ્રયોગનો અર્થ જાણી વાક્યમાં ઉપયોગ કરો.**

(૧) દંગ રહી જવું
(૨) પાછળ હઠવું
(૩) લાજ રહી જવી
(૪) બાથ ભીડવી
(૫) ધસી આવવું
(૬) વાટ રોકવી

❖ **ખાલી જગ્યામાં ક્રિયાપદનું યોગ્ય રૂપ લખો.**

(૧) જખમમાંથી લોહી ________________ (વહેવું) હતું.

(૨) સૈનિકનું જયગાન સાંભળીને અભિમાન ________________ (ઉપજવું) છે.

(૩) સરદાર તલવાર ________________ (વીંઝવું) હતો.

(૪) બાજીપ્રભુએ દુશ્મનોને ________________ (રોકવું) રાખ્યા.

❖ **અલંકાર શીખીએ**

નીચેની પંક્તિ વાંચો.

(૧) પ્રેમ પદારથ અમો પામીએ, વામીએ જન્મમરણ જંજાળ

(૨) ઘેર પધાર્યા હરિજન ગાતાં, વાતા તાલને શંખમૃદંગ

(૩) મહેતાજી નિશાળે આવ્યા, લાવ્યા પ્રસાદને કર્યો ઓચ્છવ

અહીં પંક્તિના પહેલા ચરણને અંતે તેમ જ બીજા ચરણની શરૂઆતમાં પ્રાસ આવે છે. તેને પ્રાસ સાંકળી અલંકાર કહેવાય છે. 'પામીએ' અને 'વામીએ' પ્રાસયુક્ત શબ્દો છે, માટે તેને શબ્દાનુપ્રાસ અલંકાર પણ કહેવાય છે.

❖ **અલંકાર ઓળખીએ.**

(૧) તોપ તણો ત્યાં થયો અવાજ.

(૨) સુખે સિધાવો, શિવ મહારાજ.

(૩) ઊંચા પર્વત, વસમી વાટ,
નીચે વચમાં નાનો ઘાટ.

(૪) વિદ્યા ભણ્યો જેહ, તેહ ઘર વૈભવ રહો.

(૫) બાજીપ્રભુ એવો બલવીર.

(૬) નીચે વચમાં નાનો ઘાટ.

(૭) અમર કીર્તિ પામ્યો રણધીર,
બાજીપ્રભુ એવો બલવીર.

(૮) જાણી લે જગદીશ, શીશ સદ્ગુરુને નામી.

## વિશેષ કૃતિ

❖ **નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

(૧) કીર્તિ, અમર

(૨) શિવાજી, વિચાર

(૩) લડાઈ, ઘોર

(૪) જખમ, રૂધિર

❖ **વિસંગત શબ્દ ફરતે ગોળ કરો.**

(૧) દળ, ફોજ, ટોળું, સૈન્ય

(૨) નામના, કીર્તિ, યશ, લાંછન

(૩) શત્રુ, મિત્ર, દુશ્મન, વેરી

(૪) જન્મભૂમિ, રણભૂમિ, વીરભૂમિ, મરુભૂમિ

(૫) જળ, રૂધિર, રક્ત, લોહી

(૬) પર્વત, ટેકરી, ડુંગર, આલય

❖ **નીચેના શબ્દમાંના અક્ષર વડે નવા શબ્દો બનાવો.**

તારણહાર ⟶ [ ] ⟶ [ ] ⟶ [ ] ⟶ [ ]

## શસ્ત્રોની સમજણ

❖ નીચે દર્શાવેલા શસ્ત્રોના નામ લખો.



❖ આપેલા શબ્દમાંથી એક અક્ષર બદલી નવો અક્ષર બનાવો. નવા બનેલા શબ્દમાંથી પણ એક શબ્દ બદલી નવો શબ્દ બનાવો.

દા.ત. ૧. સુંદર - આદર - આદત - આફત - મફત

૨. વિવાદ -

૩. ક્ષમતા -

૪. ચાકર -

૫. સંદેશ -

૬. લખાણ -

## સંભાષણ

વર્ગમાં આ કાવ્ય વાર્તા સ્વરૂપે રજૂ કરો.

## મારી કલમે

❖ છત્રપતિ શિવાજી મહારાજ અને બાજીપ્રભુ વચ્ચેના વાર્તાલાપને સંવાદ સ્વરૂપે લખો.

❖ બાજીપ્રભુની શૂરવીરતાનું વર્ણન તમારા શબ્દોમાં કરો.

❖ આ પ્રસંગ માટેના ધ્યેયવાક્યો/સૂત્રો તૈયાર કરો.

વિદ્યાર્થીઓને દશ્ય-શ્રાવ્ય સાધનોની મદદથી વીર બાજીપ્રભુ તથા અન્ય શૂરવીર સરદારોના જીવન વિશે વિશેષ માહિતી પૂરી પાડવી. ભાષિક સમજમાં તથા વિશેષ કૃતિમાં આપેલી કૃતિઓનો વિશેષ મહાવરો કરાવવો.

## ચાલો, ગાઈએ

# અમે ભારતમાતાનાં બાળકો રે

અમે ભારતમાતાનાં બાળકો રે,
જેનો ગરવો ગણાય ઈતિહાસ... અમે.

જેના શિરે હિમાયલ શોભતો રે,
જેમાં ગંગાનદીનો નિવાસ...અમે.

વેદ-ગીતા લખાયાં જેની ગોદમાં રે,
મહાભારત, રામાયણ સાથ... અમે.

રામકૃષ્ણ ને બુદ્ધની ભોમકા રે,
વિવેકાનંદ દેતા પ્રકાશ... અમે.

જેમાં ગાંધી, ગોપાળ ને ટિળક થયા રે,
જેમાં જનમ્યા જવાહરલાલ.. અમે.

થયા રાણા પ્રતાપ ને સુભાષ જ્યાં રે,
થયા શિવાજી શા શૂરવીર. ...અમે.





## ૧૦. શેરને માથે સવાશેર

એક વખત કાચબા અને સસલા વચ્ચે દોડવાની શરત થઈ હતી. અને તેમાં ધીમી છતાં એકધારી ગતિએ દોડતા કાચબાએ ઝડપથી દોડતા સસલાને હરાવ્યું હતું એ વાત તો તમને ખબર છે,ખરું ને? સસલાભાઈને હારવાથી ખૂબ જ દુઃખ થયું. એક તો એમણે બીજાં પશુપક્ષીઓ આગળ ખૂબ જ ડંફાસ મારી હતી. કાચબાની મશ્કરી કરી હતી અને બીજું એમને પોતાની ઝડપ માટે ખૂબ જ અભિમાન હતું. એટલે જ્યારે સસલાભાઈને કાચબાએ હરાવ્યા ત્યારે એમને ખૂબ જ નીચું જોવાનું થયું. સસલાભાઈ તો એટલાં બધાં શરમાઈ ગયાં કે દિવસો સુધી ઝાડીમાં જ ભરાઈ રહ્યાં. શરતમાં સસલાભાઈ હાર્યા અને કાચબો જીત્યો એ વાત માત્ર જંગલમાં જ નહિ, પણ ગામેગામ અને શહેરમાં ફેલાઈ ગઈ! જ્યાં ને ત્યાં એ શરતની જ વાત થતી હતી!

'કાચબાએ સસલાને કેવું હરાવ્યું!' અને પછી બધાં કહેવા લાગ્યા, ''ધીમે ધીમે પણ સતત એકસરખી ગતિએ ચાલનારને જ વિજય મળે છે. એ જ શરતમાં જીતે છે.'' આનું પરિણામ એ આવ્યું કે કાચબાભાઈ ખૂબ ફુલાઈ ગયા. એ અભિમાની બન્યા. પોતાની શક્તિની બડાશ મારવા લાગ્યા અને જેનું તેનું અપમાન કરવા લાગ્યા. નાનાં નાનાં પશુ-પક્ષીઓની સામે તો એ જુએ પણ નહિ! એક દિવસ શિયાળે એને સલામ કરી, ત્યારે મોં ફેરવી એણે ચાલવા માંડ્યું!

હરણને એક દિવસ કાચબો રસ્તામાં મળ્યો. ઊંચી ડોકે આમતેમ જોતો મલકાતો મલકાતો એ જતો હતો. હરણે એને જોઈને પૂછ્યું ''કાચબાભાઈ, કેમ આમ અક્કડ થઈને ફરો છો? કોઈ સાથે બોલતા પણ નથી?''

''તું જ કહે ને, અમે શા માટે અક્કડ થઈને ન ફરીએ? હવે તો અમારાં માનપાન વધ્યાં છે. જ્યાં ત્યાં અમારી જ વાતો થાય છે. બધાં અમારાં જ વખાણ કરે છે. અમે તો શરતમાં જીત્યા છીએ! મોટો વિજય મેળવ્યો છે. એ કંઈ જેવી તેવી વાત છે!''

''એમાં શું થઈ ગયું? સસલાભાઈ આ વખતે ચૂકી ગયા. જરી ભૂલ થઈ ગઈ, એમાં એ હારી ગયા. એક વખત જીત્યા એમાં આટલું અભિમાન કરવા



જેવું શું છે? મને તો એ જ સમજાતું નથી!''

''જરા મોં સંભાળીને વાત કર. સસલા પર વિજય મેળવવો એ કંઈ જેવી તેવી વાત નથી. ચૌટે અને ચોકે અમારી જ વાત થઈ રહી છે. બધાં અમારા વખાણ કરે છે. સસલાનું તને જો બહુ લાગતું હોય તો ઝાડીમાંથી બહાર નીકળવાનું એને જ સમજાવ ને? સસલું તો શું પણ જંગલનું કોઈ પ્રાણી અમારી બરોબરી કરી શકે એવું નથી. કોઈ અમને જીતી શકે એમ નથી.'' એમ કહી હસતો હસતો કાચબો ત્યાંથી ચાલ્યા ગયો.

કાચબાની વાત સાંભળીને હરણને ખૂબ ગુસ્સો આવ્યો. આટલું અભિમાન! એ એના મનમાં સમજે છે શું? કોઈ પણ રીતે એને સીધો કરવો જ જોઈએ, પણ આમ ક્રવું શી રીતે? વિચાર કરતાં કરતાં હરણ પોતાને ઘેર જતું હતું. ત્યાં એણે સામેથી વાંદરાને આવતો જોયો ''હરણભાઈ, કહો ન કહો પણ તમે કાંઈ ઊંડા વિચારમાં છો. શું થયું છે તમને? વાંદરાએ પૂછ્યું. હરણે કહ્યું, ''અભિમાની કાચબાએ મારું અપમાન કર્યું!''

''મેં પણ સાંભળ્યું છે ખરું, શરતમાં જીત્યા પછી એ બહુ ફુલાઈ ગયો છે.'' વાંદરાએ કહ્યું.

''હમણાં જ એ કાચબો મને કહેતો હતો કે મારી સાથે શરતમાં ઊતરવાની કોઈનામાં હિંમત નથી. કોઈ મારી બરોબરી કરી શકે એમ નથી. વાંદરાભાઈ, મને લાગે છે કે આપણે એનું આવું વર્તન ચલાવી ન લેવું જોઈએ.''

''એમ વાત છે, તો આપણે એને જરૂર બતાવી આપીશું. હરણભાઈ, હું જરૂર કોઈ યુક્તિ શોધી કાઢીશ. આખરે કાચબામાં બુદ્ધિ કેટલી? એની પીઠ જેવી જ એની બુદ્ધિ પણ જાડી છે. ઊંટની માફક કાચબાને પણ એની પીઠ ઉપર કેટલો બોજ છે એની ખબર પડતી નથી.'' વાંદરાએ કહ્યું.

''શાબાશ, શાબાશ, વાંદરાભાઈ! બુદ્ધિ તો તમારી જ!'' હરણ તો વાંદરાની વાત સાંભળીને રાજી રાજી થઈ ગયું.

''વિજ્ઞાનીઓ પણ કહે છે માણસ અમારા પૂર્વજોમાંથી ઊતરી આવ્યો છે. માણસ જાત સાથે અમારો બહુ જૂનો સંબંધ છે. તો ચાલો, કાચબાભાઈ



સાથે શરતમાં ઊતરવાને હું તૈયાર છું. એની પીઠ પર હું સવારી ન કરું તો મારું નામ નહિ!''

બીજે દિવસે વાંદરો કાચબાને મળવા ગયો અને કહ્યું, ''હું તારી સાથે શરત લગાવવા તૈયાર છું. જો હું તારી પીઠ પર સવારી ન કરું તો મારું નામ નહિ!''

''તું મારી સાથે શરતમાં ઊતરવા માગે છે? કંઈ ગાંડો તો નથી થયો ને?'' કાચબો બોલતાં બોલતાં હસી પડ્યો : ''હું તને મારી પીઠ પર બેસવા દઉં! કદી નહિ. એ વાંદરા! તું જરા જીભ સંભાળીને વાત કર! તું સસલાથી કઈ રીતે ચડિયાતો છે કે મારી સાથે શરતમાં ઊતરવા માગે છે? બોલ, જો તું શરતમાં હારે તો શું કરશે?''

''કાચબા મહાશય, આમ ગુસ્સે ન થાઓ.'' વાંદરાએ કહ્યું : ''શરતમાં જો હું હારીશ તો ગામેગામ જઈને ઢંઢેરો પીટીશ. ઢોલ-તાસાં વગાડીને મારી હાર કબૂલીશ.

સારું, જા કબૂલ છે.'' એમ કહી કાચબો ચાલ્યો ગયો.

શરત તો લગાવી દીધી, પણ હવે કરવું શું? વાંદરો તો વિચારમાં પડી ગયો. કોઈપણ ઉપાયે કાચબાને હરાવવો તો જોઈએ જ, એણે મનમાં નક્કી કર્યું. વિચારમાં ને વિચારમાં વાંદરાને તો ઊંઘ પણ બરાબર આવતી નથી. એને થયું, લાવ ને કાચબો શું કરે છે એની તપાસ તો કરું. વહેલી સવારે એ તો કાચબાને ઘેર પહોંચી ગયો. છુપાઈને જુએ છે તો કાચબો કંઈ બહાર જવાની તૈયારીમાં હતો. વાંદરો પણ છાનોમાનો એની પાછળ જવા લાગ્યો. ચાલતો ચાલતો કાચબો એક અંજીરના ઝાડ પાસે આવી પહોંચ્યો. ઝાડ નીચે ઘણાં પાકાં અંજીર પડ્યાં હતાં. કાચબો તો વીણી વીણીને સારાં સારાં અંજીર ખાવા લાગ્યો. પેટ ભરીને અંજીર ખાધાં અને પછી ઝાડ નીચે આરામથી સૂઈ ગયો. વાંદરાને ખબર પડી ગઈ કે કાચબાને અંજીર બહુ ભાવે છે!

બીજે દિવસે વાંદરો વહેલો ઊઠ્યો : અંજીરના ઝાડ પાસે પહોંચી ગયો. ઝાડ નીચે પડેલાં બધાં અંજીર એ વીણી વીણીને ખાઈ ગયો. માત્ર એક અંજીર એણે બાકી રાખ્યું. પાસે ઊગેલા એક ઝાડમાંથી એણે ડાળી તોડી અને એ ડાળીને એક છેડે એણે એ અંજીર ખોસ્યું અને બીજો છેડો પોતાના હાથમાં રાખી એ ઝાડ પર ચૂપચાપ બેસી ગયો.

થોડી વાર રહીને કાચબો ત્યાં આવ્યો, જુએ છે તો ઝાડ નીચે એક પણ અંજીર ન મળે! આમ તેમ બધે અંજીર શોધ્યાં, પણ એને એકે અંજીર ન મળ્યું. કાચબો તો નિરાશ થઈ ઝાડ નીચે સૂઈ ગયો.



થોડી વારે એની આંખ ખૂલી, જુએ છે તો સામે એક અંજીર! અંજીર જોઈને એ તો ખુશ થઈ ગયો. અંજીર લેવા એ આગળ વધ્યો, અંજીર પણ આગળ ચાલવા માંડ્યું! આ જોઈ કાચબાને ખૂબ નવાઈ લાગી! અંજીરને શું પગ આવ્યા? અંજીરમાં શું જીવ આવ્યો? અંજીર આગળ ને કાચબો પાછળ એમ ચાલવા લાગ્યા! 'ગમે તેમ કરી અંજીર મેળવવું તો જોઈએ જ', કાચબાએ વિચાર કર્યો. પણ અંજીર તો હાથમાં આવે જ નહિ! એ પણ આગળ ને આગળ જતું જાય! આમ ને આમ અંજીરની પાછળ પાછળ કાચબો ઘણું ચાલ્યો. ત્યાં તો એણે સામે શિયાળને ખડખડાટ હસતું ઊભેલું જોયું.

શિયાળને હસતું જોઈ કાચબાને ખૂબ ગુસ્સો આવ્યો : ''અરે એ શિયાળવા, તું મારી મશ્કરી કરે છે કે શું? સસલાનું શું થયું તે તને ખબર નથી કે? પેલો વાંદરો! મારી જોડે એણે શરત લગાવી, પણ હવે ગભરાઈને એનું મોં પણ મને બતાવતો નથી!''

કાચબાની વાત જાણે સાંભળી જ ન હોય એમ શિયાળ ફરીથી મોટેથી હસ્યું : ''અરે મૂર્ખા, તે શા માટે વાંદરા સાથે શરત લગાવી? સસલું ભૂલ કરે, પણ વાંદરો ન કરે, એ તો ક્યારનોય શરતમાં જીતી ગયો છે! તારી પીઠ પર કોણ બેઠું છે એ તો જરા જો!''

આ સાંભળી વાંદરો બોલી ઊઠ્યો : ''શરતમાં હું જીતી ગયો છું! મેં કહ્યું હતું ને કે હું તારી પીઠ પર સવારી કરીશ? તો જો, અંજીરના ઝાડથી તે અહીં સુધી હું તારી પીઠ પર બેસીને જ આવ્યો છું. તું ફરી ન જાય એટલા માટે મેં શિયાળને સાક્ષી રાખ્યું છે.''

વાંદરાનું બોલવું સાંભળી કાચબો તો છક જ થઈ ગયો! એણે તો આવી કલ્પના જ નહોતી કરી.

''તું રોજ અંજીરના ઝાડ નીચે આવી અંજીર ખાતો હતો. આજે તારી પહેલાં જઈને મેં અંજીર ખાઈ લીધાં. માત્ર એક અંજીર રહેવા દીધું. તું જ્યારે અંજીર ખાવા આવ્યો ત્યારે તને એક પણ અંજીર મળ્યું નહિ. તું નિરાશ થઈ ઝાડ નીચે ઊંઘી ગયો, એટલે ચૂપકીથી આવી તારી પીઠ પર હું બેસી ગયો! ડાળીને એક છેડે અંજીર ખોસીને તારી આગળ રાખ્યું. બીજો છેડો મારા હાથમાં રાખ્યો. એટલે તું ચાલતો ગયો તેમ અંજીર પણ ચાલતું ગયું. આમ ને આમ તારી પીઠ પર બેસીને અહીં સુધી હું આવી પહોંચ્યો! હવે તું જ કહે, કોણ જીત્યું?'' કાચબો શું બોલે?

''તું કહે તો બધે ઢંઢેરો પીટું કે કાચબો શરતમાં હારી ગયો છે!

''ના ભાઈ ના. એવું કરશો નહિ.'' કાચબાએ શરમાઈને કહ્યું અને એણે પોતાનું શરીર સંકોરી લીધું. ત્યારથી હજી પણ કાચબાની આ ટેવ ગઈ નથી!



સર્જક પરિચય **શ્રી. જયવતીબેન કાજી**

શ્રી. જયવતીબેન કાજી જાણીતા ગુજરાતી બાળસાહિત્યકાર અને લેખિકા છે. તેમણે આકાશવાણીમાં બાળકો અને મહિલાઓના કાર્યક્રમના સંચાલક તરીકે સેવા આપી છે. તેમની કૃતિઓમાં સરળ, બોધદાયક બાળવાર્તાનો સમાવેશ થાય છે. 'પાંપણે તોરણ મોતીનાં' એમનો નિબંધસંગ્રહ છે. 'મેઘધનુષ' અને 'રૂપેરી વૃક્ષ' એમના બાળવાર્તાઓના સંગ્રહો છે.

## ચાલો, કૃતિ કરીએ

❖ **વિચારીએ, ચર્ચા કરીએ અને કહીએ.**

(૧) તમને આ વાર્તામાં શું ગમ્યું?

(૨) તમે તમારા મિત્રો સાથે શું શરત લગાવો છો?

(૩) તમે શરત હારી જાઓ ત્યારે કઈ લાગણી અનુભવો છો?

(૪) તમે શરત જીતી જાઓ ત્યારે તમારું વર્તન કેવું હોય છે?

### કૃતિના આધારે

❖ **નીચેના વિધાન કોણ બોલે છે અને કોને કહે છે તે લખો.**

| વિધાન | કોણ બોલે છે? | કોને કહે છે? |
|---|---|---|
| (૧) એમાં આટલું અભિમાન કરવા જેવું શું છે? | | |
| (૨) બધાં અમારા વખાણ કરે છે. | | |
| (૩) શરતમાં જીત્યા પછી એ બહુ ફુલાઈ ગયો છે. | | |
| (૪) બુદ્ધિ તો તમારી જ! | | |
| (૫) તારી પીઠ પર કોણ બેઠું છે એ તો જરા જો! | | |

❖ **નીચેના વાક્યોને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો.**

(૧) વાંદરો બધાં અંજીર વીણી-વીણીને ખાઈ ગયો.

(૨) વાંદરાએ કાચબાનો પીછો કર્યો.

(૩) વાંદરાએ કાચબા સાથે શરત લગાડી.

(૪) વાંદરો કાચબા કરતા વહેલો અંજીરના ઝાડ પાસે પહોંચી ગયો.

(૫) એક અંજીર ડાળીના છેડે ખોસી રાખ્યું.

(૬) વાંદરો ચુપકીથી કાચબાની પીઠ ઉપર બેસી ગયો.

(૭) કાચબો નિરાશ થઈ ઊંઘી ગયો.

❖ **કહો કોણ?**

(૧) કાચબાને સલામ ભરનાર –

(૨) વાંદરાનો સાક્ષી બનનાર –

(૩) વાંદરાને માણસના પૂર્વજ કહેનાર –

(૪) દિવસો સુધી ઝાડીમાં ભરાઈ જનાર –

❖ **આકૃતિબંધ પૂર્ણ કરો.**










## કૃતિનું મંથન

(૧) વાંદરા અને હરણની મુલાકાત તમારા શબ્દોમાં વર્ણવો.

(૨) વાંદરાએ કાચબા સાથે શું શરત લગાડી?

(૩) શરત જીતવા માટે વાંદરાએ શું ઉપાય કર્યો?

(૪) શું ખરેખર કાચબાને પોતાની પીઠ પર રહેલા બોજાનો ખ્યાલ આવતો નથી?

## સ્વાનુભવ/સ્વમત

(૧) આ કૃતિ વાંચતી વખતે તમે ક્યારે ક્યારે કઈ કઈ લાગણીઓ અનુભવી?

(૨) તમારા મતે કાચબાની હાર માટે કયું કારણ જવાબદાર હતું?

## વિધાન પર ચર્ચા કરો.

❖ **વિજ્ઞાનીઓ પણ કહે છે : માણસ અમારા પૂર્વજોમાંથી ઊતરી આવ્યો છે. માણસજાત સાથે અમારો બહુ જૂનો સંબંધ છે.**

## ચાલો, જાણીએ

આ વાર્તાનું જે શીર્ષક છે તે ખરેખર એક કહેવત છે. જેનો અર્થ થાય છે –
કોઈ બળવાન કે ચતુર વ્યક્તિ કરતાં પણ વધુ શક્તિશાળી અને હોશિયાર વ્યક્તિ હોય જ છે.

## શીર્ષક સર્જન

❖ તમારે આ પાઠને શીર્ષક આપવાનું હોય તો શું શીર્ષક આપો?

## ભાષિક સમજ

❖ નીચેના રૂઢિપ્રયોગના અર્થ જાણો. કૃતિમાં આ રૂઢિપ્રયોગ જ્યાં આવ્યા હોય તે વાક્ય નીચે લીટી દોરો. આ રૂઢિપ્રયોગનો ઉપયોગ કરી બીજાં વાક્ય બનાવો.

(૧) ફુલાઈ જવું
(૨) પગ આવવા
(૩) સામું ના જોવું
(૪) વાત ફેલાઈ જવી
(૫) મોં ના બતાવવું
(૬) અક્કડ થઈને ફરવું

❖ રૂઢિપ્રયોગ અને અર્થની જોડી જોડો.

| | |
|---|---|
| (૧) ઢંઢેરો પીટવો | દિશા બદલી નાખવી |
| (૨) છક થઈ જવું | ચિંતા થવી |
| (૩) ચડિયાતું હોવું | વધારે સારું હોવું |
| (૪) ઊંઘ ઉડી જવી | ચર્ચા થવી |
| (૫) બરોબરી કરવી | આશ્ચર્યચકિત થઈ જવું |
| (૬) વાતો થવી | જાહેર કરવું |
| (૭) મોં ફેરવવું | હરીફાઈમાં ઉતરવું |

❖ શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

(૧) પોતાના વિશે ખોટી રીતે મોટી મોટી વાતો કરવી –
(૨) નજરોનજર જોનાર –
(૩) ઝાડ, વેલા, ઘાસ વગેરેનો ભરાવો –

❖ કૃતિમાંથી જોડશબ્દ શોધો અને તેનો વાક્યમાં પ્રયોગ કરો. દા.ત. છાનોમાનો

❖ કૃતિમાંથી દ્વિરુક્ત શબ્દો શોધી તેનો વાક્યમાં પ્રયોગ કરો. દા.ત. ધીમેધીમે

❖ યોગ્ય વિરામચિહ્નો મૂકો.

(૧) કાચબા મહાશય આમ ગુસ્સે ન થાઓ.
(૨) અરે મૂર્ખા તે શા માટે વાંદરા સાથે શરત લગાવી
(૩) આખરે કાચબામાં બુદ્ધિ કેટલી
(૪) આટલું અભિમાન એ એના મનમાં સમજે છે શું

❖ **નીચેના શબ્દો માટેના બીજા પર્યાયી શબ્દો શોધો.**

(૧) વાંદરો – (૩) માણસ – (૫) દિવસ –

(૨) રસ્તો – (૪) પશુ – (૬) પક્ષી –

❖ **ઉદાહરણ મુજબ 'ઇક' પ્રત્યય લગાડી શબ્દ બનાવો.** વિજ્ઞાન – વૈજ્ઞાનિક

(૧) ઈતિહાસ – (૩) શિક્ષણ – (૫) નીતિ –

(૨) જીવ – (૪) નિમિત્ત – (૬) દિન –

❖ **રેખાંકિત શબ્દનું બહુવચન કરી વાક્ય ફરીથી લખો.**

(૧) ઝાડ નીચે પાકું <u>અંજીર</u> પડ્યું હતું.

(૨) બીજે દિવસે <u>વાંદરો</u> વહેલો ઉઠ્યો.

(૩) એનો <u>છેડો</u> મારા હાથમાં રાખ્યો.

(૪) <u>સસલું</u> ઝાડ નીચે સૂઈ ગયું.

## વિશેષ કૃતિ

❖ **શબ્દસાંકળ પૂર્ણ કરો.**

(૧) શરત → ⬭ → ⬭ → ⬭ → ⬭ → ⬭

(૨) દિવસ → ⬭ → ⬭ → ⬭ → ⬭ → ⬭

(૩) અંજીર → ▭ → ▭ → ▭ → ▭ → ▭

(૪) તપાસ → ⬭ → ⬭ → ⬭ → ⬭ → ⬭

❖ **નીચેના ચિત્રો જોઈને કહેવત ઓળખો.**









## સંભાષણ

**વર્ગમાં આ વાર્તા ટૂંકમાં તમારા શબ્દોમાં રજૂ કરો.**

**આ વાર્તામાંથી તમે શું શીખ્યા તે તમારા સહાધ્યાયીને જણાવો.**

## મારી કલમે

**જેમ લેખિકાએ અહીં સસલા અને કાચબાની વાર્તા આગળ વધારી છે, તે જ રીતે તમે પણ તમારી કલ્પનાથી કોઈ એક વાર્તાને આગળ વધારો.**

## અભિનયના અજવાળાં

**વાર્તામાંથી તમને ગમતું પાત્ર વર્ગમાં ભજવો.**

## પુસ્તકાલયની મુલાકાત

**શ્રીમતી જયવતીબેન કાજી દ્વારા લિખિત 'અમર ચરિત્ર', 'શાંતિના દૂત' પુસ્તકો વાંચો.**

## ચાલો, હસીએ

**શિક્ષક** : નેપોલિયનના શબ્દકોશમાં 'અશક્ય' શબ્દ જ નહોતો.

**મીરા** : બહેન નેપોલિયને શબ્દકોશ બરાબર તપાસીને ખરીદવો જોઈએ ને!



***

**સરલા** : આપણે હવે પૈસાદાર થઈ જઈશું.

**તરલા** : કેવી રીતે?

**સરલા** : આવતી કાલે મારા ગણિતના શિક્ષક પૈસાને રૂપિયામાં કેવી રીતે ફેરવાય તે શીખવવાના છે.

***

(ફૂટબોલની રમત જોતાં મોટાભાઈને નાના ભાઈએ પૂછ્યું)

**નાનોભાઈ** : આ બધા આ બોલને કેમ આટલો ફટકારે છે?

**મોટોભાઈ** : ગોલ કરવા.

**નાનોભાઈ** : બોલ પહેલેથી ગોળ તો છે, હજી કેટલો ગોળ કરશે?



***

**સુરેશ** : મારા કાકા પાસે સાઈકલથી માંડીને હવાઈ જહાજ સુધી બધું જ છે.

**મહેશ** : અરે વાહ! તારા કાકા શેનો ધંધો કરે છે?

**સુરેશ** : એમને રમકડાંની દુકાન છે.

***

સાહિત્યના શોખીન ડૉક્ટર હોસ્પિટલમાં રાઉન્ડ મારી રહ્યા છે.

**તેમણે એક દર્દીને પૂછ્યું** : રાત્રે નિદ્રાદેવી આવ્યાં હતાં?

**દર્દીએ કહ્યું** : ખબર નહીં સાહેબ, હું તો ઊંઘી ગયો હતો!'



આ કૃતિના માધ્યમથી વિદ્યાર્થીઓને સમજાવવું કે 'શેરને માથે સવાશેર' હોય જ છે. માટે ક્યારેય કોઈપણ વાતનું અભિમાન કરવું જોઈએ નહીં. આ જ રીતે બીજી પ્રચલિત વાર્તાઓને આગળ વધારવામાં સહાયક બનવું.

## ચાલો, વાંચીએ

# કાલિદાસની ચતુરાઈ

આપણા દેશમાં અનેક વિદ્વાન, ઉદાર અને ન્યાયપ્રિય રાજાઓ થઈ ગયા. એમાં રાજા વિક્રમનું નામ આગળ પડતું છે. રાજા વિક્રમની રાજ્યસભામાં ઘણા ચતુર અને ડાહ્યા માણસો બેસતા. મહાકવિ કાલિદાસ પણ તેમાંના એક હતા. આ રાજ્યમાં એક ગરીબ માણસ રહેતો હતો. એ ઘણો વિદ્વાન હતો પણ કુટુંબનું ભરણપોષણ માંડ માંડ પૂરું કરી શકતો. એકવાર ગરીબીથી કંટાળીને એણે વિચાર્યું કે, હું રાજા વિક્રમના દરબારમાં જાઉં અને રાજાને પ્રસન્ન કરીને મારી ગરીબી દૂર કરું.

એક સારો દિવસ જોઈને એ રાજધાનીમાં જવા નીકળ્યો. દરબારમાં રાજાને કંઈક ભેટ ધરવી જોઈએ એવું વિચારીને એણે શેરડીના થોડા કટકા પોટલીમાં સાથે બાંધી લીધા. ચાલતા ચાલતા રાત પડી. આખા દિવસની મુસાફરીથી એ ખૂબ થાકી ગયો હતો. એટલે એણે એક ઝાડ નીચે લંબાવ્યું. જેવો પડ્યો તેવો ઘસઘસાટ ઊંઘી ગયો. એ વખતે જ એક ચોર ત્યાંથી પસાર થયો. એણે ઊંઘતા માણસને જોયો. એની પાસે પડેલી પોટલીને જોઈને કંઈક મળવાની આશાથી એણે ધીરેથી પોટલી સેરવી લીધી. ખોલીને અંદર જોયું તો સરસ મજાના શેરડીના કટકા બાંધેલા હતા. રસ્તાનું ભાતું થશે એમ સમજીને ચોરે એ કટકા કાઢી લીધા અને લાકડાના કટકા અંદર ગોઠવી દીધા.

સવાર થયું. તે જાગ્યો. નિત્યકર્મ પતાવીને રાજ દરબારમાં જવા આગળ વધ્યો. બપોર થતા એ રાજસભામાં પહોંચી ગયો. જઈને તેણે પેલી પોટલી ભેટ તરીકે રાજાના પગ આગળ ધરી. રાજાના સેવકે એ પોટલી છોડી જોયું તો એમાં સૂકા લાકડાના કટકા. આખી સભા હસી પડી. રાજા વિક્રમ તો આ જોઈને ગુસ્સાથી લાલઘૂમ થઈ ગયા.

પેલો ગરીબ માણસ ધીમેથી બોલ્યો, 'વાહ રે નસીબ! મારી પહેલા તો તું અહીં પહોંચી ગયું!' મહાકવિ કાલિદાસે તેના શબ્દો સાંભળ્યા. એમને લાગ્યું કે કોઈ જાણી જોઈને આવી ભેટ લાવે નહિ. આ માણસ ખરેખર નિર્દોષ છે.



તેમણે તરત ઊભા થઈને એક શ્લોક કર્યો. એનો અર્થ એવો હતો કે બળવાન અર્જુને ખાંડવવનને બાળ્યું, વીર હનુમાને રાવણની લંકાને બાળી પણ સૂકા લાકડા જેવી મારી દરિદ્રતાને કોઈએ બાળી નહીં. શ્લોક બોલીને કાલિદાસે રાજાને કહ્યું, 'હે રાજા વિક્રમ, આ માણસ સૂકાં લાકડાંની ભેટ ધરીને તેની સૂકાં લાકડાં જેવી દરિદ્રતાને બાળી નાખવા આપને વીનવી રહ્યો છે.'

રાજા આ સાંભળીને ઘણો ખુશ થઈ ગયો તેણે તે વ્યક્તિને પુષ્કળ દાન આપ્યું. તે મહાકવિ કાલિદાસનો આભાર માની રાજા વિક્રમને આશીર્વાદ આપતો પોતાના રસ્તે આગળ વધ્યો.

★ પ્રસ્તુત કૃતિનો સારાંશ તમારા શબ્દમાં લખો.

# ૧૧. પુષ્પો પ્યારાં

## ચાલો, ગાઈએ

'આજે નાનાં બાળ અમે પણ કો' દિન કામ મોટાં કરીશું,
બંધુભાવની સુગંધ બની, સહુ હૃદયે પ્રેમે મહેકીશું!

સદ્‌ગુણોની કેળવણીમાં કદી ન પાછાં હઠીશું,
ચરિત્ર-ઘડતર કરતાં કરતાં, સઘળું જીવન અર્પીશું!

સહુની સંગે વિવેકે વર્તી, સત્ય પણ મધુરું બોલીશું,
દેશ-વિદેશની શાંતિ કાજે, ખૂણે ખૂણે અમે વિચરીશું!

કાળા હો કે ગોરા હો સહુને સ્નેહ કરી ભાઈ ભેટીશું,
પ્રભુતણાં મોંઘેરાં સર્જન અમે, સહુમાં એકતા ભરીશું!

હસતાં-હસતાં, રમતાં, પડતાં જીવતર સૌરભી જીવીશું,
વિશ્વબાગનાં પુષ્પો પ્યારા, ફોરમ ફુવારે છલકીશું!



સર્જક પરિચય **શ્રી. પ્રવીણભાઈ મહેતા**

ભાવનગરના વતની શ્રી પ્રવીણભાઈ મહેતા કેળવણી અને પત્રકારત્વ સાથે જોડાયેલા હતા. પ્રાણી અને પ્રકૃતિ જીવન પર આધારિત તેમની કૃતિઓ વધુ લોકપ્રિય છે. તેમનું બાળસાહિત્ય સંસ્કાર તેમજ મૂલ્યવર્ધક છે.

## ચાલો, કૃતિ કરીએ

❖ **વિચારીએ, ચર્ચા કરીએ અને કહીએ.**

(૧) તમે મોટા થઈને શું કરવા ઈચ્છો છો?

(૨) સંપ અને એકતાનું મહત્વ દર્શાવતો તમારા જીવનનો કોઈ એક પ્રસંગ વર્ણવો.

(૩) સારો માનવ બનવા માટે આપણે જીવનમાં કયા કયા ગુણો કેળવવા જોઈએ?

### કૃતિના આધારે

❖ **યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય પૂર્ણ કરો.**

(૧) દેશ-વિદેશના ખૂણેખૂણામાં.........................માટે વિચરીશું.

(અ) કામ (બ) શાંતિ (ક) એકતા

(૨) અમે વિશ્વબાગનાં પ્યારા ......................... છીએ.

(અ) સુમન (બ) ફૂલ (ક) પુષ્પો

(૩) સદ્‌ગુણોની......................... પીછેહઠ નહિ કરીએ.

(અ) કેળવણીમાં (બ) વાવણીમાં (ક) રોપણીમાં

(૪) બાળકો......................... મોંઘેરાં સર્જન છે.

(અ) માતા-પિતાના (બ) પ્રભુના (ક) દેશના

(૫) બાળકો ......................... સુગંધ ફેલાવવા ઈચ્છે છે.

(અ) અગરબત્તીની (બ) બંધુભાવની (ક) અત્તરની

❖ **લખો.**

(૧) બાળકો સહુની સાથે વર્તવા માંગે છે -

(૨) બાળકો સ્નેહથી ભેટશે -

(૩) બાળકો શાંતિ માટે વિચરશે -

(૪) બાળકો જીવનમાં કેળવશે -

❖ **શું કરીશું?**

(૧) ચરિત્ર-ઘડતર કરતાં કરતાં -

(૨) હસતાં-હસતાં, રમતાં, પડતાં -

(૩) બંધુભાવની સુગંધ બની -

(૪) દેશ-વિદેશની શાંતિ કાજે -

(૫) સહુની સંગે વિવેકે વર્તી -

## કૃતિનું મંથન

(૧) બાળકોની સરખામણી શેની સાથે કરી છે?

(૨) બાળકો કેવી રીતે પોતાની સુવાસ ફેલાવવા ઈચ્છે છે?

(૩) 'પુષ્પો પ્યારાં' કાવ્યમાં બાળકો કયા કયા ગુણો વિકસાવવા માંગે છે?

(૪) એકતાનો ગુણ વિકસાવવા બાળકો શું કરવા ઈચ્છે છે?

**પંક્તિ પર ચર્ચા કરો.**

સદ્‌ગુણોની કેળવણીમાં કદી ન પાછાં હઠીશું,
ચરિત્ર-ઘડતર કરતાં કરતાં, સઘળું જીવન અર્પીશું.

## ભાષિક સમજ

❖ **વચન બદલો.**

(૧) બાળક – (૨) પુષ્પ – (૩) સદ્‌ગુણ – ૪) ભાઈ –

❖ **ઉદાહરણ મુજબ એક અર્થ ધરાવતા અનેક શબ્દ લખો.**

(૧) પુષ્પ – ફૂલ, કુસુમ, સુમન

(૨) સુગંધ –

(૩) સત્ય –

(૪) વિશ્વ –

(૫) બાગ –

❖ **નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલ શબ્દ લખો.**

(૧) પ્રિય – (૨) અમૂલ્ય – (૩) અંતર – (૪) તમામ –

❖ **નીચેના વાક્યોમાંથી નામ ઓળખી પ્રકાર લખો.**

(૧) પેટ્રોલ ઘણું મોંઘું છે.

(૨) થોડી ઉદારતા દર્શાવો.

(૩) માજીનાં માથે લાકડાનો ભારો હતો.

(૪) દરરોજ વ્યાયામ કરો.

(૫) મને ત્રણ ડઝન કેળાં આપો.

❖ **નમૂના પ્રમાણે શબ્દો બનાવો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઉદાર | – | ઉદારતા | ઊંડું | – | ઊંડાણ |
| સુંદર | – | | નીચું | – | |
| મધુર | – | | ટૂંકું | – | |
| મહાન | – | | લાંબું | – | |
| કાયર | – | | | | |

❖ **નીચેનાં વાક્યોમાં વિશેષણ શોધી પ્રકાર ઓળખો.**

(૧) સરોવરમાં સુંદર કમળ ખીલ્યાં હતાં.

(૨) અમારા શિક્ષક વિદ્વાન છે.

(૩) સુરેખા ડાહી છોકરી છે.

(૪) મુકેશ હોશિયાર વિદ્યાર્થી છે.

(૫) મેં સો રૂપિયામાં પુસ્તક ખરીદ્યું.

(૬) પચાસ વિદ્યાર્થીઓ અને છ શિક્ષકો પ્રવાસે ગયા.

## વિશેષ કૃતિ

❖ **પાઠ્યપુસ્તકમાં આપેલી કૃતિઓમાંથી તમને ગમતી કૃતિ વિશે તમારો મત વ્યક્ત કરો.**

કૃતિનું નામ -

સાહિત્ય પ્રકાર -

સર્જક -

ચિત્ર -

તમને ગમેલી બાબત -

❖ **નીચેનાં બે ચિત્રોમાંના તફાવત શોધો.**





## પુસ્તકાલયની મુલાકાત

**પુસ્તકાલયમાંથી દેશભક્તિના અન્ય કાવ્યો મેળવીને ગાઓ.**

આ કાવ્ય દ્વારા બાળકોમાં રાષ્ટ્રીય એકાત્મતા, બંધુતાના ગુણોનો વિકાસ, સદ્ગુણોની કેળવણી અને ચરિત્ર ઘડતર થાય તેવા પ્રયત્નો કરવા. ભાષિક સમજમાં આપેલી કૃતિનો વિશેષ મહાવરો કરાવવો.

# મારી દૈનંદિની

હું દરરોજની જેમ આજે પણ સવારે છ વાગ્યે ઉઠી ગઈ. નિત્યકર્મ બાદ મેં અડધો કલાક કસરત કરી. નાહીને દૂધ પીધા પછી બરાબર ૭:૩૦ વાગે હું મારું ઘરકામ કરવા બેસી ગઈ. ઘરકામ પૂરું થયા બાદ નવ વાગે હું મમ્મી સાથે બેંકમાં ગઈ.

બેંકમાં મમ્મીએ મને પાસબુક, ચેકબુક, કેશિયર અને સેફ ડિપૉઝિટ વૉલ્ટની સમજણ આપી. ટોકન આપીને કેશિયર પાસેથી પૈસા પણ મેં જ લીધા. પછી અમે પોસ્ટ ઓફિસે ગયા અને ત્યાંથી પોસ્ટકાર્ડ અને કવર ખરીદ્યા.

બરોબર ૧૦.૦૦ વાગે અમે ઘરે આવ્યા. આવીને હાથ પગ ધોઈને જમવા બેઠા. પપ્પાની સાથે નીકળી હું ૧૧:૦૦ વાગે શાળામાં પહોંચી ગઈ. શાળામાં આજે વક્તૃત્વ સ્પર્ધા હતી. મારો પ્રથમ નંબર આવવાથી ખુશ થતી થતી હું ૫.૦૦ વાગે ઘરે આવી.

મમ્મી શાક લેવાં ગયાં હતાં, તેથી હાથ-પગ ધોઈને દૂધ પીધા પછી મારી બહેનપણીઓ સાથે રમવા ગઈ. રમીને સાંજે ૭:૦૦ વાગે ઘરે પાછી આવી. મમ્મીને મેં શાળામાં બનેલી બધી વાતો કહી. મારો પ્રથમ નંબર આવ્યો તેથી મમ્મીએ ખુશ થઈને અભિનંદન આપ્યા. ત્યાં જ પપ્પા પણ ઓફિસેથી આવી ગયા.

હાથપગ ધોયા પછી અમે બધાં સાથે જમવાં બેઠાં. પછી એક કલાક ટીવી જોયું. પછી થોડીવાર પપ્પા પાસે ગણિત શીખી. બરાબર દસ વાગ્યે હું સૂઈ ગઈ.

બાળકો, આ તો હેતલની એક જ દિવસની ડાયરી છે. તમે પણ એક ડાયરી બનાવી, રોજેરોજની ઘટનાઓ તારીખ અને વાર સાથે સૂતા પહેલા ડાયરીમાં જરૂર લખજો. મોટા થઈને આ ડાયરી વાંચવાનો અદ્‌ભૂત અનેરો આનંદ મળશે.

# ૧૨. આદિવાસીઓનાં રમકડાં

૧૫ જાન્યુઆરી, ૨૦૨૭
૧૩૦, લોદી હાઉસ,
નવી દિલ્હી-૧૧૦૦૦૩.

ચિ. પ્રિય ઉમા,

અહીં આવીને એક સરસ પ્રદર્શન જોયું - આદિવાસીઓનાં રમકડાંનું. દેશનાં જુદાંજુદાં રાજ્યોના આદિવાસીઓના સુંદર રમકડાં અહીં હતાં. રમકડાંનો કેવો રઢિયાળો દરબાર ભરાયો હતો!

પ્રદર્શનના મેદાનમાં વડનું એક ઝાડ હતું. ત્યાં જ એક નાનકડી દેરી જેવું બનાવીને એક આદિવાસી પોતાનાં રમકડાં પાથરીને બેઠો હતો. પોપટ, હાથી, વાઘ ને ઘોડા! નાનાં ને મોટાં, જુદાંજુદાં આકારમાં તમને જોઈએ તેટલાં આવાં રમકડાં મળે. એક જગ્યાએ તો ચીંથરામાંથી બનાવેલા ઘોડા પણ લટકાવ્યા હતા.

તને યાદ છે, એક વાર તે એક ચાવીવાળું વિમાન હઠ કરીને લેવરાવ્યું હતું? એના આપણે પચીસેક રૂપિયા આપ્યા હતા અને અહીં તો પચીસ રૂપિયામાં ઢગલો રમકડાં મળે, ને તેય પાછાં ખૂબ ગમી જાય તેવાં!

આ રમકડાં બનાવવામાં એમને કશી વસ્તુ બહારથી લાવવી ન પડે. પોતાની આસપાસ જે સામગ્રી પડી હોય તેમાંથી જ તેઓ રમકડાં બનાવી લે છે. ઘણુંખરું તો એમના હાથ જ એમનું સાધન. ઉમા, માણસે હાથ પાસેથી કેટકેટલું કામ લીધું છે! વિચાર જોઉં.

પણ, ઉમા, આ પ્રદર્શનમાં આમ જુઓ તો આપણા દેશનાં રમકડાંનો ઈતિહાસ બતાવ્યો હતો મોહેં-જો-દરોના સમયનાં રમકડાં આરંભમાં જ મૂક્યાં હતાં. આ રમકડાં માટીમાંથી બનાવેલાં હતાં. મેં ત્યાં થોડા રેખાંકનો કર્યા હતાં, તે આ સાથે તને મોકલું છું. અહીં આ છે ઈ.સ. ૨૦૦૦ વર્ષ પૂર્વની ઢીંગલી અને એની બાજુમાં વીસમી સદીની મૅનસિંગ ઢીંગલી છે. બંનેને સરખાવી જો તો, ઉમા!

જાપાન, ઇન્ડોનેશિયા અને ઇજિપ્તમાંથી મળી આવેલાં રમકડાં સાથે આપણા દેશનાં રમકડાં કંઈક મળતાં પણ આવે છે. જૂના જમાનામાં પરદેશોમાંથી ઘણા મુસાફરો આપણાં દેશમાં આવતા હતા. એ કારણે આ સામ્ય હશે. હું આવો કંઈક વિચાર કરતો હતો. ત્યાં મારી નજર એક માટીના ઘોડા પર પડી. શો છટાદાર એનો આકાર! એની ઉપર બેઠેલા સવારનો રુઆબ તો જો ઉમા! બાળકો દોરી બાંધીને એને ખેંચે એટલે ઘોડો મંડે દોડવા. ઉપર થોડું સુશોભન પણ કરેલું હતું. મેં તારે માટે એક એવો ઘોડો લઈ લીધો છે, પણ જો, તારે એના પર બેસવાનું નહિ, હો ને? આ બિહારના આદિવાસીઓનું રમકડું છે. ઢીંગલીના આકારનું એમનું



બીજું રમકડું પણ મને તો બહુ ગમી ગયું. મેં તો એ રમકડાનું નામ (દિવાળીબહેન) પાડી દીધું! તનેય એ ગમશે. તારા માટે એક લીધું છે.

બંગાળના આદિવાસીઓનાં રમકડાંની વળી જુદી જ તરેહ, એમાંથી મને ગમ્યા એક ઘુવડભાઈ અને એક ગમી રાજકુંવરી. હું તો બેયને જોયાં જ કરું, જોયાં જ કરું! દાદીમાએ એક વાર્તા કહી હતી તે મને યાદ આવી ગઈ. કહું? સાંભળ : એક હતો રાજા. એ ભારે અભિમાની હતો. એને બે કુંવરી હતી. એક વાર એણે એક કુંવરીને પૂછ્યું: ''આ પૃથ્વી પર સૌથી વધારે બળવાન કોણ છે?'' કુંવરીએ કહ્યું: ''પિતાજી, તમે જ'' પછી એણે બીજી કુંવરીને પણ એ જ પ્રશ્ન પૂછ્યો. બીજીએ તો કહ્યું: ''ભગવાન.'' રાજા તો ખિજાઈ ગયો. એણે હુકમ કર્યો. ''કાલ સવારના પહોરમાં નગરના દરવાજા ઉઘાડો ત્યારે પહેલું જે મળે તેની સાથે આને પરણાવીને વિદાય કરી દો. એ મારી નજર સામે ન જોઈએ.'' નગરના દરવાજા સવારમાં ઊઘડ્યા ત્યારે સામે હતું એક માંદલું ઘુવડ. કુંવરીને એની સાથે પરણાવી... અરે, હું તો આડી વાતે વળ્યો. એ વાર્તા હવે તું જ પૂરી કરજે, ને હું આવું ત્યારે મને કહેજે. અહીં હું તને રમકડાંની વાત કહી દઉં.



બાંકુરાનું નામ બંગાળમાં ખૂબ જાણીતું છે. ત્યાંના માટીના તેમજ પિત્તળના હાથી-ઘોડા પ્રખ્યાત છે. ત્યાંના આદિવાસીઓના ઘોડા જેવો જ ઘોડો ગુજરાતના આદિવાસીઓ પણ બનાવે છે. લાકડાંમાંથી કોતરી કાઢેલું આ વાઘનું રમકડું બહુ રમૂજ પડે તેવું છે. આદિવાસીઓ તો જંગલમાં જંગલી પ્રાણીઓ સાથે રહે. આ રમકડાંમાં એક બાળક આ વાઘનું પૂંછડું પકડીને ખેંચે છે, એ જોઈને તને શો વિચાર આવે છે, એ લખજે.

પ્રદર્શનમાં ગુજરાતનો મંડપ પણ છે. મનેય અહીં ખબર પડી કે આપણું ગુજરાત રમકડાંમાં પણ આવું સમૃદ્ધ છે! સંખેડા, ઈડર, મહુવા વગેરે સ્થળોનાં લાકડાનાં રમકડાં પણ જુદી જ ભાત પાડે છે. ગુજરાતના આદિવાસીઓએ બનાવેલા, ઘોડાની લાદ ભરેલા, મોટા પોપટ પણ સરસ લાગતા હતા.

ઓડિશાના એક રમકડાં વિશે હું ન લખું તો આ પત્ર અધૂરો જ રહે. એ છે કાગળના માવાનું હરણ. એમાં હરણને બે માથાં છે. મને જરા અચંબો થયો એટલે મેં મંડપમાંના માણસને એનું કારણ પૂછ્યું. એ કહે:, ''આ હરણ શાંતિથી ચરતું હતું. એકાએક અવાજ થતાં એ ચોંકી ઊઠ્યું. આ બંને ભાવ એમાં છે.'' એનું રેખાંકન પણ અહીં આપું છું. આકાશના તારા જોઈને કવિને થાય કે ગણ્યા ગણાય નહિ, વીણ્યા વીણાય નહિ...એમ આ રમકડાંનું પણ એવું જ છે. કેટલાં ગણાવું?

હું આવીશ ત્યારે બધી વાતો કરીશ, હમણાં તો આટલું બસ. બધાંને અહીં સંભારું છું.

લિ.
બાપુજીનાં હેત

સર્જક પરિચય **શ્રી. રમેશ કોઠારી**

ભાવનગરના વતની શ્રી રમેશ કોઠારી ગુજરાતી સાહિત્યના લોકપ્રિય લેખક છે. તેઓ મુખ્યત્વે નવલકથા તથા ટૂંકીવાર્તાઓ માટે વાચકોમાં જાણીતા છે. 'આનંદી ધબકાર', 'સંબંધોનું આકાશ' તેમની પ્રચલિત કૃતિઓ છે.

## ચાલો, કૃતિ કરીએ

### ❖ વિચારીએ, ચર્ચા કરીએ અને કહીએ.

(૧) તમને રમકડાંથી રમવું ગમે છે?

(૨) નાનપણમાં તમારું પ્રિય રમકડું કયું હતું?

(૩) તમે તમારી જાતે કોઈ રમકડું બનાવ્યું છે? શેનાથી?

(૪) હાલમાં તમે કઈ કઈ રમતો રમો છો? તે રમતો રમવા માટે જોઈતાં સાધનો કયાં કયાં?

## કૃતિના આધારે

### ❖ શું કહેવાય?

(૧) કલાત્મક વસ્તુઓને જોવા માટે જાહેરમાં કરેલી ગોઠવણ –

(૨) જુનાં કપડાંનો ટુકડો –

(૩) પશ્ચિમ બંગાળનો મહત્ત્વનો જિલ્લો –

(૪) ઘોડા પર બેસેલ માણસ –

### ❖ યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(૧) આદિવાસીઓના રમકડાં મુખ્યત્વે શેના બનેલા હોય છે?

(અ) મશીન (બ) પ્લાસ્ટિક (ક) આસપાસ મળતી કુદરતી સામગ્રી

(૨) મોહેં-જો-દરો સમયના રમકડાં શેના બનાવેલા હતા?

(અ) લાકડાં (બ) પિત્તળ (ક) માટી

(૩) બિહારના આદિવાસીઓના બીજા રમકડાંનું નામ બાપુજીએ શું પાડ્યું?

(અ) દિવાળીબહેન (બ) ઉમાબહેન (ક) ઘુવડભાઈ

(૪) બાપુજીને વાર્તા કોણે કહી હતી?

(અ) આદિવાસી (બ) રાજા (ક) દાદીમા

❖ **ખાલી જગ્યા પૂરો.**

(૧) ________________ નામ બંગાળમાં ખૂબ જાણીતું છે.

(૨) લાકડામાંથી કોતેરી કાઢેલું વાઘનું રમકડું બહુ ________________ પડે તેવું છે.

(૩) કાગળના માવાના હરણને, ________________ માથા છે.

(૪) મને જરા ________________ થયો એટલે મેં મંડપમાંના માણસને એનું કારણ પૂછ્યું.

❖ **આદિવાસી રમકડાંને આધારે કોષ્ટક પૂર્ણ કરો.**

| ક્રમ | રાજ્ય/જિલ્લો | રમકડાં બનાવવાની સામગ્રી | રમકડાં |
|---|---|---|---|
| ૧. | | | |
| ૨. | | | |
| ૩. | | | |
| ૪. | | | |
| ૫. | | | |

❖ **આ કૃતિનું સ્વરૂપ પત્રલેખન છે. કૃતિના આધારે પૂછેલા પ્રશ્નોના જવાબ લખો.**

(૧) આ પત્ર કોણે લખ્યો છે?

(૨) પત્ર કોને લખાયો છે?

(૩) પત્ર કઈ જગ્યાએથી લખાયો છે?

(૪) પત્રની શરૂઆત કયા શબ્દોથી થાય છે?

(૫) આ પત્ર લખનાર અને પત્ર જેને મોકલવામાં આવ્યો છે તેમનો સંબંધ લખો.

## કૃતિનું મંથન



(૧) પ્રદર્શનમાં કયાં કયાં રાજ્યોનાં રમકડાં મૂકવામાં આવ્યા હતાં?

(૨) બિહાર અને બંગાળનાં રમકડાં વિશે ટૂંકમાં જણાવો.

(૩) ઘુવડ અને રાજકુંવરીની વાર્તાનો અહીં રજૂ થયેલો ભાગ તમારા શબ્દોમાં લખો.

(૪) વર્ગના બધાં બાળકો ભેગા મળીને ઘુવડ અને રાજકુંવરીની વાર્તા પૂરી કરો.

(૫) પ્રદર્શનમાં ગુજરાતના કયા કયા ભાગોનાં રમકડાં રજૂ કરવામાં આવ્યા હતા?

(૬) ઓરિસ્સાનાં રમકડાં વિશે ટૂંકમાં લખો.

## ભાષિક સમજ

❖ **શબ્દસમૂહ માટે એક શબ્દ લખો**

(૧) કદી ભૂલી ન શકાય તેવું -
(૨) સહન ન થાય તેવું -
(૨) ભાગ ન પડી શકાય તેવું -
(૪) તૂટે નહીં તેવું -

❖ **નીચેના શબ્દોને વર્ણાનુક્રમ પ્રમાણે ગોઠવો.**

રમકડાં, સુશોભન, ઢીંગલી, બળવાન, બંગાળ, માણસ, ગુજરાત, ભગવાન, દરવાજો

❖ **'વાન' પ્રત્યય લગાડી બનતા શબ્દો લખો. દા.ત. ધનવાન**

❖ **કૃતિને આધારે યોગ્ય વિશેષણ લખો.**

(૧) ________ રમકડાં (૨) ________ રાજા (૪) ________ દેરી (૫) ________ ઘુવડ

❖ **નીચેના શબ્દોનો વાક્યમાં ઉપયોગ કરો.**

(૧) રમકડાં (૨) દરબાર (૩) આદિવાસી (૪) આકાશ

❖ **તમે જોયેલા કે તમે બનાવેલાં રમકડાંનું ટૂંકમાં વર્ણન કરો.**

❖ **નીચેનાં વાક્યોનો અભ્યાસ કરો.**

(૧) અરેરે! વિચારો પડી ગયો!
(૪) આ ટી.શર્ટ ક્યાંથી લીધું?
(૨) તમે ક્યારે પાછા આવશો?
(૫) શૈલા બાગમાં ફરવા જાય છે.
(૩) બાપ રે! કેટલો મોટો સાપ!
(૬) ભાવેશ પાઠ વાંચતો નથી.

ઉપરના વાક્યો વાંચતા તમને વાક્યોના જુદા જુદા પ્રકારો ધ્યાનમાં આવશે.

જે વાક્યમાં સીધેસીધું કથન કે નિવેદન હોય તે વિધાન વાક્ય.

જે વાક્ય દ્વારા પ્રશ્ન કરવામાં આવ્યો હોય તે પ્રશ્નાર્થવાક્ય.

જે વાક્યમાં આશ્ચર્ય, હર્ષ, નવાઈ જેવી લાગણીઓ વ્યક્ત થઈ હોય તેને ઉદ્‌ગારવાક્ય.

જે વાક્યમાં નકારનો ભાવ હોય તે નિષેધ વાક્ય.

જે વાક્યમાં આજ્ઞા કરવામાં આવી હોય તે આજ્ઞાર્થ વાક્ય.

આગળ વિશેષવાંચનમાં આપેલી કૃતિ આનંદ બજારમાંથી વાક્યના વિવિધ પ્રકાર શોધીને લખો.

❖ હાથની સાથે જુદાં જુદાં ક્રિયાપદ જોડીને તેનો અર્થ બતાવો :

| ક્રિયાપદ | અર્થ |
| --- | --- |
| હાથ → ઉગામવો | |
| હાથ → માંગવો | |
| હાથ → પકડવો | |
| હાથ → ફેલાવવો | |
| હાથ → ઊંચો કરવો | |

## વિશેષ કૃતિ

❖ કૃતિમાં આવેલા આદિવાસી રમકડાંમાંથી કોઈ એક રમકડાંનુ ચિત્ર દોરો અને રંગ પૂરો.

❖ તમારા ઘરમાંથી મળતી વસ્તુઓમાંથી (કાગળ, કાપડ, લાકડું) રમકડાં બનાવો અને શાળામાં પ્રદર્શન આયોજિત કરો.

❖ નીચેની જાહેરખબર વાંચી તમારા સહાધ્યાયીને પ્રશ્નો પૂછો.

બીજા લઈ જાય અને તમે રહી જાઓ તે પહેલા વધુમાં વધુ લાભ લેવા પધારો.

ધમાકા ઓફર

નાના, મોટા, રંગબેરંગી,
સુંદર – સસ્તા – ટકાઉ પતંગ



**માત્ર અર્ધી કિંમતે**

તા. ૭ જાન્યુઆરી ૨૦૨૭થી ૧૦ જાન્યુઆરી ૨૦૨૭ સુધી

✸ સમય – સાંજે ૪.૦૦થી ૬.૦૦ ✸

❖ સ્થળ ❖

વિદ્યાલંકાર હાઇસ્કૂલ, એલ. ટી. રોડ, બોરીવલી (પશ્ચિમ)

(સ્ટોક મર્યાદિત)

## ❖ પત્રલેખન શીખીએ.

પત્રલેખન એક કળા છે. જે વ્યક્તિ આપણી સામે હાજર ન હોય તેમને પત્ર લખીને આપણે આપણાં મનના ભાવો તેમનાં સુધી પહોંચાડીએ છીએ.

### પત્રલેખન વખતે ધ્યાનમાં રાખવાની બાબતો

☞ સૌથી ઉપર ડાબી બાજુએ પત્ર લખનાર વ્યક્તિનું નામ, સરનામું તથા નીચે તારીખ લખવામાં આવે છે.

☞ હાસિયા પાસે આપણે જેને પત્ર લખી રહ્યા હોઈએ તે વ્યક્તિને અનુરૂપ સંબોધન લખવામાં આવે છે. દા.ત. પૂજ્ય પપ્પા, પ્રિય આશિષ ત્યાર બાદ યોગ્ય અભિવાદન તથા કુશળતાના સમાચાર લખવામાં આવે છે.

☞ બીજા ફકરામાં જેના માટે પત્ર લખ્યો હોય તે મુખ્ય વિષયની રજૂઆત.

☞ પત્રના અંતે યોગ્ય વિદાય વચન જેમ કે પૂ. દાદીને મારા પ્રણામ, નાના રાહુલને વ્હાલ... લખી યોગ્ય શબ્દો દ્વારા સમાપન કરવામાં આવે છે. જેમ કે-તારો પ્રિય મિત્ર, તમારો આજ્ઞાંકિત વગેરે.



### પત્રલેખનનો મસૂદો

તારીખ:———

સંબોધન

મુખ્ય વિગત

______________________________

______________________________

______________________________

વિદાય વચન

સરનામું
(પત્ર લખનારનું સરનામું)



દૃશ્ય શ્રાવ્ય માધ્યમોની મદદથી વિદ્યાર્થીઓને આપણી વિવિધ લોકકલાના નમૂના બતાવવા. વિદ્યાર્થીઓને પત્રલેખન વિશે સરળ શબ્દોમાં સમજૂતી આપી અનૌપચારિક પત્રલેખનનો વિશેષ મહાવરો કરાવવો.

## ચાલો, વાંચીએ

### આનંદ બજાર

**ઊર્મિ** : આનંદ, નવરાત્રિના દિવસો પૂરા થવા આવ્યા. ખબર છે ને, થોડા દિવસમાં શરદપૂનમ આવશે?

**આનંદ** : હા, ઊર્મિ, તે ઠીક યાદ કર્યું. આ વખતે આપણે શરદપૂનમ કેવી રીતે ઊજવીશું ?

**ઊર્મિ** : અમે છોકરીઓ ગરબા ગાઈશું :

''આસો માસે શરદપૂનમની રાત જો,
ચાંદલિયો ઊગ્યો કે સખી, મારા ચોકમાં.''

તમે છોકરાઓ દાંડિયારાસ રમજો.

**આનંદ** : આ વખતે આપણે શાળામાં આનંદબજાર ભરીએ તો?

**શીલા** : આનંદને તો આનંદબજાર ભરવાનું જ મન થાય ને?

**અનિલ** : હા, હા. આ વર્ષે આપણે આનંદબજાર જ ભરીએ. કહો, તમે બધાં શાની દુકાનો માંડશો?

**ઊર્મિ** : હું દૂધપૌઆની દુકાન માંડીશ. દસ રૂપિયાની એક ડીશ, કોઈ ખાઓ રે...દૂધપૌઆ મીઠાને મઘમઘતા દૂધપૌંઆ!

**આનંદ** : શો તારો લહેકો છે! તારી દુકાને ઘરાકની પડાપડી થશે!

**નીલમ** : હું રમકડાંની દુકાન માંડીશ. સુંદર મજાની સાડી પહેરીને હું રમકડાં વેચવા બેસીશ. દુકાનમાં જાતજાતનાં રમકડાં ગોઠવીશ. લ્યો રે કોઈ રમકડાં, મનગમતાં રમકડાં!

**ભરત** : હું તો જાદુના એવા ખેલ બતાવીશ કે લોકો મોંમાં આંગળાં નાંખી જશે.

**નૌતમ** : હું શાળાના બાળકોએ તૈયાર કરેલા હસ્તકામનું પ્રદર્શન અને વેંચાણ કેન્દ્ર સંભાળીશ.

**દિલીપ** : જુઓ, બધાંએ ઘેરથી વાલીઓને આપણું આનંદબજાર જોવા લઈ આવવાનાં.

**સુધીર** : આપણે છાપામાં જાહેરાત કરીશું.

**નીલા** : હા, ઘરાક તો જોઈશે જ ને? ઘરાક વગર બજાર ઓછું જ ભરાવાનું હતું?

**રમેશ** : આપણું આનંદબજાર જોવા આવનારાંઓની વ્યવસ્થા પણ જાળવવી પડશે ને? મારી ટુકડી એ કામ કરશે. જે પાંચ રૂપિયા આપે તેને આનંદબજારમાં આવવા દઈશું. થાંભલીઓને દોરડાં બાંધીને જવા-આવવાનો રસ્તો નક્કી કરીશું.

**આનંદ** : બહુ સરસ! ચાલો, આપણે બેનને મળીએ અને એમની રજા મેળવી લઈએ. એમની રજા મળી જાય એટલે બસ.

**ઊર્મિ** : બેન જરૂર રજા આપશે. જો જો તો ખરાં, આ વખતનું આનંદબજાર કોઈએ નહીં જોયું હોય તેવું થશે.

- ❖ તમારી શાળામાં આનંદમેળાનું આયોજન કરો.
- ❖ તમારા ઘર, પરિસરમાં ઉજવતા તહેવાર અને ઉત્સવ વિશે વર્ગમાં રજૂઆત કરો.

# ૧૩. સુભાષિતો

## ચાલો, ગાઈએ

ગુણની ઉપર ગુણ કરે, એ તો વે'વારાં વટ્ટ,
અવગુણ ઉપર ગુણ કરે, ખરી ખત્રિયાં વટ્ટ.

થોડું દઈ વદે ઘણું જગતમાં એવા બધા કેટલા;
આપી ખૂબ વદે નહિ શબ્દ યે એવા દિસે વિરલા

ઘસીને જાતને સંતો, અન્યોને સુખિયાં કરે;
જલાવી જાતને ધૂપ, સુવાસિત બધું કરે.

અતિ ભલો નહીં બોલવો, અતિ ભલી નહીં ચૂપ;
અતિ ભલો નહીં વરસવો, અતિ ભલી નહીં ધૂપ.

કૂવો નાનો છતાં કેવું પાણી દે સર્વને મીઠું;
લોક તેથી ભજે તેને, નહીં ખારા સમુદ્રને.

પૈસાનો વળી પદવીનો, વિશેષ શો વિશ્વાસ?
રાવણ કેરી રિદ્ધિ પણ પળમાં પામી નાશ.

તુલસી આ સંસારમાં, ભાતભાતના લોક;
સહુથી હળીમળી ચાલીએ, નદીનાવ સંજોગ.



## ચાલો, કૃતિ કરીએ

❖ **વિચારીએ, ચર્ચા કરીએ અને કહીએ.**

(૧) આપણે આપણી વાત કયા કયા સ્વરૂપમાં રજૂ કરી શકીએ છીએ?

(૨) તમે અત્યાર સુધી કયા કયા સાહિત્યપ્રકાર શીખી ગયા છો?

(૩) તે સાહિત્યપ્રકારોની પ્રમુખ વિશેષતા તમારા માટે શું છે?

(૪) તમને આવડતી હોય તેવી એકાદ સુભાષિત સંભળાવો.

### કૃતિના આધારે

❖ **નીચેના ભાવ દર્શાવતી સુભાષિત લખો.**

(૧) કોઈપણ વસ્તુની અતિ કરવી નહિ -

(૨) આપણું બૂરું કરનારનું પણ ભલું કરવું તે મોટી વાત છે -

(૩) આ સંસારમાં બધું જ નાશવંત છે -

❖ **કહો કોણ?**

(૧) અહંકારને કારણે પોતાની રિદ્ધિ ગુમાવનાર -

(૨) જાતને ઘસી બીજાને સુખ આપનાર -

(૩) કદમાં નાનો હોવા છતાં લોકોમાં વહાલો છે -

(૪) ખૂબ વિશાળ હોવા છતાં લોકો ભજતા નથી -

(૫) ઘણું બધું આપ્યા છતાં એકપણ શબ્દ ન ઉચ્ચારનાર -

### પંક્તિ પર ચર્ચા કરો.

**તુલસી આ સંસારમાં, ભાતભાતના લોક;**
**સહુથી હળીમળી ચાલીએ, નદીનાવ સંજોગ.**

(૧) આ સુભાષિત દ્વારા તુલસીદાસ શું કહેવા માંગે છે?

(૨) નદીનાવ સંજોગ ઉદાહરણ શા અર્થમાં અપાયું છે?

### ભાષિક સમજ

❖ **કાવ્યમાંથી પ્રાસયુક્ત શબ્દોની જોડી શોધીને લખો.**

❖ **કાવ્યમાંથી વિરોધી શબ્દોની જોડી શોધીને લખો.**

❖ **નીચેના શબ્દોનો વાક્યમાં ઉપયોગ કરો.**

(૧) ગુણ અને અવગુણ (૨) કૂવો અને સમુદ્ર (૩) વરસાદ અને તડકો

## વિશેષ કૃતિ

❖ **સુભાષિતની રચના**

દરેક સુભાષિતનો ધ્યાનથી અભ્યાસ કરો. દરેક સુભાષિત એક ચોક્કસ સંદેશ આપે છે. પહેલી પંક્તિમાં સંદેશ છે અને બીજી પંક્તિમાં તેનું એક ઉદાહરણ છે. ખૂબ જ ચીવટપૂર્વક શબ્દો પસંદ કરી, પ્રાસ મેળવીને સુભાષિત રચવામાં આવે છે. તમે પણ એક સુભાષિતની રચના કરો.

❖ **યોગ્ય કે અયોગ્ય લખો.**

(૧) અપકારનો બદલો ઉપકારથી આપવો –
(૨) બીજાની મદદ કરવી અને મદદ કર્યાનો ઢંઢેરો પીટવો –
(૩) આપણે બધાં સાથે હળીમળીને રહેવું –
(૪) કોઈને તુચ્છ સમજવા નહિ –
(૫) પોતાની સમૃદ્ધિ પર ગર્વ કરવો –
(૬) જરૂર પડે ત્યારે બોલવું –
(૭) પૈસો અને પદવી હોવાનો અહંકાર રાખવો –
(૮) મદદ કરી ભૂલી જવું –
(૯) લોકોને સાચી સલાહ આપવી –

## પુસ્તકાલયની મુલાકાત

❖ **શ્રી પ્રેમશંકર ભટ્ટ રચિત 'નાનો-મોટો' કાવ્ય વાંચો. એ કાવ્ય કૃતિમાંના કઈ સુભાષિત સાથે બંધ બેસે છે? તે વિષે ચર્ચા કરો.**

## કહેવતની કરામત

**'અતિ ભલો નહીં બોલવો, અતિ ભલી નહીં ચૂપ.'**

ઉપરોક્ત પંક્તિ એકબીજાથી વિરોધી ઉપદેશ આપે છે. બહુ ચૂપ રહેવું પણ સારું નહીં અને બહુ બોલવું પણ સારું નહીં. આ જ વાત બે વિરુદ્ધાર્થી કહેવત દ્વારા પણ રજૂ કરી શકાય.

ન બોલ્યામાં નવ ગુણ, બોલે તેના બોર વેચાય

❖ **પુસ્તકાલય/ઈ-લાઇબ્રેરી/વાલી/શિક્ષકના માધ્યમથી અન્ય વિરુદ્ધાર્થી કહેવતો જાણો.**

## ભીંતપત્રક બનાવીએ

❖ **અન્ય સુભાષિતો સ્વહસ્તાક્ષરથી લખી ભીંતપત્રક તૈયાર કરી વર્ગની દિવાલ પર ટીંગાડો.**

## મારી કલમે

❖ **તમારી શાળામાં આયોજિત વક્તૃત્વ સ્પર્ધામાં રજૂ કરવા માટે 'પર્યાવરણ બચાવો, જીવન બચાવો' વિષય પર વક્તવ્ય તૈયાર કરો.**



વિદ્યાર્થીઓને વિવિધ લોકગીત/લોકકથા/સંતસાહિત્ય/સુભાષિત વાંચવા પ્રેરિત કરવાં.

## ચાલો, વાંચીએ

### વિવિધ કાવ્યરૂપો

#### દુહા

સંપ થકી સુખ ઊપજે, સંપથી જાય ક્લેશ;
જે નરને ઘર સંપ નહિ, લેશે સુખ નહિ લેશ.

આ દુહામાં કવિ સંપનો મહિમા વર્ણવે છે. સંપ હોય ત્યાં જ સુખ હોય, સંપ હોય ત્યાં દુઃખ ન ટકે. આપણામાં કહેવત છે ને કે 'સંપ ત્યાં જંપ'.

જળ ન બોળે કાષ્ઠને, કહો ક્યાંની એ પ્રીત;
આપણ સિંચ્યું જાણીને, નવ બોળે એ રીત.

બીજા દુહામાં જે વૃક્ષને પોતે સિંચીને ઉછેર્યું, છે તેના લાકડાંને પાણી ડુબાડતું નથી, એ બતાવીને પ્રીતની સાચી રીત દર્શાવી છે.

#### સુભાષિત

આજ કરશું, કાલ કરશું, લંબાવો નહિ દહાડા,
વિચાર કરતાં વિઘ્નો, વચમાં આવે આડાં.

આ સુભાષિતમાં સમયની કિંમત સમજાવવામાં આવી છે. આજકાલ કરતા રહેવાથી સમય વેડફાતો જાય છે અને વિચારમાં ને વિચારમાં જ ઘણાં વિઘ્નો આવે છે.

નમતાથી સૌ કોઈ રીઝે, નમતાને બહુમાન,
સાગરને નદીઓ ભજે, છોડી ઊંચાં સ્થાન.

આ સુભાષિતમાં નમ્રતાનો મહિમા ગવાયો છે. નદીઓ ઊંચા સ્થાનેથી નીકળી, નીચા સ્થાને રહેલા સાગરને મળે છે અને લોકોનું માન મેળવે છે. તેવી જ રીતે વ્યક્તિની નમ્રતાથી સૌ ખુશ થાય છે. નમતાને બહુ માન મળે છે.



# ૧૪. રૂડી રૂપાળી રેંકડીને

''જન્મદિવસની તારી ભેટ વડે આનંદથી રમજે હો!'' બાપુએ ઑફિસે જવાની તૈયારી કરતાં અજયને કહ્યું.

''હું બહુ ધ્યાન રાખીશ. એકેય આંકો નહિ પડવા દઉં,'' અજયે ઠાવકી રીતે કહ્યું.

બાપુએ અજયના વાળમાં વહાલથી હાથ ફેરવ્યો અને કહ્યું, ''કેટલાક આંકા તો સારા કહેવાય, હો દીકરા!'' અને તે બારણું ઉઘાડીને રસ્તા ભણી ચાલ્યા.



લે, મારી નવીનકોર ગાડીને આંકા પડે તે સારા શી રીતે કહેવાય? અજયે નવાઈથી વિચાર્યું; અને ચમકતા રંગની ઠેલણગાડીને હંકારતો તે બહાર નીકળ્યો. ત્યાં સામેથી નિશીથ ને તારિકા તેમની ત્રણ પૈડાંની સાઇકલ પર આવતાં તેને દેખાયાં. તેમનો નાનકડો કૂતરો ટૉમી પણ ભેળો જ હતો. એવા જોરથી તે પૂંછડી પટપટાવતો હતો કે ન પૂછો વાત! નિશીથ અને તારિકા બંનેએ પોતાની સાઇકલ ઊભી રાખી અને અજયની રેંકડી તરફ જોયું.



''હેઈ અજય, ચાલ છુક છુક ગાડી રમીએ,'' નિશીથે સૂચવ્યું.

''અને આ ટૉમીને તારી ગાડીમાં બેસાડીએ'', તારિકા બોલી.

''ના.'' અજય જોરથી બોલ્યો, ''રેંકડીનો રંગ સાવ નવો છે. એમાં આંકા ન પડી જાય?''

''અમસ્તાયે આંકા પડવાના જ છે,'' તારિકાએ ખભા ઉલાળીને કહ્યું. ''ચાલ નિશુ, આપણે જઈએ.'' અને બંને સાઇકલ પર બેસીને જતાં રહ્યાં. અજય એકલો રહી ગયો.

ધીરે ધીરે ચાલતાં વહાલથી તેણે રેંકડીનો દાંડો પકડ્યો. કોઈના કૂતરાના લાંબા, તીણા નહોરથી મારી રેંકડીને આંકા પડવા નહિ દઉં, તે મનમાં બોલ્યો.

આગળ જતાં તેને સુનીલ મળ્યો. તેના નાનકડા હાથમાં ચાર બૅટ હતાં. તે પાંચમીમાં હતો અને અજયને લાગતું કે તે તો ખૂબ આગળ ભણે છે.

સુનીલ બોલ્યો, ''વાહ દોસ્ત, ફક્કડ રેંકડી છે. આટલાં આ બૅટ લઈને મેદાન સુધી આવીશ? મારા બીજા દોસ્તાર ત્યાં છે.''

અજયે ડોકું ધુણાવ્યું, ''ના, ના એ બૅટથી રેંકડીના રંગમાં કદાચ આંકા પડી જાય તો?''

''તને એમ લાગતું હોય તો ભલે,'' કહીને સુનીલ બૅટ લઈને ચાલતો થયો.

ગલીને નાકે નાનું ઘર હતું. તેની પાછળના વાડામાં સરોજમાસીએ શાકભાજી વાવ્યાં હતાં. અજય ત્યાંથી નીકળ્યો કે સરોજમાસીએ એને હાક મારી, ''અરે અજય, તારા જેવા છોકરાની જ મને અત્યારે જરૂર હતી.આ બધાં શાક વીણી વીણીને ટોપલી સામી છાપરી હેઠળ લઈ જતાં હું તો થાકી ગઈ. તું જો તારી રેંકડીમાં ટોપલીઓ લઈ જાય...'' માસી ઊભા થયાં અને કમર ટટ્ટાર કરી કમર પર હાથ દાબ્યો. હમણાંથી તેમને ક્યારેક વાનો દુખાવો થઈ જતો.

''હું દિલગીર છું, માસી,'' વારાફરતી પગ બદલતો અજય બોલ્યો, ''આ રેંકડી સાવ નવી છે. કાલે મારા બાપુએ મને હૅપી બર્થડેની ભેટ આપી છે. એના રંગ પર આંકા પડી જાય, તો એ બહુ ખરાબ લાગે.''

સરોજમાસીના કપાળ પર કરચલી પડી. ''અચ્છા, એમ!'' તેમણે ટોપલી ઊંચકી અને ધીમે ધીમે ચાલવા માંડ્યું.

ચળકતા પીળા રંગની નવી રેંકડી હંકારતો અજય આગળ ચાલ્યો. પણ કોને ખબર, મજા જાણે ઊડી ગઈ હોય એમ તેને લાગ્યું.

એટલામાં એણે કોઈના રડવાનો અવાજ સાંભળ્યો. વાડ પાસે ઘાસ પર એક નાનકડી છોકરી બેઠી બેઠી રડતી હતી. પોલિયોવાળા છોકરાં પહેરે તેવો બ્રેસવાળો બૂટ તેણે પહેર્યો હતો. એના ગાલ પર આંસુ ચમકતાં હતાં.

''શુ થયું?'' અજયે પૂછ્યું.

''પેલાં... પેલાં બધાં આગળ જતાં રહ્યાં,'' છોકરીએ હાથ લાંબો કર્યો. ત્યાં મેદાન પર છોકરાં રમતાં હતાં. ''મારાથી એમના જેટલું જલદી ચલાયું નહિ,'' તે રડતાં રડતાં બોલી.

''રડ નહિ, હું તને મારી ગાડીમાં લઈ જઈશ. આપણે હમણાં એમને આંબી જઈશું.'' અજય બોલ્યો અને એને રેંકડીમાં બેસવામાં મદદ કરી.

''તમે લોકો અહીં નવા આવ્યા છો ને?'' અજયે રેંકડી હંકારતાં પૂછ્યું. ''તારું નામ શું?''

''વનલતા, અમે વડોદરાથી થોડા દિવસ પહેલાં જ અહીં આવ્યાં.'' થોડી જ વારમાં અજયે તેને તેના મિત્રો વચ્ચે પહોંચાડી દીધી.

''પાછા વળતાં હું તને લઈ જઈશ, હોં!'' અજયે છોકરીને કહ્યું અને તે ઝડપથી ડાબી બાજુના મેદાન



તરફ ચાલ્યો ગયો. ત્યાં સુનીલ અને બીજા છોકરા નાનાં નાનાં બૅટથી ક્રિકેટ રમતા હતા.

''હેઈ સુનીલ, પાછા જતાં તારાં બૅટ મારી રેંકડીમાં મૂકવા છે?'' તેણે પૂછ્યું.

''હા હા, પણ હજી થોડી વાર છે, હોં!'' સુનીલે કહ્યું.

''ભલે ભલે, મારે હજી બીજાં કામ કરવાનાં છે.''

અજય સરોજમાસીના ઘર પાસે પહોંચ્યો, ત્યારે હજી તે ક્યારામાં શાક વીણતા હતાં. પહેલાં કરતાંય તે વધારે થાકેલાં લાગતાં હતાં.

''લાવો માસી, રેંકડીમાં તમારી ટોપલી મૂકી સામે ઠાલવી આવું,'' અજયે કહ્યું.

''જીવતો રહે દીકરા, હવે તો કેડ એટલી દુખતી'તી કે મારાથી ઊભા જ થવાતું નો'તું. '' માસીએ બેઠાં બેઠાં જ ટોપલી લંબાવી.

ટોપલી લઈ જતાં અજય વિચાર કરતો હતો : કાલે નિશીથ અને તારિકા આવશે અને એમને છુક છુક ગાડી રમવું હશે તો રમીશું. ટૉમી અને તારિકા બેય ગાડીમાં બેસી શકશે.

સાંજે બાપુ ઘરે આવ્યા કે અજય દોડતો એમની પાસે જઈને બોલ્યો, ''લાવો બાપુ, તમારો પૉર્ટફોલિયો રેંકડીમાં લઈ જાઉં.''

''વાહ બહુ સરસ'', બાપુએ એમનો ચામડાનો પૉર્ટફોલિયો રેંકડીમાં મૂક્યો. ''અરે આ શું?'' તે બોલ્યા, ''આ રૂડી રૂપાળી નવી રેંકડીને આંકાએ પડી ગયા?''

અજય બાપુ સામે જોઈને હસ્યો. ''પણ બાપુ, એ તો સારા આંકા છે.

સર્જક પરિચય **શ્રીમતી કુન્દનિકા કાપડિયા**

૧૧ જાન્યુઆરી, ૧૯૨૭માં જન્મેલા કુન્દનિકા કાપડિયાએ બી.એ. થયા બાદ સંપાદક તરીકે કામગીરી બજાવી હતી. ગુજરાતી સાહિત્યમાં અગ્રગણ્ય લેખિકા તરીકે કુન્દનિકા કાપડિયા મહત્ત્વનું સ્થાન ધરાવે છે. સરળ અને રસિક શૈલીમાં લખાયેલી એમની વાર્તાઓ હૃદયસ્પર્શી હોય છે. તેમણે વાર્તા સિવાય નવલકથા, નિબંધ, અનુવાદ જેવાં જુદાં જુદાં ક્ષેત્રોમાં તેમની કલમ ચલાવી છે. 'સાત પગલાં આકાશમાં', 'જવા દઈશું તમને' તેમની જાણીતી કૃતિઓ છે. તેમને સાહિત્ય અકાદમી-દિલ્હીનો પુરસ્કારપણ પ્રાપ્ત થયો છે.

## ચાલો, કૃતિ કરીએ

### ❖ વિચારીએ, ચર્ચા કરીએ કહીએ.



(૧) ખરો આનંદ શેમાં મળે છે?

(૨) જો તમે અજયના મિત્ર હોત તો શું કરત?

(૩) તમે ક્યારેય તમારી વસ્તુ કોઈ સાથે વહેંચી છે? તે અનુભવ વર્ણવો.

(૪) તમારી સાથે કોઈ પોતાની વસ્તુ ન વહેંચે ત્યારે તમને થતી લાગણી વર્ણવો.

(૫) જો અજયનું વર્તન ન બદલાયું હોત તો શું થાત?

(૬) આ કૃતિમાંથી તમને કયું પાત્ર ગમ્યું? શા માટે?

## કૃતિના આધારે



### ❖ યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(૧) અજયને રેંકડી ક્યારે મળી?

(અ) જન્મદિવસે (બ) રજામાં (ક) દિવાળીમાં

(૨) રેંકડીનો રંગ કયો હતો.

(અ) કથ્થઈ (બ) લાલ (ક) પીળો

(૩) ટોમીને રેંકડી પર બેસાડવાનું સૂચન કોણે કર્યું?

(અ) સુનીલ (બ) વનલતા (ક) સારીકા

(૪) વનલતાને શું તકલીફ હતી?

(અ) પગ મચકોડાઈ ગયો હતો (બ) પડી જવાથી વાગ્યું હતું (ક) પગે પોલિયો હતો

(૫) સુનીલને અજયની રેંકડીમાં શું મૂકવું હતું?

(અ) બૅટ (બ) ફૂટબૉલ (ક) લખોટી

❖ **નીચેના વિધાનોના વક્તા અને શ્રોતાને ઓળખો.**

| વિધાન | વક્તા | શ્રોતા |
|---|---|---|
| (૧) જીવતો રહે દીકરા. | | |
| (૨) તારું નામ શું? | | |
| (૩) હું બહુ ધ્યાન રાખીશ. | | |
| (૪) અમસ્તાયે આંકા પડવાના જ છે. | | |

❖ **આકૃતિબંધ પૂર્ણ કરો.**




**કૃતિનું મંથન**

(૧) અજય શા માટે રેંકડીમાં કોઈને બેસવા દેતો ન હતો?

(૨) અંતે અજયનો વિચાર શાથી બદલાયો?

(૩) તમારા મતે અજયનું શરૂઆતનું વર્તન યોગ્ય હતું? શા માટે?

(૪) તમને ભેટ મળે ત્યારે તમે શું કરો છો?

(૫) ઘાસ પર બેઠેલી છોકરી શા માટે રડતી હતી? તેને જોઈને અજયે શું કર્યું?

(૬) સરોજમાસીએ અજયને શું કહ્યું? શા માટે?

(૭) રેંકડીમાં પડેલા આંકાને અજય સારા આંકા શા માટે ગણે છે?

**વિધાન પર ચર્ચા કરો.**

**‘વહેંચવાથી આનંદ વધે છે.’**

**‘કેટલાક આંકા તો સારાં કહેવાય.’**

## ભાષિક સમજ

### ❖ નીચેનાં વાક્યોમાં નામ ઓળખી પ્રકાર લખો.

(૧) અજય રેંકડી લાવ્યો.
(૨) બાળકો સાઇકલ ચલાવે છે.
(૩) સુનીલ મેદાનમાં રમે છે.
(૪) છોકરાઓ ક્રિકેટ રમે છે.

### ❖ નીચેના વાક્યોમાં સર્વનામ ઓળખી પ્રકાર લખો.

(૧) પેલાં બધાં આગળ જતા રહ્યાં
(૨) આ રમકડું નવું છે.
(૩) અમે મેદાનમાં રમીએ છીએ.
(૪) તેઓ બહુ ખુશ છે.

### ❖ ક્રિયાપદ ઓળખી પ્રકાર લખો.

(૧) સરોજમાસી શાકભાજી વીણતાં હતાં.
(૨) તેણે સુંદર ગીત ગાયું.
(૩) વનલતા રડતી હતી.
(૪) તે દોડે છે.

### ❖ શબ્દકોશમાંથી નીચેના શબ્દોના અર્થ શોધીને લખો.

| | | | |
|---|---|---|---|
| (૧) દિલગીર – | (૩) રેંકડી – | (૫) હાક – | (૭) ફક્કડ – |
| (૨) ઠેલણગાડી – | (૪) કેડ – | (૬) વાડ – | (૮) કરચલી – |

### ❖ વિશેષણ ઓળખી પ્રકાર લખો.

(૧) છોકરાઓ નાનાં બેટથી રમતા હતા.
(૨) એક છોકરી રડતી હતી.
(૩) ગલીને નાકે નાનું ઘર હતું
(૪) નવીનકોર ગાડીને આંકા પડી જાય.

### ❖ બહુને બદલે ઘણો/ઘણું/ઘણીમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી વાક્ય ફરીથી લખો.

દા.ત. બંનેએ બહુ આગ્રહ કર્યો. ઉત્તર : બંનેએ ઘણો આગ્રહ કર્યો.

(૧) આજે બહુ વરસાદ પડ્યો.
(૨) આ કામ બહુ સરળ છે.
(૩) અહીં બહુ બધી ગુફાઓ છે.
(૪) મેં બહુ દાખલા ગણ્યા.
(૫) કિરણે બહુ પ્રયત્ન કર્યો.
(૬) અમે બહુ વાતો કરી.

### ❖ વધુ ત્રણ નામો ઉમેરો

(૧) વ્યક્તિવાચક નામ : હિમાલય, દાદર ..............., ..............., ......................
(૨) જાતિવાચક નામ : પુસ્તક, શહેર ..............., ..............., ......................
(૩) સમૂહવાચક નામ : ઝુમખો, સંઘ ..............., ..............., ......................
(૪) દ્રવ્યવાચક નામ : સોનું, ચોખા ..............., ..............., ......................
(૫) ભાવવાચક નામ : મદદ, સેવા ..............., ..............., ......................

❖ **યોગ્ય વિરામચિહ્‌ન મૂકો.**

(૧) અરે આ શું તે બોલ્યા
(૨) હા હા પણ હજી થોડી વાર છે હોં સુનીલે કહ્યું
(૩) અજયે રેંકડી હંકારતાં પૂછ્યું તારું નામ શું
(૪) હેઈ અજય ચાલ છુક છુક ગાડી રમીએ નિશીથે સૂચવ્યું

## વિશેષ કૃતિ

❖ **'પાકું'નાં દરેક રૂપનો અર્થ કૌંસમાંના શબ્દનો ઉપયોગ કરીને લખો :**

દા.ત. પાકો રસ્તો (ડામર)     જવાબ : ડામરનો રસ્તો

(પૂર્ણ, સાચું, કાયદેસર, તૈયાર, પરિપક્વ, કાયમી, પહોંચેલો, ચોખ્ખો, દૃઢ, ઘણો)

(૧) પાકું ફળ – ..........................   (૬) પાકો કંજૂસ – ..........................
(૨) પાકો છોકરો – ..........................   (૭) પાકું સીધું – ..........................
(૩) પાકો ભરોસો – ..........................   (૮) પાકું જ્ઞાન – ..........................
(૪) પાકો રંગ – ..........................   (૯) પાકું લખાણ – ..........................
(૫) પાકું પાન – ..........................   (૧૦) પાકો હિસાબ – ..........................

❖ **આડાઅવળા અક્ષરો યોગ્ય ક્રમમાં ગોઠવી અર્થપૂર્ણ શબ્દ બનાવો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) પુ લ કા અ રી | | | | | |
| (૨) સ પ યો ગ દુ | | | | | |
| (૩) નો ન જ મ રં | | | | | |
| (૪) તા વ વા ણ ર | | | | | |
| (૫) ડાં ર ઘ ર ઘ | | | | | |

રંગીન ચોરસમાં આવતા અક્ષરો વડે બનતી કહેવતનો અર્થ સમજીને વાક્યમાં ઉપયોગ કરો.

❖ **તમે જાતે સરળ શબ્દકોયડા, શબ્દરમત તૈયાર કરો.**

## સંભાષણ

**આ પાઠમાંથી મળતો સંદેશ તમારા શબ્દોમાં વર્ગમાં રજૂ કરો.**

## મારી કલમે

**(૧) 'મને મળેલી અમૂલ્ય ભેટ' વિષય પર નિબંધ લખો.**
**(૨) તમારા જન્મદિને તમારા કાકાએ તમને સુંદર વાર્તાનું પુસ્તક ભેટ આપ્યું છે. તેમનો આભાર માનતો પત્ર લખો.**
**(૩) તમને મળેલી ભેટ વિશે તમારા અને તમારા મિત્ર વચ્ચે થતો સંવાદ લખો.**



વિદ્યાર્થીઓને વિવિધ રમતો દ્વારા સમાનાર્થી કહેવતો તથા વિરોધી અર્થ ધરાવતી કહેવતો વિશે માહિતી આપવી.

## ચાલો, વાંચીએ

### ડોસાએ ગામ બચાવ્યું

જાપાન દેશની આ વાત છે.

દરિયા કિનારે એક નાનો ડુંગર હતો. ડુંગર પર ખેડૂતોનું એક ગામ હતું. દરિયાની બીજી બાજુ તળેટીમાં એમનાં ખેતર હતાં. સવારે વહેલા ઊઠી લોકો ડુંગર ઊતરી ખેતરનાં કામે મંડી જતા. ને સાંજ પડ્યે પાછા ઘેર આવતા. નાનાંમોટા સૌ કામ પર જાય. માંદું હોય તે જ ઘેર રહે.

એક દિવસ બધાં કામે ગયા હતાં. એક ડોસાને બે-ત્રણ દિવસથી તાવ આવતો હતો. એક દહાડો તો એ તાવ સાથે પણ કામે ગયો. પણ બીજે દિવસે તાવ બહુ વધી ગયો. બધાં એને સમજાવવા મંડ્યાં કે તાવમાં કામ કરવું સારું નહીં. પણ ડોસાને તો કામ વિના ચેન પડે નહીં. એ કદી માંદો પડતો નહીં. માંદા પડવાની એને શરમ આવતી હતી. નછૂટકે એને ઘેર રહેવું પડ્યું.

ડોસો ખાટલામાં પડ્યો હતો. ત્યાં એની નજર એકાએક દરિયા ઉપર પડી. જુએ છે તો એક મોટું મોજું કિનારા તરફ ધસી આવે છે. આ જાતનાં મોજાંનો ડોસાને અનુભવ હતો. દરિયો ગાંડો બનવાની શરૂઆત આ રીતે થતી. અડધા-પોણા કલાકમાં તો આવાં અનેક મોજાં કિનારા પર ધસી આવે. ગાઉના ગાઉ સુધી કિનારા પરનાં ખેતરો, પશુઓ તેમ જ માણસોને ડુબાડી દે.

એટલે લોકો ડુંગર પર ગામ બાંધીને રહેતા. પણ ખેતી તો નીચે તળેટીમાં જ કરવી પડે ને! દરિયામાં આવા તોફાન આવે ત્યારે ડુંગરની બીજી બાજુના ખેતરોમાં કામ કરતા લોકો ઘણી વખત ડૂબી જતા.

આથી આવું મોજું જોતાં ડોસો ધ્રુજી ઊઠ્યો. એનામાં જોર ન હતું. નીચે દોડી જઈ લોકોને ખબર આપવા જેટલો વખત ન હતો. બૂમ પાડે તો સંભળાય તેમ ન હતું. હવે શું થાય? અડધા કલાકમાં તો મોજાં ડુંગરને



ઘેરી વળશે! ગામનાં બધાં તણાઈ જશે! એ સૌને કેવી રીતે બચાવવાં?

વિચાર કરવા જેટલો પણ વખત ન હતો. ડોસાએ ઘરમાંથી ઘાસતેલનો ડબો ખેંચી કાઢ્યો. પોતાના ઘર પર ઘાસતેલ છાંટી એણે દીવાસળી ચાંપી. જોતજોતામાં ઘર સળગી ઊઠ્યું. પવન જોરથી વાતો હતો, એટલે આગના ભડકા ચારે બાજુએ ફેલાવા માંડ્યા.

તળેટીમાં બૂમાબૂમ થઈ ગઈ. ''આગ! આગ!'' એવા પડઘા ડુંગરની ખીણમાં ગાજી ઊઠ્યા. સૌ. પોતપોતાનાં કામ પડતાં મૂકી, મૂઠી વાળી આગ બુઝાવવા દોડ્યાં. બધા લોકો ડુંગર પર પહોંચ્યા ન પહોંચ્યા ત્યા તો ઘુઘવાટા કરતું એક જબરદસ્ત મોજું ડુંગર નીચે અફળાયું. તળેટીનાં બધાં ખેતર ડૂબી ગયાં. ડોસાનું ઘર તો બળીને ખાખ થઈ ગયું, પણ ગામ આખું બચી ગયું. ડોસાના આનંદનો પાર ન રહ્યો!

– ઝીણાભાઈ દેસાઈ

★ પ્રસ્તુત કૃતિનો સારાંશ તમારા શબ્દમાં લખો.

## મને ઓળખો

એક લાકડીની સાંભળો કહાણી,
તેમાં ભરેલું છે મીઠું પાણી.

* * *

એવું શું છે જેને લોકો ખાવા માટે ખરીદે છે,
પણ ક્યારેક ખાતા નથી?

* * *

એવું શું છે જે પાણીમાં
પડે તો પણ ભીનો ન થાય?

* * *

એવું શું છે જે વગર પગે ભાગે છે
અને ક્યારેય પાછો નથી આવતો?

* * *

એવી કઈ વસ્તુ છે જે તમે
કંઈ પણ બોલો તો તૂટી જાય?

* * *

ચાર પાયા ઉપર આડી છત
કરો તેના ઉપર બસ લખ લખ.

બે માથાં અને બે પગ,
જાણે એને આખું જગ,
જે કોઈ આવે એની વચમાં,
કપાઈ જાય એની કચકચમાં

* * *

નાનું મોટું મળે ને
પાણીમાં એ તરે,
સૌ સવારી કરે,
કયું વાહન તેને કહે?

* * *

રાતા રાતા રતનજી,
પેટમાં રાખે પાણાં,
વળી ગામે ગામ થાય,
એને ખાય રંક ને રાણા.

* * *

(ઉત્તર : પડછાયો, કાતર, શેરડી, બોર, સમય, હોડી, થાળી, ટેબલ, મૌન)

પ્રિય બાળમિત્રો,

કોઈપણ દ્વારા કરાતા અયોગ્ય સ્પર્શથી જો તમે અસહજતા અનુભવો તો તમારે ચૂપ ન રહેવું જોઈએ. તમે...

૧. આમ થવામાં તમારો કોઈ દોષ નથી, તે યાદ રાખો

૨. તમારી કોઈ વિશ્વાસુ વ્યક્તિને આ બનાવ વિશે જાણ કરો.

૩. તમે પોક્સો ઈ-બૉક્સ મારફત રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગને પણ જાણ કરી શકો છો.

**અયોગ્ય, અસુરક્ષિત સ્પર્શના કારણે તમે મૂંઝવણ અનુભવતા હો, તો એ માટે તમારે દુઃખી થવાની જરૂર નથી. કારણ કે એમાં તમારો કોઈ દોષ જ નથી.**




આ બટન દબાવો.

POCSO e-box સંકેતસ્થળ ncpcr@gov.in પર ઉપલબ્ધ છે.

**તમારી વય ૧૮ વર્ષ કરતાં નાની છે અને તમે કોઈ મુશ્કેલીમાં છો, કોઈ તકલીફ-મૂંઝવણ-તાણ અનુભવો છો અથવા તમે આ પ્રકારનો ત્રાસ સહન કરતાં કોઈ બાળકને જાણો છો તો સંપર્ક કરો.**

CHILD LINE 1098 NIGHT & DAY

બાળ સહાયતા ક્રમાંક - 1098/૧૦૯૮ (દસ નવ આઠ) : ૨૪ કલાક કાર્યરત રાષ્ટ્રીય આપાત્કાલીન મફત દૂરધ્વનિ સેવા છે, જે મહિલા અને બાળવિકાસ મંત્રાલય દ્વારા સમર્થિત 'ચાઈલ્ડ લાઈન ઈન્ડિયા' દ્વારા ચલાવાતો ઉપક્રમ છે.

નવા સમાજ તરફ
Towards a new dawn

# राज्यगीत



जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा ।।धृ।।

भिती न आम्हा तुझी मुळी ही गडगडणाऱ्या नभा
अस्मानाच्या सुलतानीला जबाब देती जिभा
सह्याद्रीचा सिंह गर्जतो शिव शंभू राजा
दरी दरीतून नाद गुंजला महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा ।।१।।



काळ्या छातीवरी कोरली, अभिमानाची लेणी
पोलादी मनगटे खेळती, खेळ जीवघेणी
दारिद्र्याच्या उन्हात शिजला
निढळाच्या घामाने भिजला
देश गौरवासाठी झिजला
दिल्लीचे ही तख्त राखितो, महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा ।।२।।



મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

बालभारती इयत्ता सहावी (गुजराती माध्यम)

₹ 78.00